શ્રી ગિરનાર મંડન શ્રી નેમિનાથાય નમઃ
પ્રભુ ગુણાવલી–ચતુર્થ પુષ્પ

— શ્રી —

# શીવાદેવીનંદન ગુણાવલી

યાને

## શ્રી નેમનાથ ભગવંતના પ્રાચીન ૧૦૮ સ્તવનોનો સંગ્રહ :

卐

પ્રેરક.

પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ

卐

પ્રકાશક :

શ્રી જૈન આનંદ જ્ઞાનમંદિર

દેવબાગ જૈન ઉપાશ્રય મુ. જામનગર ૩૬૧ ૦૦૧

શ્રી ગિરનાર મંડન શ્રી નેમિનાથાય નમઃ

પ્રભુ ગુણાવલી-ચતુર્થ પુષ્પ

— શ્રી —

# શીવાદેવીનંદન ગુણાવલી

યાને

## શ્રી નેમનાથ ભગવંતના પ્રાચીન ૧૦૮ સ્તવનોનો સંગ્રહ :

卐

સંશોધક :


પરમ પૂજ્ય શાસનકંટકોદ્ધારક આચાર્યદેવ
શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના
પરમ વિનયી શિષ્યરત્ન પૂ. પ્ર. મુનિશ્રી
મુનીન્દ્રસાગરજી મ. તથા વ્યાકરણ વિશારદ
જ્યોતિર્વિદ પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મહારાજ


卐


પ્રકાશક :

શ્રી જૈન આનંદ જ્ઞાનમંદિર

દેવબાગ જૈન ઉપાશ્રય મુ. જામનગર ૩૬૧ ૦૦૧

પ્રાપ્તિસ્થાન
શ્રી દેવબાગ જૈન ઉપાશ્રય
મુ. જામનગર
૩૬૧૦૦૧ (ગુજરાત)

મુદ્રક :
પ્રવીણચંદ્ર બી. શેઠ
શ્રી વિશાલ પ્રિન્ટરી
સોનગઢ ૪૬૪૨૫૦

# આભાર

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી પ્રવીણશ્રીજી મ.ના શિષ્યા-પરમ વિનેયા પૂ. સાધ્વીજીશ્રી ભાવિતાશ્રીજી મહારાજે ઘણાં પુસ્તકોમાંથી સ્તવનો ઉતારી આપેલ છે જેનો આભાર માનીએ છીએ.

વીર સં. ૨૫૧૧ 卐 વિક્રમ સં. ૨૦૪૧

卐 આગમોદ્ધારક સં. ૩૫ 卐

પ્રથમાવૃત્તિ 卐 કોપી-૫૦૦

卐 [ કિં. રૂા. ૫=૦૦ ] 卐

## શ્રી જીવિત સ્વામી નેમનાથ પ્રભુભ્યો નમો નમઃ

# 卐 યત્કિંચિત્ 卐

શ્રી સૌરાષ્ટ્ર અંતર્ગત જ્યાં ગગનચુંબી ભવ્ય જીનાલયોથી શોભતું જામનગર જેમાં આવતી ચોવીશીમાં કૃષ્ણ મહારાજનો જીવ બારમા તીર્થંકર અમમ સ્વામી નામના થશે. લગભગ ૮૬૦૦૦ વર્ષ પૂર્વે કૃષ્ણ મહારાજના ભાઈ બલદેવજીએ પોતાને પૂજા કરવા માટે જીવિત સ્વામી નેમનાથ પ્રભુની પ્રતિમા ભરાવેલ. જ્યારે દ્વારિકાનો દાહ થયો ત્યારે સુંદર મંજુષામાં પ્રતિમા પેક કરી સમુદ્રમાં પધરાવેલ તે પ્રતિમાની પૂજા સુસ્થિત દેવ પોતાના આવાસમાં લઈ જઈ કરતા હતા. કાળાંતરે દરિયામાં વહાણ લઈ આવતાં વહોરા કુટુંબને આ પ્રભુની પેટી તરતી મળી અને નયન મનોહર દેવળ બનાવી તેમાં પ્રભુ પ્રતિમા પધરાવી. જેનો પ્રભાવ આજે પણ ઘણો જ છે. અને શ્રાવણ સુદ ૫ નો જન્મ-દિવસ આજે અહીં ઉજવાય છે. તેવો ભાગ્યે જ બીજે ઉજવાતો હશે.

**શ્રી નેમનાથ મહારાજ પંચકલ્યાણ પૂજામાંથી**
**મુખ્ય વસ્તુ ઉદ્ધૃત : વિક્રમ સંવત ૧૯૯૭**
**આસો વદ-૧૦**

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદ-સાગરજી સૂરીશ્વરજી મહારાજ સાહેબના અંતેવાસી શિષ્ય

રત્ન મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. સા. તથા પૂજ્યશ્રીના બાલ શિષ્ય મુનિ મહારાજ શ્રી અરૂણોદય સાગરજી મ. સા. દેવબાગ સંઘની વિનંતિને માન આપી વિક્રમ સંવત ૨૦૩૩ ના ચૈત્ર સુદ ૩ ને મંગળવારના મંગળ પ્રભાતે પધાર્યા ત્યારથી અત્રે અનેક કાર્યો થયાં છે. જેમાં જૈન આનંદ જ્ઞાન મંદિરમાં એલ્યુમિનિયમના પતરા ઉપર પૂજ્યશ્રીના જીવન પ્રસંગો, ચાતુર્માસની યાદી, આરાધના માર્ગ, સાગર સમાધાનો, વચનામૃતો, પૂજ્યશ્રીએ સંપાદીત કરેલા ૧૭૪ આગમો આદિ ગ્રંથો, ચરિત્રો તેમજ ૧૭૪ માંથી ૭૮ માં પ્રસ્તાવના લખી છે.

૨૨૧ સ્વરચિત સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોની યાદી, સુરત આગમ મંદિર ચતુર્વિંશતિકા તથા શ્રી પાલીતાણા જૈન આગમ મંદિર પ્રશસ્તિ, શૈલાણા નરેશ પ્રતિબોધક, સુરત અ ગમ મંદિર, પાલીતાણા આગમ મંદિર, મહાગોપ મહામાહણ, મહા નિર્યામક, અને મહા સાર્થવાહ આગમ પુરુષ, ૧૫ દિવસ મૌનપણે બેસી નિર્વાણ પામનાર ધ્યાનસ્થ પૂ. ગુરૂદેવનું શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામીએ આપેલી વાચનાનું, શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે કરેલ પુસ્તકારોહણ તથા આગમોદ્ધારકશ્રીએ આપેલ વાચના, સુરત ગુરૂમંદિર, સુરત શ્રી જૈન આનંદ પુસ્તકાલય, શ્રી આનંદસાગરસૂરીશ્વરજી વંશવૃક્ષ આદિ અનેક ભવ્ય દ્રશ્યો તેમજ સુરત અને પાલીતાણાની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવની પત્રિકાઓ આદિ લખાણોથી ભરપુર

એવું જૈન આનંદ જ્ઞાન મંદિર દીપી રહ્યું છે. અને પુસ્તકોનો લાભ પૂજ્ય સાધુ ભગવંતો તથા સાધ્વીજી મહારાજો લે છે. તેમજ દેવબાગ ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન હોલમાં શ્રી શ્રીપાળ મહારાજાના જીવનપ્રસંગોના આબેહુબ ચિત્રો તથા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ચ્યવન કલ્યાણકથી નિર્વાણ કલ્યાણક સુધીના અનેક દ્રશ્યોથી ભરપુર વ્યાખ્યાન હોલ શોભી રહેલ છે.

હવે અમને જણાવતાં ઘણોજ આનંદ થાય છે કે લગભગ બે વર્ષમાં શ્રી જૈન આનંદ જ્ઞાન મંદિર તરફથી શ્રી જ્ઞાનનંદન ગુણાવલી જેમાં પ્રભુ મહાવીર સ્વામીના ૧૦૧ પ્રાચીન સ્તવનો, તથા શ્રી વામા નંદન ગુણાવલી જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૨૧ પ્રાચીન સ્તવનો, તથા શ્રી નાભિનંદન ગુણાવલી જેમાં શ્રી આદિનાથ ૧૧૧ પ્રાચીન સ્તવનો આ પ્રમાણે ત્રણ પુસ્તકો બહાર પડયા છે. અને આ ચોથું પુસ્તક આપના હાથમાં આવશે તેમાં શીવાનંદન ગુણાવલી જેમાં શ્રી નેમનાથ પ્રભુના ૧૦૮ પ્રાચીન સ્તવનો છપાયેલા છે. આ બધાનું મુખ્ય કારણ તો સંશોધક પૂ. શાસનકંટકોદ્ધારક આચાર્ય દેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦ સા. ના પરમવિનયી શિષ્યરત્ન પ્રવર્તક મુનિરાજશ્રી મુનીન્દ્રસાગરજી મ૦ સા. તથા પૂ. પંન્યાસ શ્રી નરેન્દ્રસાગરજી મ૦ સા. કરેલ છે. તેથી તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો જ છે.

લી. પ્રકાશક

# દ્રવ્ય સહાયકોની નામાવલી

૫૦૧) શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના જ્ઞાનખાતેથી
મુ. શેગાંવ

૧૦૧) પૂ. મુનિશ્રી સુધર્મસાગરજી મ૦ના શિષ્ય પૂ. મુનિશ્રી દીપરત્નસાગરજી મ૦ની પ્રેરણાથી ઘાટકોપર.

૧૦૧) પૂ. વિદુષી સાધ્વીજી શ્રી રેવતીશ્રીજી મ૦ના ઉપદેશથી અમદાવાદ શાહપુર રેવાદાસની પોળના શ્રાવિકા બ્હેનોના ઉપાશ્રય તરફથી.

૧૦૧) પૂ. વિદુષી સાધ્વીજી શ્રી મૃગેન્દ્રશ્રીજી મ૦ના ઉપદેશથી ગોપીપુરા શેઠશ્રી મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી.

૧૦૧) પૂ. વિદુષી સાધ્વીજી શ્રી પ્રવીણશ્રીજી મ૦ના સુશિષ્યા પૂ. સા. શ્રી સવિતાશ્રીજી મ૦ના ઉપદેશથી અમદાવાદ,નવરંગપુરા–મીલ પાર્કની બ્હેનો તરફથી.

૧૦૧) પૂ. વિદુષી સાધ્વીજી શ્રી નિરંજનાશ્રીજી મ૦ના ઉપદેશથી શીહોર નિવાસી શા. રસિકલાલ રતિલાલ ના સુપત્ની શ્રી ગુણવંતીબ્હેન તરફથી.

૧૦૧) પૂ. વિદુષી સાધ્વીજી શ્રી જીતેન્દ્રશ્રીજી મ૦ના ઉપદેશથી અમદાવાદ શ્રાવિકા બ્હેનો તરફથી.

૨૦૧) પ. પૂ. આગમોદ્ધારકસૂરીશ્વરજી મ૦ શ્રીના શિષ્યરત્ન પૂ. ગચ્છાધિપતિ સ્વ. આચાર્યશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ૦ની ચોથી પુણ્યતિથિ નિમિત્તે સ્વ. પૂ. સા. શ્રી હેમશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા. શ્રી

લાવણ્યશ્રીજી મ૦ના તથા પૂ. વિદુષી સા. શ્રી મૃગેન્દ્રશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા. શ્રી વિપુલ-યશાશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા. શ્રી વ્રતધરાશ્રીજી મ૦–પૂ. સા. શ્રી ધર્મશીલાશ્રીજી મ૦—પૂ. સા. શ્રી રમ્યશીલાશ્રીજી મ૦ પૂ. સા. શ્રી ભવ્યશીલા-શ્રીજી મ૦ પૂ. સા. શ્રી અભિજ્ઞાશ્રીજી મ૦ તથા પૂ. સા. શ્રી આર્યવ્રતાશ્રીજી મ૦ના ઉપદેશથી જામનગર

૧૦૧) પૂ. વિદુષી સાધ્વીજીશ્રી સુનંદાશ્રીજીમ૦ના સુશિષ્યા પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી ( એમ. એ. )ના ઉપદેશથી

૧૦૧) શા. પોપટલાલ વિકળશીભાઈ તરફથી શ્રી જીવા-ભાઇના શ્રેયાર્થે હ. મયાકુંવરબેન જામનગર

૫૦૦) પૂ. વિદુષી સા. શ્રી વિનયધર્માશ્રીજી મ૦ એ કરેલ વર્ધમાન તપની ૭૯મી ઓળી નિમિત્તે તેમના પ્રશિષ્યા પૂ. સા. શ્રી દમિતધર્માશ્રીજી મ૦ના ઉપદેશથી બેંગલોર ચિકપેટની શ્રાવિકા બ્હેનો તરફથી

૧૨૫) પૂ. વિદુષી સા. શ્રી વિનયધર્માશ્રીજી મ૦ની ૭૯મી ઓળીની તપસ્યા નિમિત્તે શ્રી શાંતાબેન દીપચંદ બેંગલોરવાળા તરફથી

૧૨૫) પૂ. વિદુષી સા. શ્રી વિનયધર્માશ્રીજી મ૦ના ઉપ-દેશથી શ્રી ઈન્દિરાબ્હેનની તેર કાઠીયાની તપસ્યા નિમિત્તે બેંગલોર નિવાસી શ્રી કમલેશકુમાર વન-રાજજી તરફથી

---

## શ્રી નેમનાથપ્રભુજીના ૧૦૮ સ્તવનોની
# અનુક્રમણિકા


| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | તુજ દરિસણ દીઠું અમૃત મીઠું, લાગેરે જાદવજી | ૧ |
| ૨ | રાજ કરી જુએ આજ કે વાજાં વાજીયા હો લાલ કે | ૨ |
| ૩ | સહિયાં મોરી સાહિઓ નેમ મનાવો જો. | ૩ |
| ૪ | તોરણથી રથ ફરી ચાલ્યા કંત રે, પ્રીતમજી | ૪ |
| ૫ | નેમિ જિનેશ્વર વાલહો રે, રાજુલ કહે ઈમ વાણ રે | ૫ |
| ૬ | નેમિનિરંજન નાથ હમારો, અંજનવર્ણ શરીર | ૬ |
| ૭ | નેમિ જિણેસર સાહિબા, સુણ સ્વામિજી કરૂ વિનંતિ | ૭ |
| ૮ | હું કરગરી કહું છું (૨) પ્રભુજી પાછા વળોને | ૭ |
| ૯ | ગઢ ગિરનાર જઈ રહ્યો રે, યાદવ નેમિકુમાર | ૯ |
| ૧૦ | રહો રે રહો યાદવ દો ઘડીયાં દો ઘડીયાં દો ચાર ઘડીયાં | ૧૦ |
| ૧૧ | શામળીયા નેમજી, પાતળીયા નેમજી, સોભાગી નેમજી | ૧૦ |
| ૧૨ | તોરણથી રથ ફેરી ગયાં રે હાં, પશુઆં શિર દેઈ દોષ | ૧૧ |
| ૧૩ | શામળીયો ત્યાગી ને હું તો રાગી (૨) હાંરે એને. | ૧૩ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૪ | સાહેલીયોના મેળે મરૂં રે, રંગીલા નેમજી. | ૧૪ |
| ૧૫ | કાં રથવાળો હો રાજ, સાહમું નીહાળો હો રાજ | ૧૪ |
| ૧૬ | મહેર કરો મન મોહન, દુઃખ વારણજી | ૧૬ |
| ૧૭ | હાંરે મારે નેમિ જિનેસર, અલવેસર આધારજો | ૧૭ |
| ૧૮ | સખી આઈ રે નેમ જાન બની આઈ આઈ આઈ | ૧૯ |
| ૧૯ | રાજુલ કહે રથવાળો હો, નણદીરા વીરા હઠ તજો | ૨૧ |
| ૨૦ | અગર ચંદન ગરૂ ઓરડા, ફુલડે બિછાવું પ્રભુની શય્યા રે | ૨૨ |
| ૨૧ | જઈને રહેજો મારા વાલાજી રે, શ્રી ગિરનારને ગોખ રે | ૨૩ |
| ૨૨ | વ્હાલા રે મારા પ્હેલી, તે પ્રીત અમશું કીધી | ૨૫ |
| ૨૩ | શામળીયા લાલ તોરણથી, રથ ફેર્યો કારણ કોને | ૨૬ |
| ૨૪ | સાંભળ સ્વામી ચિત્ત સુખકારી, નવ ભવ કેરી હું તુજ નારી | ૨૭ |
| ૨૫ | નિરખ્યો નેમિજિણંદને અરિહંતાજી, રાજીમતી કર્યો ત્યાગ રે | ૨૯ |
| ૨૬ | નયના સલુણા હો વ્હાલા, સસનેહા પ્રભુ નેમ | ૩૦ |
| ૨૭ | સુણો સખી સજ્જન ના વિસરે, સુણો સખી | ૩૧ |
| ૨૮ | સકલ નગરમાં તિલક સમોવડ, શૌરીપુર નગર કહાવતા હૈ. | ૩૨ |
| ૨૯ | ભવિયણ વંદો ભાવશું, સાહિબ નેમિજિણંદ મોરા લાલ | ૩૩ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૦ | રહો રે! રહો! રથ ફેરવો રે, આવો આવો એણે આવાસ રે | ૩૪ |
| ૩૧ | તું પાછો ફરી મત જાય, શામળીયા તું પાછો ફરી મત જાય | ૩૬ |
| ૩૨ | તોરણ આઈ ક્યું ચલે રે, નયણ મિલાઈ સેણ મોહનીયા | ૩૬ |
| ૩૩ | ના કરીએ રે નેડો ના કરીએ, નિગુણાશું રે નેડો ના કરીએ | ૩૭ |
| ૩૪ | આઠ ભવની તુમે પ્રીત જ પાળીજી, નવમે ભવ સાથે લઇને રે | ૩૭ |
| ૩૫ | ગોપી ખેલે હોરી દેવર નેમ કે સંગ ગોપી ખેલે હોરી | ૩૮ |
| ૩૬ | સરસ્વતી સ્વામીને વિનવુંજી, ગણપત લાગું પાય હો નેમજી | ૩૯ |
| ૩૭ | સુણો સ્વામિ હમારા રે કે, નેમજી નવરંગીયા | ૪૦ |
| ૩૮ | શ્રી નેમિ, તુમને શું કરીએ, એ કહેવાનો નહિ વ્યવહાર | ૪૧ |
| ૩૯ | સખી શ્રાવણની છઠ ઉજળી, ભલી વીજળીનો ઝબકાર રે | ૪૨ |
| ૪૦ | હું વાટ જોઉં આવોને નેમ અલબેલા | ૪૪ |
| ૪૧ | પરમાતમ પૂરણકલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ; | ૪૪ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૨ | ગાવના-ગાવના-ગાવના જિનરાજકો પરમ યશ ગાવના, | ૪૫ |
| ૪૩ | હળવે હાંકોને સ્વામી હાથીયો રે લોલ હું આવું૦ | ૪૭ |
| ૪૪ | સ્વામીનો મને વિરહો તે ઘણું દુઃખ દે છે હાં રે | ૪૮ |
| ૪૫ | સાહેલી નેમ લાવોને મનાવી, પ્રાણ વલ્લભ૦ | ૪૯ |
| ૪૬ | સમુદ્રવિજય શિવાદેવી, નંદન નેમિકુમાર | ૫૦ |
| ૪૭ | શૌરીપુર સોહામણું રે લોલ, સમુદ્રવિજય નૃપ નંદ રે૦ | ૫૨ |
| ૪૮ | નેમજી ચાલો તો તમને આખડીજી૦ | ૫૪ |
| ૪૯ | શિવાનંદનકુ ખેલાવે હરિ ગોરી, હાંરે હરિ ગોરી૦ | ૫૫ |
| ૫૦ | મત જાઓ-મત જાઓ-મત જાઓ રાજ નણુદીરા વીરા | ૫૭ |
| ૫૧ | નેમિ જિણંદ નિરંજણો, જઈ મોહે થળે જળ કેળ રે, | ૫૮ |
| ૫૨ | સહસાવન જઈ વસીએ, ચાલોને સખી સહસાવન જઈ; | ૬૦ |
| ૫૩ | દરશન દીઠે દિલડાં ઠરીયાં, વાલ્હમ વળતાં વલિ ઉલ્હસિયાં | ૬૧ |
| ૫૪ | સહસાવનમાં એક દિન સ્વામી, નેમિ સમોસર્યા | ૬૩ |
| ૫૫ | સૌરીપુર નગર સોહામણું રે, જગજીવનના રે નેમ | ૬૪ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૬ | સ્વામી વિના દુઃખ પામશો રે, એકલડાં અગાધ | ૬૫ |
| ૫૭ | પીયુજી આવી પાછા વળ્યા રે, ફરી તોરણુ તેજ પ્રકાશ રે, | ૬૭ |
| ૫૮ | નીરૂપમ નેમજી રે, વાલમ મૂકી ક્યાં જાઓ; | ૬૮ |
| ૫૯ | રાજુલ ઉભી માળીએ રે, જંપે જોડી હાથ; | ૬૯ |
| ૬૦ | આ જોને બેની જાદવપતિ આવે ઠાઠમાં; | ૭૧ |
| ૬૧ | નેમિ જિનેશ્વર નાયક માહરો રે, ક્ષાયિક સમકિત દેહ | ૭૨ |
| ૬૨ | નેમજી તોરણુથી રથ વાળી કે, પ્રભુ પાછા વળ્યા રે લોલ | ૭૩ |
| ૬૩ | સમુદ્રવિજયકુલ ચંદલો રે, શિવાદેવીનો નંદ (૨); | ૭૪ |
| ૬૪ | નેમજી સહસાવને અમને મલીને સીધાવો | ૭૫ |
| ૬૫ | આયો વસંત હસંત સાહેલી, રાય મધુ હોય માસ લલના. | ૭૬ |
| ૬૬ | નેમ પ્રભુજીએ રથ પાછો વાળી રે, કલ્પાંત થયો છે; | ૭૮ |
| ૬૭ | ચંપકવર્ણી ચુંદડી હો સાહિબા, જઈ રહ્યા ગઢ ગિરનાર રે | ૮૦ |
| ૬૮ | આવ્યા ઉનાળાના દહાડા કે, રાજુલ વીંજણીયો શું ન લાવી? | ૮૨ |

ક્રમાંક સ્તવન પૃષ્ઠ

૬૯ સરસ્વતી સ્વામિની વિનવું રે,
જિનપદ લાગું છું પાય હો. ૮૫

૭૦ સખી તોરણ આવી કંત પાછા વળીયાં રે; ૮૭

૭૧ નયનાનંદ નેમિજિનેશ્વરૂ,
માતા શિવાદેવી નંદ સોભાગી ૮૮

૭૨ નેમિ પ્રભુ આવ્યા રે–સહસાવન કે મેદાન, ૯૧

૭૩ અષ્ટ ભવાંતર વાલહો રે,
તું મુજ આતમરામ મનશાવાલા; ૯૪

૭૪ સખી તોરણ આઈ કંથ ગયા નિજ મંદિરે. ૯૬

૭૫ સરસ્વતી સ્વામીને વિનવું રે,
સદ્‌ગુરૂ લાગું છું પાય રે. ૧૦૦

૭૬ સ્વસ્તિ શ્રી રૈવત ગિરિવરા,
વ્હાલા નેમજી જીવન પ્રાણ ૧૦૨

શ્રી નેમનાથજીનું પંચ ઢાળીયું ૧૦૪

૭૭ ઉગ્રસેન ઘર બેટી મન ભમરા રે,
નામે રાજુલ નાર ૧૦૭

૭૮ હરિણી કહે સુણો કંથ હમારા,
હમણા પ્રાણ હણશે તમારા ૧૦૯

૭૯ રાજીમતી તો પુંછે જાય,
નેમ વિના દુઃખ સબળો થાય ૧૧૦

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૦ | સરસ્વતી ચરણ નમી કરી રે,<br>શ્રી શંખેસર રાય રે વ્હાલો મારો; | ૧૧૨ |
| ૮૧ | સોળે શણગાર સજી રે સાહેલી,<br>ગોપી બત્રીશ હજાર વાલા. | ૧૧૪ |
| ૮૨ | કહે રૂખમણી હરિ ઠકુરાણી જો કે,<br>નેમની દીલની જાણી જો. | ૧૧૫ |
| ૮૩ | સત્યભામા ભાખે રે કે–માનીયે વાતલડી. | ૧૧૫ |
| ૮૪ | કહે જંબૂવતી અલબેલી જો કે,<br>સાચું કહીએ શામળીયા. | ૧૧૬ |
| ૮૫ | જીમ જીમ કહીએ એહને રે,<br>તિમ તિમ મુંગો થાય સાહેલી | ૧૧૭ |
| ૮૬ | ગંધારી કહે નારી વીના,<br>કુણ લાડ લડાવશે રે લોલ. | ૧૧૮ |
| ૮૭ | હરિ નારી બોલે કર જોડી,<br>એ તો ધીંગાણા મલી ટોળી રે. | ૧૧૯ |
| ૮૮ | લક્ષ્મણા કહે નેમજી,<br>મન મોહન ગારા; શું હઠ લઈ બેઠા રે, | ૧૨૦ |
| ૮૯ | સુસીમાની વાણી ભલી રે,<br>જાણે અમીય સમાન વહાલા; | ૧૨૦ |
| ૯૦ | જીરે સ્નાન કરે હરખે ધરી,<br>મલી સધવા કરે ગીતગાન. | ૧૨૧ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૯૧ | સખી કંત આવે કેણુ શેરીએ, હું તો જોઉં મારા કંતની વાટ.... | ૧૨૨ |
| ૯૨ | નિજ સારથી કહે કરજોડ, બોલે તે વારે રે. | ૧૨૩ |
| ૯૩ | હો પીયુજી રે! પ્રીતમજી પ્યારા રે, હજી એ ન આવીયો. | ૧૨૪ |
| ૯૪ | પાછા વળજો રે રસીયા, તુમે મારા હૃદય કમલમાં વસીયા. | ૧૨૫ |
| ૯૫ | નેમ પ્રભુજી હો કે, નિજ ઘર આવ્યા મારા વાલા | ૧૨૫ |
| ૯૬ | એક હજાર વરસ તણું એ, પાળી પૂરણ આય; | ૧૨૬ |
| ૯૭ | યૌવના પાહુના જાત, ન લાગત વાર....યૌવન | ૧૨૮ |
| ૯૮ | સુખકર સાહિબ શામળો, જીનજી મારો! નાહો સુરંગો નેમ હો. | ૧૨૮ |
| ૯૯ | નેમ નવલહલ અંતરજામી, શામલીયો સિરદાર રે; | ૧૨૯ |
| ૧૦૦ | શ્રી નેમિજિનવર કારણ વારણ ભવભય વાસના સાહેબજી | ૧૩૦ |
| ૧૦૧ | નેમિ નિરંજન સાહિબા રે, નિરૂપાધિક ગુણખાણી; | ૧૩૧ |
| ૧૦૨ | નેમિ જિણેસર નિજ કારજ કર્યો, છાંડયો સર્વ વિભાવોજી. | ૧૩૩ |
| ૧૦૩ | શિવાદેવી સુત સુંદરૂ વાહલો, નેમિજિણંદ રાજ; રાજુલ૦ | ૧૩૪ |

ક્રમાંક — સ્તવન — પૃષ્ઠ

૧૦૪ વિનતડી અવધારો હોજી,
પધારો વહાલા નેમજી. ૧૩૫

૧૦૫ નેમિનાથ જિન સેવો રે, સહુ એક ચિત્ત ધરી; ૧૩૬

૧૦૬ કાળી ને પીળી વાદળી રાજિંદ !
વરસે મહેલા શર બાગ, ૧૩૭

૧૦૭ સખી શ્રાવણુની છઠ, ઉજલી રે હોલ,
ભલી વિજળી તો૦, ૧૩૮

૧૦૮ નેમિજિણુંદ જુહારીએ,
ઉજ્જવલ ગઢ ગિરનારોજી. ૧૪૦

**શ્રી નેમિનાથજીની લાવણી.**

ચોક–પેલો–બીજો–ત્રીજો–ચોથો ૧૪૧ થી ૧૪૪

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ શ્રી આનંદસૂરીસાગરશ્વરેભ્યો નમઃ

શ્રી

# શીવાદેવીનંદન ગુણાવલી

## શ્રી નેમનાથ પ્રભુજીના ૧૦૮ સ્તવનો.

### (૧)

તુજ દરિસણુ દીઠું અમૃત મીઠું, લાગે રે, યાદવજી,
ખીણુ ખીણુ મુજ તુજશું, ધર્મ સનેહો, જાગે રે યાદવજી
તું દાતા ત્રાતા ભ્રાતા માતા તાત રે.......યાદવજી,
તુજ ગુણુના મોટા જગમાં છે અવદાતા રે........યાદવજી....૧.

કાચે રતી માંડે સુરમણિ, છાંડે કુણુ રે !....યાદવજી
લાઈ સાકર મૂકી, કુણુ વળી ચૂકી લુણુ રે !........યાદવજી
મુજ મન ન સુહાયે, તુજ વિણુ બીજો દેવ રે........યાદવજી
હું અહનિશ ચાહું તુજ પદ પંકજ સેવ રે........યાદવજી....૨.

સુર નંદન છે બાગ જ જિમ રહેવા સંગ રે........યાદવજી
જિમ પંકજ ભૃંગા શંકર ગંગા રંગ રે........યાદવજી
જિમ ચંદ ચકોરા મેહ મોરા પ્રીતિ રે........યાદવજી
તુજમાં હું ચાહું તુજ ગુણુને જોગે તે છતી રે........યાદવજી..૩.

મેં તુમને ધાર્યો વિસાર્યો નવિ જાય રે........યાદવજી
દિન રાતે ભાતે ધ્યાઉં તો સુખ થાય રે........યાદવજી
દીન કરૂણા આણો જો તુમ જાણો રાગ રે........યાદવજી
દાખો એક વેરા ભવજલ કેરા તાગ રે........યાદવજી....૪.

દુઃખ ટલીયો મીલીયો આપે મુજ જગનાથ રે........યાદવજી
સમતા રસ ભરીયો ગુણ ગણ દરિયો શિવ સાથ રે...યાદવજી
વાચક જસ બોલે નહિ તુજ તોલે કોઈ........યાદવજી
વૈરાગી રે સોભાગી............યાદવજી....૫.

(૨)

રાજ કરી જુએ આજ કે, યાદવ રાજીયા હો લાલ કે યાદવ;
નાથ નિવાજ અવાજના, વાજાં વાજીયા હો લાલ કે—વાજા.
જળ પરે જગ સુધ્યાન કે, રાજે રાજીયા હો લાલ કે—રાજે.
દીજે મુજ શિર હાથ કે, છત્ર જયું છાજીયા હો લાલ કે—છ...૧

તુમ સોભાગી સ્વામી, રાગી જન ઘણા હો લાલ કે—રાગી.
વલી સેવાનો જોગ ન, પામે તુમ તણા હો લાલ કે—પામે.
અવધારો અરદાસ, સદા કુણ કેહની હો લાલ કે—સદા.
ભાવ વિચિ દીયો સિદ્ધિ કે, નિશ્ચય નેહની હો લાલ કે—નિ...૨

સ્વારથીઆની વાત, ન કો મન સદ્દહે હો લાલ કે—ન કો.
પરમારથીયા લોક, તુમકો સહુ કહે હો લાલ કે—તુમે.
શિવ સારથીયા જીવ, જગત્રય ધારીયે હો લાલ કે—જગ.
સહુ સાથે તિમ નાથ, નેહી પણ તારીયે હો લાલ કે—નેહી.

તુમ પ્રસાદ જસવાદ, સવાદ સવેં મલે હો લાલ કે—સવાદ.
ન હુએ કોઈ અપવાદ, નિવાજ સરસ ભલે હો લાલ કે—નિ.
તુઠયો જાણી જિણુંદ કે, પૂઠો પડિવજ્યો હો લાલ કે.—પૂઠો.
અષ્ટ સિદ્ધિ લઈ હાથ કે, મહિમા વજવજ્યો હો લાલ કે—
મહિમા. ૪.

જુગતે આઠે જામ કે, નામ ન વિસરૂં હો લાલ કે—નામ.
ગુણે તુમહિ જાણી મન, મોટીમ હું ધરૂં હો લાલ કે—મોટી.
મયા કરો મહારાજ, નિવાજે ઇણિ પરે હો લાલ કે—નિ.
પિયુ પિયુ સાદે મેઘ, મહીતલ સરભરે હો લાલ કે—મ. ૫.

*

(૩)

સહિયાં મોરી સાહિબો નેમ મનાવો જો,
દિલડું ને દાઝેપીઉ વિણુ દીઠડે જો,
દિલ મેલીને કીધી દુશ્મન દાવો જો,
અબળાને બાળી રે યાદવ મીઠડે જો........૧.

કરતાં શું તો જાણી પ્રીતિ સોહિલી જો,
દોહિલી તે નિરવહતાં દીઠી નયણુડે જો,
શામળીયો સાંભરતાં હિયડે સાલે જો,
દુઃખડા તે કહેતાં ન આવે વયણુડે જો........૨.

રહેશે દુનિયા માંહે વાત વિદિતી જો,
વાલીડે કીધી છે એહવી રીતડી જો,
શું જાણ્યું વિસરશે કિણુ અવતાર જો,
તોડી જે યદુનાથે કીધી પ્રીતડી જો........૩.

જાત કોઇને છાનો વૈરી નેહ જો,
લાગીને દુઃખ દેતો કહીયે એહવો જો,
નેહતણાં દુઃખ જાણે તેહજ જાણી જો,
જે માંહિ વિચરે અવર ન તેહવો જો........૪.

નેમીસરને ધ્યાને રાજુલ નારી જો,
મેળો ને મનગમતો લહે શિવમંદિરે જો,
વિમલવિજય ઉવજ્ઝાય તણા શુભ શિષ્યે જો,
રામવિજય સુખ સંપત્તિ પામી શુભ પરે જો,........૫.

(૪)

તોરણથી રથ ફેરી ચાલ્યા કંત રે, પ્રીતમજી,
આઠ ભવની પ્રીતડી ત્રોડી તંત માહરા પ્રીતમજી;
નવમે ભવ પણ નેહ ન આણ્યો મુજ રે પ્રીતમજી,
તો શ્યે કારણ એટલે આવવું તુજ માહરા; ૧.

એક પોકાર સુણી તિર્યંચનો એમ રે પ્રીતમજી,
મૂકો અબલા રોતી પ્રભુજી કેમ માહરા પ્રીતમજી;
ષટ્ જીવના રખવાલમાં શિરદાર રે પ્રીતમજી,
તો કેમ વિલવતી સ્વામી મૂકો નાર માહરા. ૨.

શિવવધૂ કેરૂં એહવું કેહવું રૂપ રે, પ્રીતમજી; મુજ
મૂકીને ચિત્તમાં ધરી જિનભૂપ માહરા પ્રીતમજી;

જિનજી લિયે સહસાવનમાં વ્રત ભાર રે પ્રીતમજી;
ઘાતી કરમ ખપાવીને નિરધાર મહારા. ૩.

કેવલ ઋદ્ધિ અનંતી પ્રગટ કીધ રે પ્રીતમજી;
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ માહરા પ્રીતમજી;
જે પ્રભુજીએ કીધું કરવું તેહ રે પ્રીતમજી;
એમ કહી વ્રતધર થઈ પ્રભુ પાસે જેહ માહરા પ્રીતમજી.૪.

પ્રભુ પહેલાં નિજ શોકયનું જોવા રૂપ રે પ્રીતમજી;
કેવલજ્ઞાન લહી થઈ સિદ્ધ સ્વરૂપ માહરા પ્રીતમજી;
શિવવધુ વરીયા જિનવર ઉત્તમ નેમ રે પ્રીતમજી;
પદ્મ કહે રાખ્યો અવિચલ પ્રેમ માહરા. ૫.

(૫)

નેમિ જિનેશ્વર વાલહો રે રાજુલ કહે ઈમ વાણ રે
મનવસીયા;
એહજ મેં નિશ્ચય કીયો રે, સુખદાયક ગુણખાણ રે
શિવ રસીયા.......૧.

કૃપાવંત શિરોમણી રે, મેં સુણ્યો ભગવંત રે...મન.
હરિણ શશાદિક જીવને રે, જીવિત આપ્યું સંત રે.. શિવ...૨.

મુજ કૃપા તે નવિ કરી રે, જાણુ સહી વીતરાગ રે...મન.
યાચક દુઃખીયા દીનને રે, દીધું ધન મહાભાગ્ય રે...શિવ...૩.

માગું હું પ્રભુ એટલું રે, હાથ ઉપર ધો હાથ રે...મન.
તે આપી તુમે નવિ શકો રે, આપો ચારિત્ર હાથ રે,
...શિવ....૪.

ચારિત્ર ઓથ આપી કરી રે, રાજુલ નિજ સમ કીધ રે...મન.
ઋદ્ધિ કીર્તિ પામી કરી રે, અમૃત પદવી લીધ રે...શિવ...૫.

(૬)

નેમિ નિરંજન નાથ હમારો, અંજનવર્ણ શરીર;
પણ અજ્ઞાન તિમિરને ટાળી, જીત્યો મન્મથ વીર.
પ્રણમો પ્રેમ ધરીને પાય, પામો પરમાનંદા.
યદુકુળ ચંદારાય, માતા શિવા દે' નંદા...પ્રણમો.. ૧.

રાજિમતીશું પૂરવ ભવની, પ્રીત ભલી રે પાળી;
પાણિ ગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી...પ્રણમો...૨.

અબળા સાથે નેહ ન જોડયો, તે પણ ધન્ય કહાણી;
એક રસે એક પ્રીત થઈ તો, કીર્તિ કોડ ગવાણી...પ્રણમો...૩.

ચંદન પરિમલ જિમ જિમ ખીરે ઘૃત એક રૂપ નવિ અલગાં;
ઈમ જે પ્રીત નિવારે અહનિશ, તે ધન ગુણશું વિલગા.....
પ્રણમો.....૪.

ઈમ એકાંગી જે નર કરશે, તે ભવસાયર તરશે,
જ્ઞાનવિમલ લીલાં તે લહેશે, શિવસુંદરી તસ વરશે.....
પ્રણમો.....૫

(૭)

નેમિ જિણેસર સાહિબા, સુણ સ્વામીજી, કરૂ વિનતિ
કરજોડ ખરી,
કાળો પણ રતનાલિઓ, સુણ; દિલરંજન દીદાર
સરી....નેમિ....૧.

વિણ પૂછે ઉત્તર દીયો, સુણ. કહેતાં આવે લાજ ઘણી;
પૂછ્યા વિણ કહાં કિમ સરે, સુણ; તુંહિ જ ઉત્તર
યોગ્ય ધણી....નેમિ....૨

ભવ ભમતાં આ દુઃખનો સુણ. પામીશ પાર હું કિમ કહો;
હળવો કે ભારે અછું. સુણ; ડહાપણ કરીને જિમ
લહો....નેમિ....૩.

ઘણું વિચારી જોવતાં સુણ. તુંહિ જ સુખનો ઠામ મિલે;
મન પણ સ્થિર નહિ તેહવો સુણ; જ્ઞાની વિણ કહો
કુણ કલે....નેમિ.....૪.

દાયક સુખના દાનનો સુણ; વિમલ હૃદય તુંહિ વસ્યો.
મીઠી સાત ધાતમાં સુણ; તિલમાં પરિમલ તેલ
જિસ્યો....નેમિ....૫.

❀

(૮)

હું કરગરી કહું છું. (૨) પ્રભુજી પાછા વળોને,
પ્રભુ વચન અમારું માન્ય તમે તો કરોને;

મેં ગુનો શો કીધો, નાથ તમારો ભારી?
મને એકલી મૂકી જાઓ મારી ઘા કારી....૧
મેં નીતિને તોડી તુજશું જરા નવ ચૂકી;
પ્રીતિ આઠ ભવોની છોડી કુંવારી મૂકી,
આવું કરવું હતું તો નેમ શીદને આવ્યા,
રૂડી મન સજી સજાવી, સાથે જાદવ લાવ્યા?....૨.
બહુ ઠાઠ બનાવી બેસી ગીત ગવડાવી,
તોરણથી પાછા ફરીને લાજ ગુમાવી;
શું તુજ કુળની એ રીત, કન્યા રઝળાવો,
પરણી પોતાને ઘેર ફરી નવ લાવો....૩.
એવું કરવું હતું તો શીદ આંખો મુજ ઠારી?
તુમ ભાઈ વર્યા છે સહસ બત્રીશ નારી;
માટે ચાનક લાવી આજ આવીને વરો,
પ્રભુ વચન અમારુ માન્ય તુમે તો કરો....૪.
મને ઉત્કંઠા હતી જાવું શ્વસુર ભુવનમાં,
મુજ મનતણી સૌ વાત રહી ગઈ મનમાં;
હું હાથ જોડીને અર્જ કરૂં છું દાસી,
મને સાથે લઈ જાઓ, કરો ના ઉદાસી....૫.
હવે આવું તુમારી સાથ પ્રભુ ગીરનારે,
મને આપી સમકિત, સાર ઉતારો ભવપારે;
હું હાથ જોડીને અર્જ કરું હું સ્વામી,
કહે જશવિજયજી તારો અંતરયામી....૬.

(૯)

ગઢ ગિરનાર જઈ રહ્યો રે, યાદવ નેમિકુમાર,
વિરહવચન બોલ્યાં ઈસ્યાં રે, રાજીમતિ તવ નાર,
સુણજો સહિયારો રે વયણાં

પગલા પિયુના ઝડ ઝડ લાગી રે નયણાં, મારે તીખાં
તીર ઝટપટી રે, લાગી રે મયણા....૧.

તોરણ આવી નેમજી રે, પાછા વળીયા કેમ; કપટ કર્યું
પરણ્યા તણું રે, એ બાજીગર પરે જેમ....સુણજો...૨.

કરૂણા કીધી પંખીયા રે, નવી કીધી મુજસાર;
પણ હું સાચી પતિવ્રતા રે, તોહી તારી નાર....સુણજો....૩.

અષ્ટ ભવાંતર નેહલો રે, નવમે ભવ દીયો છેહ;
કેડ ન છોડું તાહરો રે, જિમ છાયાને દેહ....સુણજો...૪.

એમ કહેતી પહોતી પ્રિયા, પિયુ પાસે લીયે દીખ;
રહનેમિ પણ બુઝવ્યા રે, દેઈ હિતની શીખ...સુણજો...૫.

યાદવકુલ ચૂડામણિ રે, ધન ધન રાજુલ નેમ;
જ્ઞાનવિમલ કહે એહનો રે, સાચો પૂરણ પ્રેમ....૬.

(૧૦)

રહો રે રહો રે યાદવ દો ઘડિયાં,
દો ઘડિયાં દો ચાર ઘડિયાં રહો રહો રે યાદવ
દો ઘડિયાં.

શિવા માતા મલ્હાર નગીનો, ક્યું ચલીએ હમ વિછડીયા ?
યાદવવંશ વિભૂષણ સ્વામી, તુમે આધાર છો અડવડીયાં...૧.

તો બિન ઓરસેં નેહ ન કીનો, ઓર કરનકી આખડીયાં;
ઇતને બિચ હમ છોડ ન જઈએ, હોત બુરાઈ લાજડીયાં...૨.

પ્રીતમ ખ્યારે કેહ કર જાના, જે હોત હમ શિર બાંકડીયાં;
હાથસેં હાથ મિલા દે સાંઈ, ફુલ બિછાઉં સેજડીયાં...૩.

પ્રેમકે ખ્યાલે બહુત મસાલે, પીવત મધુરે શેલડીયાં;
સમુદ્રવિજય કુલતિલક નેમકું, રાજુલ ઝરતી આખડીયાં...૪.

રાજુલ છોર ચલે ગિરનારે, નેમયુગલ કેવલ વરીયાં;
રાજિમતી પણ દીક્ષા લીની, ભાવના રંગ રસે ચડીયાં...૫.

કેવલ લઈ કરી મુગતિ સિધા રે, દંપતિ મોહન વેલડીયાં;
શ્રી શુભવીર અચલ ભઈ જોડી, મોહરાય શિર લાકડીયાં...૬

(૧૧)

શામળીયા નેમજી, પાતળીયા નેમજી, સોભાગી નેમજી
રંગીલા નેમજી.

નેમ હિયેરે વિમાસો, કાંઈ પડે રે વરાંસો;
અબકે શ્યું નાસો, મુજ પડે રે તરાંસો
....શામળીયા નેમજી ૧

નેમ હું તોરી દાસી, જુઓ વાત વિમાસી;
ઈમ મતાં હો નાસી, જગ થાશે હો હાંસી
....શામળીયા નેમજી ૨.

એક વાર પધારો, વિનંતી અવધારો;
મુજ નામ વધારો, પછે વહેલાં સિધારો.
....શામળીયા નેમજી ૩.

શિવનારી ધૂતનારી, સાધારણ નારી;
મુજ કીધી શું વારિ, નેમિ લીધો ઉદારી.
....શામળીયા નેમજી ૪.

કહેતી ઈમ વાણી, રાજુલ ઉજાણી;
ભેટયો નેમ નાણી, પહોંતા નિરવાણી.
....શામળીયા નેમજી ૫.

કીર્તિવિજય ઉવઝાયા, લહી તાસ પસાયા;
નેમજી ગુણ ગાયા વિનયે સુખ પાયા.
....શામળીયા નેમજી ૬.

(૧૨)

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં શિર દેઈ દોષ મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં,
શ્યો જોઈ આવ્યા જોષ, મેરે. તોરણ. ૧.

ચંદ્ર કલંકી જેહથી રે હાં,
રામને સીતા વિયોગ મેરે;
તેહ કુરંગને વયણુ હે રે હાં,
પતિ આવે કુણુ લોક મેરે. તોરણુ. ૨.

ઉતારી હું ચિત્તથી રે હાં,
મુગતિ ધુતારી હેત મેરે.;
સિદ્ધ અનંતે ભોગવી રે હાં,
તેહશ્યું કવણુ સંકેત, મેરે. તોરણુ. ૩,

પ્રીત કરંતા સોહલી રે હાં,
નિરવહતાં જંજાલ મેરે,
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં,
જેહવી અગનની ઝાળ. મેરે. તોરણુ. ૪.

જો વિવાહ અવસર દીઓ રે હાં,
હાથ ઉપર નવિ હાથ, મેરે.
દીક્ષા અવસર દીજીયે રે હાં,
શિર ઉપર જગનાથ, મેરે. તોરણુ. ૫.

ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં,
નેમ કને વ્રત લીધ, મેરે.;
વાચક જશ કહે પ્રણુમીયે રે હાં,
એ દંપતિ દોઈ સિદ્ધ. મેરે. તોરણુ. ૬.

(૧૩)

શામળીયો ત્યાગી ને હું તો રાગી (૨)
હાંરે એને સંયમશું રઢ લાગી. શામળીયો. ૧

વ્હાલા રે મારા નેમ નગીના નીરાગી,
વ્હાલા રે મારા સુંદર;
શ્યામ સોભાગી, હાં રે સંયમ લીયે વડભાગી (૨)
....શામળીયો. ૨.

વ્હાલા રે મારા ગઢ ગિરનારની ઘાટે, મોહન મળશે હવે
એ વાટે.
જઇ હું તો હાથ મેલાવીશ માથે (૨)
...શામળીયો...૩.

ગયા રાજુલ નેમની પાસે, લીયે સંયમ અતિ ઉલ્લાસે;
હાં રે નેમનાથ પહેલાં શીવ જાશે (૨)
...શામળીયો...૪.

વ્હાલા રે મારા દંપતિને શીવસુખ મળીયો,
વ્હાલા રે મારાં
વિરહ દાવાનલ ટળીયો; હાં રે અગુરુ લઘુ ગુણ
ભરીયો (૨)....૫.

કહે દીપ સુણો એક અરજ અમારી, તુમે તારી
રાજુલ નારી;
હાં રે મહેરબાની કરો મોહ વારી (૨)
...શામળીયો....૬.

(૧૪)

સાહેલીયોના મેણે મરૂં રે, રંગીલા નેમજી,
સાહેલીયોના મેણે
મરૂં, સરખી સહીયરો મને કુંવારી કહેશે, વહાલા
કેટલું તે દુઃખ હું ધરૂં....૧.

તોરણ આવી સ્વામી રથ જ ફેરી ચાલ્યા, હવે હું
કેમ કરૂં....૨

કોઈક અમને માર્ગ બતાવો વ્હાલા, ત્યાં જઈ
શોધ કરી લઉં રે....૩.

સુખ દુઃખ અંતર મનની જ વાતો, વ્હાલા, પ્રભુ
વિના કોણ આગલ કરૂં....૪.

એમ કરતાં રાજુલ ગિરનારે પહોંચ્યા, પ્રભુ દેખી
હૈયું ઠર્યું રે....૫.

નેમ રાજુલ દોય મોક્ષ સીધાવ્યા, વ્હાલા, અમૃત-
પદને વરી રે....૬.

(૧૫)

કાં રથવાળો હો રાજ, સાહમું નીહાળો હો રાજ
પ્રીત સંભાળો રે, વાલ્હા યદુકુળ સેહરા;
જીવન મીઠાં હો રાજ, મત હોજો ધીઠા હો રાજ,
દીઠા અબ જે રે, વાહલા નિવહો નેહરા. ૧.

નવ ભવ ભજ્જા હો રાજ, તિહાં શી લજ્જા હો રાજ,
તજ્જા ભજ્જા રે, હંસે રણુકા વાજીયા;
શિવાદેવી જાયા હો રાજ, માની લ્યો માયા હો રાજ
કિમહીક પાયા રે, વાહલા મધુકર રાજીયા ૨.

સુણી હરણીનો હો રાજ, વચન કામિનીના હો રાજ
સકીતો બીકના રે, વાહલા આઘાં આવતાં;
કુરંગ કહાણો હો રાજ, ચુકે ટાણો હો રાજ,
જાણો વહાલા રે દેખી વર્ણ કુરંગનો. ૩.

વિણ ગુન્હે ચટકી હો રાજ, છાંડો માં છટકી હો રાજ,
કટકી ન કીજે રે, વહાલા કીડી ઉપરે;
રોસ નિવારો હો રાજ, મહેલ પધારો હો રાજ,
કાંઈ વિચારો રે, વાહલા ડાબું જીમણું. ૪.

એસી હાંસી હો રાજ, હોએ વિકાશી હો રાજ,
જુઓ વિમાસી રે, અતિશે રોશ ન કીજીયે;
આ ચિત્રશાળી હો રાજ, સેજ સુંઆળી હો રાજ,
વાત હેતાળી રે, વહાલા મહારસ પીજીયે. ૫.

મુગતિ વનિતા હો રાજ, સામાન્ય વનિતા હો રાજ,
તજી પરિણુતા રે, વાહલા કાં તુમે આદરો;
તુમને જે ભાવે હો રાજ, કુણ સમજાવે હો રાજ,
કિમ ફરી આવે રે, તાણ્યો કુંજર પાધરો. ૬.

વચને ન ભીની હો રાજ, નેમ નગીનો હો રાજ,
પરમ ખજાનો રે, વહાલા નાણુ અનુપનો;

વ્રત સવિ સ્વામી હો રાજ, રાજુલ પામી હો રાજ,
કહે હિત કામી રે, મોહન મુખ રૂપનો. ૭.

(૧૬)

મહેર કરો મન મોહન, દુઃખ વારણજી,
આવો આણે ગેહ, ચિત્ત ઠારણજી;
રોષ ન કીજે રાજીયા, દુઃખ વારણજી,
આણો હૈડે નેહ, ચિત્ત ઠારણજી, ॥૧॥

કાળ જશે કહેણી રહેશે, દુઃખ વારણજી,
જગ વિસ્તરસે વાત, ચિત્ત ઠારણજી;
કોઈ મુજને નરતી કહેશે, દુઃખ વારણજી,
કોઈ વળી તુમને કુભાતિ, ચિત્ત ઠારણજી. ॥૨॥

પહેલી વાત વિમાસીએ, દુઃખ વારણજી,
તો નહીં ઉપહાસ, ચિત્ત ઠારણજી;
જો હોએ ઘેર આપણા, દુઃખ વારણજી,
તો હીજ દીસે આશ, ચિત્ત ઠારણજી ॥૩॥

વિણુ તરૂવર વનવેલીની, દુઃખ વારણજી,
કુણુ રાખે નિજ છાંહી, ચિત્ત ઠારણજી,
કંત વિના તિમ નારીની, દુઃખ વારણજી,
કુણુ અવલંબે બાંહે, ચિત્ત ઠારણજી ॥૪॥

નેહ નથી મુજ કારમો, દુઃખ વારણજી,
નિશ્ચે જાણો નાથ, ચિત્ત ઠારણજી,

દેહતણી જીમ છાંયડી, દુઃખ વારણુજી
નહીં છોડું તિમ સાથ, ચિત્ત ઠારણુજી ॥૫॥
દુઃખીયાના દુઃખ ટાળવા, દુઃખ વારણુજી,
શ્યું શ્યું ન કરે સંત, ચિત્ત ઠારણુજી;
તો મુજ આપ ઉત્તમ થઈ, દુઃખ વારણુજી,
કાં ઉવેગો કંત, ચિત્ત ઠારણુજી. ॥૬॥

ઈમ કહેતી રાજીમતી, દુઃખ વારણુજી;
પહોતી ગઢ ગિરનાર, ચિત્ત ઠારણુજી,
વિનય કહે જઈ મુગતિમાં, દુઃખ વારણુજી,
ભેટયો નિજ ભરથાર, ચિત્ત ઠારણુજી. ॥૭॥

(૧૭)

હાં રે મારે નેમિ જિનેસર, અલવેસર આધારજો
સાહિબ રે સોભાગી, ગુણમણિ આગરૂ રે લો;
હાં રે મારે પરમપુરુષ, પરમાતમ દેવ પવિત્ર જો.
આજ મહોદય દરિસણ પામ્યો તાહરૂં રે લો. ૧.

હાં રે મારે તોરણ આવી, પશુ છોડાવી નાથ જો,
રથ ફેરીને વળીયા નાયક નેમજી રે લો;
હાં રે મારે દૈવ અટારે, એ શું કીધું આજ જો !
રઢીયાળી વર રાજુલ છોડી નેમજી રે લો. ૨.

હાં રે મારે સંયોગી ભાવ વિયોગી જાણી સ્વામી જો,
એ સંસારે ભમતાં કો કેહનું નહિ રે લો;
હાં રે મારે લોકાંતિકને, વયણે પ્રભુજી તામ જો,
વરસીદાન દીયે તિણુ અવસર જિન સહી રે લો. ૩

હાં રે મારે સહસાવનમાં સહસ પુરુષની સાથ જો,
ભવદુઃખ છંદન કારણુ ચારિત્ર આદરે લો;
હાં રે મારે વસ્તુતત્વે રમણુ કરતાં સાર જો,
ચોપનમેં દિન કેવળજ્ઞાન દશા વરે રે લોલ. ૪

હાં રે મારે લોકાલોક પ્રકાશક, ત્રિભુવન ભાણુ જો,
ત્રિગડે બેસી ધરમ કહે શ્રી જિનવરૂ રે લોલ;
હાં રે મારે શિવાનંદન વરસે સુખકર વાણી જો,
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદરું રે લો. ૫

હાં રે મારે દેશના નિસુણી, બુઝયાં રાજુલ નાર જો,
નિજસ્વામીને હાથે સંયમ આદરે રે લોલ;
હાં રે મારે અષ્ટ ભવોની, પાળી પૂરણુ પ્રીત જો.
પિયુ પહેલાં શિવલક્ષ્મી, રાજીમતી વરે રે લો. ૬

હાં રે મારે વિચરી વસુધા, પાવન કીધી સાર જો.
જગ ચિંતામણી જગ ઉપકારી, ગુણુનિધિ રે લો;
હાં રે મારે જિન ઉત્તમપદ પંકજ કેરી સેવ જો,
કરતાં રતનવિજયની કીરતિ અતિ વધી રે લો. ૭

(૧૮)

સખી આઈ રે નેમ જાન બની, આઈ,
આઈ,આઈ, સાજન મન ભાઈ,
દશ દશારણ રે ચાલે સહુ મલપંતા,
મન માંહે ઘણા હરખંતા,
એમ જાન બની સહુ ભારી રે,
કોડ છપ્પન મલી મનોહારી રે,
સખી જાદવ રે એકમન થઈ આવે,
ગોરી મંડલ ગીત સૌ ગાવે. ૧.

સખી કૃષ્ણજી રે, બલભદ્ર સહિત બે ભાઈ,
તેણે અદ્‌ભૂત રચના રચાઈ,
રથ ઉપર રે, ત્રિભુવન નાથ બેઠાઈ,
ઢાળે ચામર છત્ર ધરાઈ,
અનુક્રમે તોરણ આવે રે,
રાજુલ મન હરખ ન માવે રે,
એણે અવસર રે, પશુઆ કરત પોકાર,
સુણો નેમજી જગદાધાર. ૨.

તુમે પરણશો રે, રાજુલ ગુણવતી નાર,
પ્રભાતે જાશે અમારા પ્રાણ,
કરુણાનિધિ રે, પશુઆ પોકાર દીલ ધારી,
છોડી બંધન કર્યા સુખકારી.

સંસાર અનિત્ય એમ જાણી રે, વિષયારસ જગ
દુઃખખાણી રે.
રથ ફેરવી રે, વરસીદાન જીન દીધો, જઈ ગિરનારે
સંયમ લીધો ૩

સખી રાજુલ રે, પ્રીતમ વળ્યા જાણી, ઢળી ધરણી
લઈ મુર્છાણી,
સખી મલીને રે, કદલી પંખે કરી પાણી, છાંટે શીતલ
પવન સુહાણી,
પામી ચેતના કહે ગુણખાણી રે, અણઘટતું શું
કીધું એમ નાણી રે,
અણ પરણી રે, ઊભી મુજ છટકાઈ, દયા દીલમાં
તે લેશ ન આઈ ૪

મુજ જોબન રે, બાલે વેશે ભરપુર, જાણે નદીઓનું
ચઢતું પૂર.
કેમ રહીશું રે, પ્રીતમ તુમ વિણ દૂર, રથ વાળો
નેમ સસનૂર.
મુજ મંદિર પાવન થાશે રે, જાદવકુલ સહુ હરખાય રે.
હઠ નવિ કરીએ રે, મૂકી દીયો છોકરાવાદ, ઘેર
આવો ગરીબનિવાજ ૫

મુજ અવગુણ રે, કોઈક નાથ બતાવો, વિણ અપરાધ
મૂકીશું જાવો.
ત્રણ જગતમાં રે, પરમ દયાળ કહેવાઓ, રોતી મૂકી
રાજુલ કેમ જાઓ.

કરૂણાનિધિ નામ ધરાવો રે, મુજ ઉપર દયા કેમ
ન લાવો રે. ?
નવ જાણુતી રે, નીસ્નેહી એવા નેમ, ન્હોતી પરણવી
તો આવ્યા કેમ? ૬.

એમ રાજુલ વીલ વીલ કરતી એવા રે, લીયે સંયમ
હરખ અપારે.
તપ કરી લહી કેવલજ્ઞાન રે, પામી રાજુલ પદ
નિર્વાણ રે.
એમ જાણી રે, દાન દયા ચીત્ત ધરીયે, સ્હેજે
અમૃત વિમલપદ વરીએ ૭.

(૧૯)

રાજુલ કહે રથવાળો હો નણદીરા વીરા હઠ તજો,
કાંઈ પાળો પૂરવ પ્રીત, મૂકો કિમ વિણ ગુન્હે હો,
નણદીરા વીરા વીલપતાં, કાંઈ એ શી શીખ્યા રીત. ૧.

હું તો તુમ ચરણુારી હો, નણદીરા વીરા મોજડી,
કાંઈ સાંભળો આતમરામ તે મુજને ઉવેખો.
નણદીરા વીરા શા વતી, નહી એ સુગુણાં રોકાવ. ૨.

પશુઓએ કરી કરૂણા હો, નણદીરા વીરા મૂકીયા;
તો મેં શી ચોરી કીધ, પશુઓથી શું હીની હો,
નણદીરા વીરા ત્રેવડી, જે મુજને વિછોહો દીધ. ૩,

એહવું જો મન ખોટું હો, નણુદીરા વીરા જો હતું,
તો પાડું કાં નેહને ફંદ, ઉળઝું ને નવિ સુળગે,
નણુદીરા વીરા મનડું કાંઈ કોડી મીલે જો ઈંદ્ર. ૪.

મેં તો કો હો કીણ વાતે હો, નણુદીરા વીરા દુહવ્યા,
શાને રાખો છો રોષ, મારે તો તુમ સાથ હો,
નણુદીરા વીરા અબોહણું, તે કેહને દાખું રે રોષ. ૫.

તો તું ધ્યાની પરે હો, નણુદીરા વીરા જોડીએ,
કાંઈક તું નારીના જેમ ઠેલીજે નહિ પાખે હો,
નણુદીરા વીરા વળગતા, કાંઈ નેહ ન ચાલે એમ. ૬.

ઈમ કહેતી વાત લેતી, નણુદીરા વીરા નેમજી,
કાંઈ શિવ પહીલે વાસ, ધન ધન તે જગમાંહે હો,
નણુદીરા વીરા પ્રીતડી, કાંઈ મોહ ન કહે શાબાશ. ૭.

(૨૦)

અગર ચંદન ગરૂ ઓરડા, ફૂલડે બિછાવું પ્રભુની શય્યા રે,
નવી ગમે ઓરડાને ઓશરી, નવી ગમે કેવડીઓ ભરથાર રે;
લીધા રે અબોલા નેમે જન્મના, પાલ્યા રે અબોલા,
નેમે ભવતણા ૧

સમુદ્રવિજય કુલ ચંદલો, શિવાદેવી માત મલ્હાર રે;
તોરણ આવી પાછા વળ્યા, સુણી પશુનો પોકાર રે.
લીધા.....પાળ્યા. ૨

આઠે ભવની તે પ્રીતડી, નવમે ભવે તોડી નાથ રે;
કુંવારી મેલી રે મને આ ભવે, પ્રગટ્યા પૂરણ પાપ રે.
લીધા.....પાળ્યા. ૩

નાનપણે નથી પીયર સાસરા, નાનપણે નથી મોસાલ રે;
કંથ વિના કૂડા કલંક ચડે, સુણો સુણો જાદવરાય રે.
લીધા.....પાળ્યા ૪

નથી હાથે હાથવાલો મેળવ્યો, નથી નાખી કોટે વરમાલ રે;
નથી ચડયા ચોરીને ચોગઠે, નથી ચાખ્યો સાકરીઓ કંસાર રે.
લીધા.....પાળ્યા ૫

નથી તાણ્યા સાસરાના ઘુંઘટા, નથી લાગી સાસુને પાય રે;
દીયરે ન દીધી સાકર સુખડી, નાવલીયે ન દીધા શણગાર રે,
લીધા.....પાળ્યા. ૬

રત્નસાગર ગુરુ એમ કહે હોજો મંગલમાલ રે;
પ્રભુ પાસે સંયમ્ લીયો, પહોંચ્યા મુગતિ મોઝાર રે.
લીધા...પાળ્યા. ૭.

(૨૧)

જઈને રહેજો મારા વાલાજી રે, શ્રી ગિરનારને
ગોખ રે,
અમે પણ તિહાં કને આવશું રે, મારા.
જ્યારે પામીશું જોગ. જઈને ૧.

જાન લઇ જુનાગઢે મારા, આવ્યા
તોરણ આપ રે. જઇને;
પશુઓ પંખી પાછા વળ્યા મારા;
જાતાં ન દીધો જવાબ. જઇને ૨.

સુંદર આપણુ સારીખા મારા; જોતાં
નહિ મળે જોડ, જઇને;
બોલ્યા અણબોલ્યા કરો મારા, એ
વાત તમને શું ખોટ જઇને. ૩.

હું રાગી તું વૈરાગીઓ મારા; જગમાં
જાણે સહુ કોય; જઇને;
રાગી તો લાગી રહે મારા;
વૈરાગી રાગી ન હોય, જઇને. ૪.

વર બીજો હું નવિ વરૂં મારા;
સઘળા મેલી સંવાદ જઇને;
મોહનીયાને જઇ મળો મારા;
મોટા સાથે શ્યો વાદ. જઇને. ૫.

ગઢ તો એક ગિરનાર છે મારા;
નર તો છે એક નેમ જઇને;
રમણી તો રાજીમતી મારા; પૂરો
પાડયો જેણે પ્રેમ. જઇને. ૬.

વાચક ઉદયની વંદના મારા૦,
માની લેજો મહારાજ જઈને૦,
નેમ રાજુલ મુગતે મલ્યા મારા૦,
સાર્યાં આતમ કાજ રે જઈને૦ ૭.

(૨૨)

વ્હાલા રે મારા પ્હેલી તે પ્રીત અમશું કીધી,
હસીને તાલી દીધી રે છેલ છબીલા;
વ્હાલા રે મારા નેમજી તે તોરણ આવ્યા,
આ પશુડા પોકાર્યા રે છેલ છબીલા. ૧.
વ્હાલા નેમજીએ શાળાને બોલાવી,
પૂછયું મંડપે શોર શેનારે, ?,છેલ છબીલા.
વ્હાલા રે મારા રાતે રાજુલબેન પરણશે,
પ્રભાતે ગૌરવ હશે રે. છેલ છબીલા ૨.
વ્હાલા રે મારા નેમજીએ રથ પાછો વાળ્યો,
વાલંતા દીન દયાળા રે. છેલ છબીલા,
વ્હાલા રે મારા રાજુલ રડતા મેલી નીકળ્યા,
આ મારે ભીમ તલાવ રે. છેલ છબીલા. ૩
વ્હાલા રે મારા સાસરાની ટેવ ઘણી ભુંડી,
એ રીસ લાગશે ઉંડી રે. છેલ છબીલા;
વ્હાલા રે મારા જેઠની લાજ ઘણી ધરતી,
હું પરણ્યા પહેલી કરતી રે. છેલ છબીલા. ૪

વ્હાલા રે મારા નણંદી કટકનો ઘોડો,
જેઠાણી જમનો જોડો રે, છેલ છબીલા;
વ્હાલા રે મારા દિયરીયો પડયો છે કેડે,
પાડોશણ મ્હેણા દેશે રે. છેલ છબીલા. ૫
વ્હાલા રે મારા મહિયરમાં કેમ રહેવાશે,
દહાડા દિવસ કેમ જાશે રે. છેલ છબીલા.
વ્હાલા રે મારા કંસનું રાજ્ય ઘણું જૂઠું,
એ કોઈ મેલશે કુડું રે. છેલ છબીલા. ૬
વ્હાલા રે મારા પાડોશણ જુઠી,
એ બળતામાં મેલશે પૂરી રે છેલ છબીલા;
વ્હાલા રે મારા હીરવિજય ગુરુરાય,
એ પૂરણ પદવી પાયા રે. છેલ છબીલા. ૭

(૨૩)

શામળીયા લાલ તોરણથી, રથ ફેર્યો કારણ કોને,
ગુણ ગીરૂઆ લાલ, મુજને મૂકી ચાલ્યા દર્શન દ્યોને,
હું છું તે નારી તુમારી, તુમે હેજે પ્રીતિ મૂકી હમારી,
તુમે સંયમશ્રી મનમાં ધારી.... શામળીયા. ૧
આ આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યા રોતલડી.
એ સજ્જન નહીં તુમ રીતલડી. ૨
તમે પશુડા ઉપર કરૂણા આણી,
તુમે માહરી વાતનકો જાણી,
તુમ વિણ પરણું કો પ્રાણી ....શામળીયા. ૩

નવિ મેલ્યો હાથ ઉપરે હાથ,
તો કર મુકાવું હું માથે,
હું જાઉં છું પ્રભુજીની સાથે. શામલીયા....૪.

એમ કહી પ્રભુ હાથે સંયમ લીધો,
પોતાનો કારજ સીધો.
પકડયો એણે શિવ મારગ સીધો. શામલીયા....૫.

ચોપન દિન પ્રભુજીએ તપ કરીયો,
પણુપન્ને કેવળ વર ધરીયો.
પણ છત્તીસશું શિવ વરીયો. શામલીયા....૬.

એમ ત્રણ કલ્યાણક ગિરનારે,
પામ્યા જે જિન ઉત્તમ તારે,
જસ પાદ પદ્મ તસ શિર ધારે. શામલીયા....૭.

(૨૪)

સાંભળ સ્વામી ચિત્ત સુખકારી,
નવ ભવ કેરી હું તુજ નારી;
પ્રીતિ વિસારી કાં પ્રભુ મોરી,
કયું રથ ફેરી જાઓ છોરી. ૧.

તોરણ આવી શું મન જાણી,
પરિહરી મારી પ્રીત પુરાણી;
કિમ વન સાધે વ્રત લીયે આધે,
વિણુ અપરાધે શ્યે પ્રતિ બંધે. ૨.

પ્રીત કરી જે કિમ તોડી જે,
જેણે જશ લીજે તે પ્રભુ કીજે,
જાણુ સુજાણુ જ તે જાણી જે,
વાત જે કીજે તે નિવહીજે. ૩.

ઉત્તામહી જો આદરી છંડે,
મેરૂ મહીધર તો કિમ મંડે;
જો તુમ સરિખા સયણુ જ ચૂકે,
તો કિમ જલધર ધારા મૂકે. ૪.

નિગૂણા ભૂલે તે તો ત્યાગે,
ગુણુ વિણુ નિવહી પ્રીત ન જાગે;
પણ સુગુણા જો ભૂલી જાયે,
તો જગમાં કુણુને કહેવાયે. ૫.

એક પંખી પણ પ્રીતિ નિવાહે,
ધન ધન તે અવતાર આરાહે;
ઈમ કહી નેમશું મલી એકતારે,
રાજુલ નારી જઈ ગિરનારે. ૬.

પૂરણુ મનમાં ભાવ ધરેઈ,
સંયમી હોઇ શિવસુખ લેઈ;
નેમશું મલીયાં રંગે રંલીયા,
કેસર જંપે વંછિત ફલીયો. ૭.

ૠ

(૨૫)

નિરખ્યો નેમિજિણંદને અરિહંતાજી,
રાજીમતી કર્યો ત્યાગ રે ભગવંતાજી;
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિહંતાજી,
અનુક્રમે થયા વીતરાગ રે ભગ. ૧,
ચામર ચક્ર સિંહાસન, અરિહંતાજી,
પાદ પીઠ સંયુક્ત રે ભગવંતાજી;
છત્ર ચાલે આકાશમાં અરિહંતાજી,
દેવદુંદુભિ વર ઉત્તા રે ભગવંતાજી. ૨.
સહસ જોયણ ધ્વજ સોહતો અરિહંતાજી,
પ્રભુ આગળ ચાલંત રે ભગવંતાજી;
કનક કમલ નવ ઉપરે અરિહંતાજી,
ત્રણ ગઢ ઝાકઝમાલ રે ભગવંતાજી;
કેશ રોમ શ્મશ્રુ નખા અરિહંતાજી,
વાધે નહીં કોઈ કાલ રે ભગવંતાજી. ૪
કાંટા પણ ઉંધા હોય અરિહંતાજી,
પંચવિષય અનુકૂળ રે ભગવંતાજી.
ષટ્ઋતુ સમકાલે ફલે અરિહંતાજી,
વાયુ નહિ પ્રતિકૂળ રે ભગવંતાજી. ૫
પાણી સુગંધ સુર કુસુમની અરિહંતાજી,
વૃષ્ટિ હોય સુરસાલ રે ભગવંતાજી;
પંખી દીયે સુપ્રદક્ષિણા અરિહંતાજી,
વૃક્ષ નમે અસરાલ રે ભગવંતાજી ૬

જિન ઉત્તમ પદની પદ્મની અરિહંતાજી,
સેવા કરે સુર કોડી રે ભગવંતાજી;
ચાર નિકાયના જઘન્યથી અરિહંતાજી,
ચૈત્યવૃક્ષ તેમ જોડી રે ભગવંતાજી. ૭

(૨૬)

નયના સલુણા હો વ્હાલા, સસનેહા પ્રભુ નેમ;
તોરણ આવીને તુમ્હે પાછા વળી ગયા કેમ. નયના. ૧

આસો વાદળીની પરે, એવડો આડંબર કીધ;
જાન લઈને આવ્યા વહી, પિણ થયા અપ્રસિદ્ધ. નયના. ૨

નેહ નિવાહી નવિ શકયા, ક્ષણમાં કીધો છેહ;
એ શી જાદવ રીત છે, જે પૂરવ પાળોને નેહ. નયના. ૩

લાલચ દેઈને તુમ્હે કરી, નિજ નારી નિરાશ,
વચન સહુના અવગણી, ગિરનાર કીધો વાસ. નયના ૪

સિદ્ધ અનેકે વિલસી જે, તેહથી કીધો પ્રેમ;
ભવભવની નાર જે મૂકો, રીતી શી છે તુમ એમ? નયના. ૫

ઈણપરે વિલપતી બહુ પરે, પહુતી ગઢ ગિરનાર;
કેવલ દરિસણ અનુભવે, પહુતી મુગતી આગાર. નયના. ૬

ધન ધન નેમ રાજુલ, જેણે પાળી પૂરણ રીત;
ભાણ ભણે બુધ પ્રેમનો, સાચી એ ઉત્તમ રીત. નયના. ૭

(૨૭)

સુણો સખી સજ્જન ના વિસરે, સુણો સખી.
આઠ ભવાંતર નેહ નિવાહી, નવમેં કર્યું બીછ રે. સુણો સખી૦
નેહ વિલુદ્ધા આ દુનિયામેં, ઝંપાપાત કરે. સુણો સખી. ૧

ઘર છંડી પરદેશમાં ભમતાં પુરણ પ્રેમે ઠરે;
જાન સજી કરી જાદવ આયે, નયણે નયણ મીલે
...સુણો સખી... ૨.

તોરણ દેખ ગયે ગીરનારે, ચારિત્ર લઈ વિચરે;
દૂષણ ભરીયા દુર્જન લોકો, કચિતા દોષ ભરે,
...સુણો સખી... ૩.

માત શિવા સુત સાંભળ સજ્જન, સાચા ઈમ ઠરે;
તોરણ આઈ મુજ સમજાઇ, સંયમ સાન કરે,
...સુણો સખી... ૪.

રાજુલ રાગ વિરાગે રહેલી, જ્ઞાન વધાઇ વરે;
પ્રીતમ પાસે સંયમવાસે, પાતિક દૂર હરે.
...સુણો સખી ... ૫.

સહસાવનકી કુંજ ગલનમેં, જ્ઞાનસે ધ્યાન ધરે;
કેવળ પામી શીવગતિ ગામી, આ સંસાર તરે;
...સુણો સખી .. ૬.

નેમિ જિનેશ્વર સુખ શય્યાએ, પોઢયા શિવનગરે,
શ્રી **શુભવીર** અખંડ સ્નેહી, કીર્તિ જગ પ્રસરે,
...સુણો સખી .. ૭.

ꕥ

(૨૮)

સકલ　નગરમાં　તિલક　સમોવડ,
　　શૌરીપુર　નગર　કહાવતા　રે;
જિન　રાજકા　પરમયશ　ગાવના　એ,
　　સમુદ્રવિજય કુલ દિનકર સમ
સુત,　યાદવવંશ　સોહાવતા　રે...જિનરાજકા... ૧.

શિવાદેવી　નંદન　ત્રિજગવંદન,
　　સહસ વરસ આઉ પાલના એ,
શ્યામવરણુ તનુ તેજ પ્રતાપે,
　　મોહમદન મદ ગાલના એ...જીનરાજ... ૨.

ક્રીડા　કારણુ　આયુધશાળા,
　　આવે કે શંખ બજાવના　રે,
શંખ　શબ્દ　સુણી　હરિબળ　ચિંતે,
　　રાજ લોચન કોઇ આવતા રે જિનરાજ... ૩.

સોળ - સહસ　ગોપાંગના　મળીને,
　　પ્રભુને વિવાહ મનાવતા રે,
વિવાહ　કારણુ　જાન　લઇ　સબ,
　　ઉગ્રસેન ઘર જાવના રે. જિનરાજ.. ૪.

ગુણુ　સાયર　ગુણુ　વયરાગર,
　　પશુઓ છોડી ફીર આવના રે;
વરસીદાન　દેઇ　રૈવતગિરિ,　રાજ
　　શિખર સોહાવતા રે. જિનરાજ... ૫.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં, સકલ જંતુ પરિપાલના રે,
ધ્યાનાનલ સળગાય ખીણમેં, કર્મ કઠિન
પર જાલના રે જિનરાજ... ૬.

પંચાવનમેં દીન કેવળ પામી; શિવપુર નગર સોહાવતા રે,
રૂપવિજય કવિરાયનો, સેવક
મુનિ માણેક ગુણ ગાવના રે. જિનરાજ... ૭.

(૨૯)

ભવિયણ વંદો ભાવશું, સાહિબ નેમિજિણંદ મોરા લાલ;
ભાવશું નિત વંદતા, લહિયે પરમાનંદ મોરા લાલ. ભવિયણ. ૧

બ્રહ્મચારી ચૂડામણિ, સાચો એ વડવીર મોરા લાલ;
મદન મતગંજ કેસરી, મેરૂમહીધર ધીર મોરા લાલ. ભવિ. ૨

રૂપ અનંતુ જિનતણું, સોહે સહજ સનૂર મોરા લાલ,
હરખે નયણે નિરખતાં, પ્રસરે પ્રેમ પડૂર મોરા લાલ ભવિ. ૩

ગુણ અનંતા પ્રભુતણાં, કહેતાં ન આવે પાર મોરા લાલ;
નિરૂપમ ગુણગણ મણિ તણો, માનું એ ભંડાર મોરા. ભવિ. ૪

વદન અનોપમ જિનતણું, એ મુજ નયન ચકોર મોરા લાલ;
નિરખી હરખે ચિત્તમાં, ઉમટયો આનંદ જોર મોરા લાલ. ભવિ.૫

અતુલિત બળ અરિહંતજી, ભય ભંજન ભગવંત મોરા લાલ;
કામિત પૂરણ સુરતરૂ, કેવળ કમળા કંત મોરા લાલ ભવિ. ૬

રાજીમતિ મનવાલહો, યાદવકુળ શણગાર મોરા લાલ;
નયવિજય પ્રભુ વંદતાં, નિતુ નિતુ જય જયકાર મોરા. ભવિ. ૭

(૩૦)

રહો રે ! રહો ! રથ ફેરવો રે, આવો આવો એણે આવાસ રે
જો રે હતું ઈમ જાયવું રે, કાંઇ તો કરાવી એવડી આશ રે.
પીરસીને ભોજન થાળ ન તાણીયે રે,
સીંચીને ખણીએ મૂળ રે; ખંધે ચઢાવી ભુંઈ ન નાંખીએ રે,
ધોઈ ને ભરીએ ધૂળ રે.
ચિકટ વિણ તળાવું કિશ્યું રે ?, આદિ વિના કિશો છેહ રે;
પરણ્યા વિણ વેધક કિશ્યું રે, રોસ કિશ્યો વિણ નેહ રે ?
પાણી વિણ પરવાલડી રે, કહો કેણી પરે વિંધાય રે;
ભીંજ્યા વિણ કહો લુગડા રે, તાપે કેમ દેવાય રે ?
આછી વિણ લાછા નહી રે, જુઓની વિચારી આપ રે;
પ્રેમ સુધા વિણ ચાખવે રે, શ્યો કરો એવડો
સંતાપ રે ૫
દીઠે ભૂખ ન ભાંજિયે રે, લૂખાં ન હોયે લાડ રે;
આવી ગયે ન પળે પ્રીતડી રે, સિંચ્યા વિણ જિમ
ઝાડ રે... ૬
એહવે રાજુલ બોલડે રે, જસ ન ચલ્યું મન રેખ રે;
વિનય ભણે પ્રભુ નેમજી રે, નારીને દો નિજ વેખ રે ૭

(૩૧)

ઉગ્રસેન રાજાની બેટી, કે રાજુલ ગુણ તણી પેટી;
કે રાજુલ સખીઓમાં મોટી,
રે જગત્ ગુરુ નેમજી ને કહેજો... ૧

કે જાન લઇ જાદવ આવ્યા,
કે આપણા મન સહુએ ભાવ્યા;
કે નેમજીએ શાળાને બોલાવ્યા રે,
જગત્ ગુરુ નેમજી ને કહેજો.. ૨.
કે નેમજીને અંગ લાગ્યો ચટકો રે,
કે ચટકો ચિત્તડામાં ચીંઠયો,
કે નેમજીને કેસરીનો વાઘો...
જગત્ ગુરુ નેમજીને કહેજો... ૩.
કે રાજુલ રૂપતણો કટકો,
કે આછા રૂડા મુખડાનો મટકો;
કે કાગલ શાનો લખીયો કટકો રે,
જગત્ ગુરુ નેમજીને કહેજો... ૪.
કે હરણો હરણીને પૂછે,
કે આપણા બંધન કેમ તૂટે કે;
નેમજી કરે તો જટ છૂટે રે,
જગત્ ગુરુ નેમજીને કહેજો... ૫.
કે રાજુલ ઢળતી શું ધરણી,
કે વીજલ વાદલ આવ્યા;
ને નયણે આંસુડાં આવ્યા,
રે જગત્ ગુરુ નેમજીને કહેજો... ૬.
કે આઠ આઠ ભવની છું નારી,
કે નવમે બાલ બ્રહ્મચારી;
કે એવી પૂન્યવિજયની વાણી,
જગત્ગુરૂ નેમજીને કહેજો... ૭.

(૩૧)

તું પાછો ફીરી મત જાય, શામળીયા તું પાછો ફીરી મત જાય;
બાપડા માણુસ પરે ડરે જે, લોકમાં હાંસી થાય...૧
તું તારે ઘરે સાહિબડો છે, હું મારે ઘરે રાજ;
મેલ્યે વિવાહે વિછોડી જાતાં, નહીં ભલા માણુસ કાજ...૨
આજ કયાં દિલમાં આઈ, પશુઆં સુણી પોકાર;
તો આટલા દિન કિહાં ગયા થા, સેંદવ ગૌરવસાર ૩
માહરી વખતે ઉલખીયો છે, પરણોને યાદવરાય;
કાજલવાને કંથડો કહેતાં, કોણને આવે દાય...૪
જેહવી સંગત સેવીયે રે, તેહવો ગુણ થાય;
નંદ ગોપાલા બાંધવાને, કીણી પરે શીખ દેવાય...૫
એવડું ખુદયું જે ખમે રે, જેહને ન હોય ઠામ;
પણ તુમહી પહેલાં જો લહો રે, પ્રીતમ અવિચલ ધામ...૬
એણીપરે રાજુલ નેમજીએ, રાખ્યું શિયલ અભંગ;
જ્ઞાનવિમલ શું કીજીએ રે, એણીપરે રંગાવંગ...૭

(૩૨)

તોરણ આઈ કયું ચલે રે, નયણ મિલાઈ સેંણ મોહનીયા.
મંદિર બેઠી યું કહે રે, રાજુલ ઝરતે નેણ મોહનીયાં. તો૦ ૧
તેરે બિના ઓર ના ભજુંગી. દૂજી નરકી જાત; મોહ૦
કોડિ કલપ જેસી ગમે રે, વિરહાંકી દિનરાત મો૦ તો૦ ૨
નાથ બિના મેં તો કયું રહુંગી, ચલિએ દિવાની બનાય. મો૦
આપ ચલે અંદાજસે રે, કયા હમ દોષ લગાય. મો૦ તો૦ ૩
સોલ સહસ અંતેઉરી રે, કાન્હુઇયા ઉત્સંગ મોહ૦
રંગભર જાતિ જામની રે, રાધાજીકે સંગ મોહનીયા. તો૦ ૪

મેરે દિલથી યું ચાહેના રે, પિયુજી ખેલાયગા ખેલ. મો૦
યું ચલતે મેં દેખીઓ રે, તલમેં એ તો તેલ મો૦ તો૦ ૫
હાથસેં હાથ દિયા નહીં રે, રાગે રકુંગી અગંજ મોહ૦
રાજુલ રાગ વિરાગસેં રે, સહસાવનકી કુંજ મોહ૦ તો૦ ૬
દીક્ષા કેવલ દંપતી રે, પાએ સુખ ભરપૂર મોહનીયા;
ધ્યેય સુધ્યાને નેમજી રે, શ્રી શુભવીર હજુર મોહ૦ ૭

(૩૩)

ના કરીએ રે નેડો ના કરીએ, નિગુણાશું રે નેડો ના કરીએ;
અમે રોઈ રોઈ આંખડીમાં નીર ભરીએ રે, નિગુણા૦
પ્રેમ નિરવહી વ્હાલા પ્રેમી જનનો, અવિચાર્યું નવિ ડગ ભરીએજી. નિગુણા૦ ॥૧॥ જાદવ જાન સજીને યદુપતિ, તોરણ આવીને કેમ ફરીએજી. નિગુણા૦ ॥૨॥ સંજમ નારી વાલે કીધી પ્યારી, રાજુલ મૂકી ભરદરીએજી નિ. ॥૩॥ અમ અબળાની સામું નિરખો, વિરહ જલધિથી કેમ તરીએજી. નિગુણા૦ ॥૪॥ જોવન વય કેમ કરી નિરગમીએ, લોક લાજથી ઘણું ડરીએજી. નિગુણા૦ ॥૫॥ દિલરંજન પ્રભુ દિલમાં ધરીએ, નિશદીન અવટાઈ મરીએજી નિ. ॥૬॥ ચતુર થઈ અવસર શું ચૂકો, અમૃત સુખ રંગે વરીએજી.
નિગુણા૦ ॥૭॥

(૩૪)

આઠ ભવની તુમે પ્રીતજ પાળીજી, નવમેં ભવ સાથે લેઇને રે,
કાં જાઓ છો દિલાસા દેઈને રે...૧
અમને મૂકીને તમે રૈવત પધારીયાજી,
સંયમ સુંદરી લઈને રે...૨

પરણ્યા વિણુ અમ્હે પ્રીતિ જ પાળુંજી,
એ તો વરે છે કેઈને રે ૩
એ તો દુતિકા સિદ્ધિવધૂનીજી,
તુમે આદર દ્યો છો જેઈને રે...૪
શોકલડી મુને દીઠી ન સુહાવેજી,
તુમે આદર કરશ્યો કેઈને રે ૫
અનુભવ મિત્રે મન મેળ કરાવ્યોજી,
અનુભવ ઘરમાં લેઈને રે...૬
નેમ-રાજુલ શિવમંદિર પધાર્યાજી,
ન્યાયસાગર સુખ દેઈ ને રે...૭

(૩૫)

ગોપી ખેલે હોરી દેવર નેમકે સંગ ગોપી.
તાલ ઓર ચંગ રંગે બજાવત, ગુંજતી ગુહિર મૃંદગ ગોપી૦
રૂખમણી જંબૂવતી સત્યભામા, સુસીમા લક્ષ્મણા ગૌરી;
પદ્માવઈ ગંધારી આદિ, સોલ સહસ મિલી ઓરી ગો૦
કાન્હકો વચન સૂણી મદમાતી, પાવસમેં જ્યું મોરી;
અબીર ગુલાલ ગુલાબકો પાણી, છિટકે કેસર ઘોરી. ગો૦
પ્રભુકે પલ્લવ પકરે દોરી, નવલ અચરાકી કીધોરી;
રાસ રમે જગમોહની ઘેરી, ચંચલ ચતુર ચકોરી ગો૦
કમલશી કોમલ બાંહ પસારી, નેમકું ભીરે ભોરી;
અંગ ઉપાંગ દિખાવત ફોરી, ફાગમેં લજ્જા છોરી. ગો૦
પદ્મિની પીકસ્વરી પંકજનયની, શશિવયણી ગુણગોરી;
ઘરકો મંડન સંતતિ કારણ, દેવર! ભ્યાઓ ગોરી. ગો૦

ગિરધર હલધર યાદવ કેરી, યાન જુરી સવિ ટોરી;
તોરણ આય ગયે રથ ફેરી, પશુયન કે બંધ તોરી. ગો૦ ૭

સહસાવનમેં સંજમ લીનો, મનમથ બેરી ફોરી;
ખિમાવિજય જિન નેમિ નિરંજન, સંયમ મહારથ ધોરી.
ગો૦ ૮

(૩૬)

સરસ્વતી સ્વામીને વિનવુંજી, ગણપત લાગું પાય હો નેમજી,
ભાભી દિયરને ભોળવેજી...૧

પરણો તો રાજીમતી નાર હો નેમજી, ઉગ્રસેનને ઘેર છે રે,
તેનું રાજીમતી નામ હો નેમજી. ભાભી...૨

લગ્ન લીધા ઉતાવળાજી, સાથે છે બલભદ્રભાઇ હો નેમજી,
ધારી પુરીને ઘેબરાજી, મોતીચુરનો છે સ્વાદ હો નેમજી.
ભાભી...૩

નેમજીએ સાળાને બોલાવીયાજી,
માંડવે છે આવડો શો શોર હો ને.
રાતે રાજુલબેની પરણશેજી, પ્રભાતે ગૌરવ દેઇશ હો ને.
ભાભી. ૪

નેમજી તોરણથી પાછા વળ્યાં રે, ચઢયા ગિરી ગુફામાંહે હો ને.
રાજુલની સૈયર વિનવેજી, નેમજી છે કાળા ભરથાર હો ને.
ભાભી. ૫

કાજલની ભરી છે ડાબલીજી, મેલી છે ગોખલાની માંહે હો ને.
જાણે તે કાલે જઇશું સાસરેજી, સજીશું સોલે શણગાર હો ને.
ભાભી. ૬

નાનપણુ નથી દીઠું સાસરેજી,
મોટપણુ નથી દીઠું મોસાળ હો ને.
નથી કાઢયા સસરાના ઘુંઘટાજી,
નથી પડી સાસુને પાય હો ને. ભાભી.
નથી ખાધી દિયરની સુખડીજી,
નથી ગ્રહ્યા નણંદનાં વેણ હો ને.
હીર વિજય ગુરુ વિનવેજી,
વિનય વિજય ગુણ ગાય હો.
નેમજી. ભાભી.

(૩૭)

સુણો સ્વામી હમારા રે કે નેમજી નવરસીયા;
રિષ્ટ રતન વર વરણુ વિરાજે તન ગુણ તારા રે,
મોહ જી મન વસીયા— ૧
તન ઘન વન તારૂં રે, તડિત ભૂષણ લસિયા.
લટક મટક મઘવા તનુ ઓપમા, મન મોહ્યુ મારું રે
મોહનજી.— ૨
આઓ આઓ અલબેલા રે, અટકમા અંટસીયા;
વાટડીઓમાં ફૂલડા વેરાવું, મોતીડે વધાવું રે
મોહનજી— ૩
શણુગાર સુહાસ્યો રે, કે કરૂણારૌદ્ર કીસ્યો;
વીર બીભત્સ ભયાનક શાંતિ, અદ્દભૂત આસ્યો રે
મોહનજી— ૪
શાલી દાલ જમાડું રે, રસોઈયો રૂપાણી;

પીરસું પંખે પવન કરીને, રંગે રમાડું રે
મોહનજી— ૫

વલી આઠ ભવની રે, પ્રીતલડી પાતલીયા;
છોડી જે કેમ છેલ છબીલા, જોરજ માની રે
મોહનજી— ૬

નર હરિ હર બ્રહ્મા રે, છબીલીના છલીયા;
ત્રિભુવન પતિ રાજુલ વરવાલા, ઘણી તેને ખમ્મા રે
મોહનજી— ૭

શિવ મહેલે શામલીયો રે, માનનીઓથી મલીયો;
ઉત્તમ પ્રભુ હાથો અટકલીયો, સુખ દિન વળીયો
રે, મોહનજી— ૮

(૩૮)

શ્રી નેમિ, તુમને શું કહીએ, એ કહેવાનો નહિં વ્યવહાર;
ગુણ મોટાનું ભાંખતાં, ઉપજે મનમાં વિચાર.
શ્રી નેમિ... ૧

નામ નિરાગી સહુ કો કહે, બ્રહ્મચારી–શિરદાર;
રાગ રાખો છો એવડો, રાજુલ ઉપર તુમે નિરધાર
શ્રી નેમિ... ૨

ચોમાસે ચાલી ગયા, ઉગ્રસેન દરબાર;
આઠ ભવાંતર–નેહલાં, તુમે પાળ્યો પ્રેમ પ્રકાર
શ્રી નેમિ... ૩

"આતમ સુખ વાંછા અછે, તું આવજે માહરે પાસ;
પહેલાં તુજ પછે મુજને" સંકેત કર્યો ગુણવાસ
શ્રી નેમિ... ૪

ઈમ કહી વ્રત આદર્યું, રાજુલને આપી ખાસ;
સંયમ-સાડી પેહરણે, નાણ દંસણ ચરણ વિલાસ
શ્રી નેમિ... ૫

સિદ્ધિ-શિરોમણી ઉપરે, ભુંજે ચિદાનંદ-ભોગ
આપ સમી વધા કરી, સાદિ-અનંત સંયોગ.
શ્રી નેમિ .. ૬

અનંત ભવ માહરે, તુમ સાથે સંબંધ;
વિસ્મૃતિ તુજને કિમ ઘટે, સંભારો નહિ તસ ગંધ
શ્રી નેમિ... ૭

ચુ ગુરૂને ચરણે ધરે, હું બોલું તુમ જસવાદ;
કીર્તિ તુમારી છે ઘણી, લક્ષ્મી સેવે તુમ પાદ.
શ્રી નેમિ .. ૮

(૩૯)

સખી શ્રાવણની છઠ ઉજલી, ભલી વીજળીનો ઝબકાર રે;
એતી વેલા પિયુજી રહ્યા, રાણી રાજુલને દરબાર રે,
પિયુજી વસે કૈલાસમાં... ૧

પાછા તોરણ આવી વળ્યા, કરી અમને તે કંત વિયોગી રે;
કંસાર મુજ ચાખ્યા વિના,
વાલ્હો હુઓ ભિક્ષાનો ભોગી રે... ૨

રૂડી શ્યામ ઘટા ગગને રહી,
વાલ્હો શામલ સુંદર વાને રે;

સહસાવને સમતા ધરી રહ્યા,
મૌન ને ઉજ્જવલ ધ્યાને રે... ૩

કોઈ દોષ વિના દયિતા તજી,
મને મેલી છે બાલેવેશ રે;
યૌવન વનમાં એકલી તજી,
પિયુજી ચાલ્યા પરદેશ રે... ૪

સહુ યાદવ સાખે નવિ દીઓ,
જો હાથની ઉપર હાથ રે;
હાથ મેલાવીશ મસ્તકે,
દેવ દેવી સાખે જગનાથ રે... ૫

ઈમ રાજુલ રાગ વિરાગસે,
નેમ નામનો મંત્ર જપાય રે;
કાલાંતરે પ્રભુ કેવલી,
સુણી રાજુલ વંદના જાય રે... ૬

ચરણ ધરે નવ ભવ સુણી,
શિવ પોહતાં સલૂણી નાહ રે;
ગોત્ર વિનાશે ઉપનો ગુણ,
અગુરૂલઘુ અવગાહ રે... ૭

સિદ્ધ સાદિ અનંતે ભંગશું,
રંગ રીઝે બની ખરી પ્રીત રે;
શ્રી શુભવીર વિનોદશું,
નિત્ય આવે છે ખિણખિણ ચિત્ત રે... ૮

(૪૦)

હું વાટ જોઉં આવોને નેમ અલબેલા.
ખીણુ ખીણુ પલ પલ પ્રીતમ નીરખે.
હાંરે મારે હરખ ન માયે મનમાં....હું વાટ જોઉં. ૧
એટલે નેમજી તોરણે આવ્યા.
હાંરે કરે પશુઆં પોકાર ઉચ્છાંહ....હું વાટ....૨
પશુઆ પોકાર સુણી નેમ દયાળ.
હાંરે એ તો છોડયા બંધન તત્કાળ....હું વાટ....૩
તોરણુથી રથ પાછો વાળી.
હાંરે ચાલ્યા રૈવતગિરીની જાળમાં....હું વાટ....૪
સહેસાવન જઈ સંજમ લીધો.
હાંરે જીતી લીધો છે મોહ મહીરાન....હું વાટ....પ
રાજીમતિ નેમ વળીયા જાણી.
હાંરે પામી મૂર્છા ગઈ તવ સાનમાં....હું વાટ....૬
ચિત્ત વળ્યું તવ બોલી રાજુલ.
હાંરે નવિ મૂકીએ એકલડી નાર...હું વાટ....૭
એકવાર મુજ માળીએ પધારો.
હાંરે તવ પામે અમૃત સુખપાર....હું વાટ....૮

(૪૧)

પરમાતમ પૂરણુકલા, પૂરણુ ગુણુ હો પૂરણુ જન આશ;
પૂરણુદૃષ્ટિ નિહાલીએ, ચિત્ત ધરીયે હો અમચી અરદાસ.
પરમાતમ. ૧
સર્વ દેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાલ;

વાસ કીયો શિવમંદિરે, મોહે વીસરી હો ભમતો જગજાલ.
પરમાતમ૦ ૨

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતા, કિમ કીની હો ઈણે અવસર વાર.
પરમાતમ૦ ૩

મોહ મહામદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહિ ઈણે અવસરે, સેવકની હો કરવી સંભાર.
પરમાતમ૦ ૪

મોહ ગયે જો તારશો, તિણુ વેળા હો તુમ કિહાં ઉપગાર;
સુખવેળા સજ્જન ઘણાં, દુઃખવેળા હો વિરલા સંસાર.
પરમાતમ૦ ૫

પણ તુમ દરિસન જોગથી, થયો હૃદયે અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.
પરમાતમ૦ ૬

કર્મ કલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતારામ;
લહત અપુરવ ભાવથી, ઈણુ રીતે હો તુમ પદ વિશરામ.
પરમાતમ૦ ૭

ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણુદિણુંદ.
પરમાતમ૦ ૮

(૪૨)

ગાવના ગાવના ગાવના જિનરાજકો પરમયશ ગાવના,
વીતરાગકો પરમયશ ગાવના... ૧

સકલ નગરમાં તિલક સમોવડા,
સૌરીપુર નગર કહાવતા રે;
સમુદ્રવિજય કુલ દિનકર,
સમસ્ત યાદવવંશ સોહામણા રે... ૩
શિવાદેવીનંદન ત્રિજગવંદન,
સહસ વરસ આયુ પ્રમાન રે,
શ્યામવર્ણ તનુ તેજ પ્રતાપે,
મોહમદન મદ ગાલના રે... ૪
ક્રીડા કારણ આયુધશાલા,
આયા કે શંખ બજાવના રે;
શંખ શબ્દ સુણી હરિબલો ચિંતે,
રાજ્ય લેવણ કોઈ આવના રે... ૧
સોળ સહસ ગોપાંગના મીલકે,
પ્રભુ કો વિવાહ મનાવના રે;
વિવાહ કારણ જાન સજાકે,
ઉગ્રસેન ગેહ જાવના રે... ૫
કરૂણાસાગર ગુણ વૈરાગર,
પશુ છોડી હીર રે;
વરસીદાન દેઈ રૈવત ગિરિવર,
રાજશિખર સોહાવના રે... ૬
ગામાનુ ગામ પ્રભુ વિહાર કરતા,
સકલજંતુ પ્રતિપાલના રે;
પણ પણમેં દિન કેવલ પામી,
કરમ કઠીન પ્રજાલના રે... ૭

ધ્યાનાનલ ધ્યાયકે ખિણમેં,
શિવપુર નગર સધાવના રે;
શ્રી રૂપવિજય કવિરાયને,
સેવક મુની માણેક ગુણ ગાવના રે ... ૮

(૪૩)

હળવે હાંકોને સ્વામી હાથીયો રે લાલ,
હું આવું તમારી પાસ રે. નગીના નેમ૦
ત્યારે તમે ત્યાંથી ચાલશો રે લાલ,
મુજને મળવાની ઘણી હોંશ રે. નગીના નેમ૦ ૧
ભેળા થઈને અમને ભાવથી રે લાલ,
વળતાં વનમાંહે જાવ રે. નગીના નેમ૦
તોરણથી શું પાછા વળો રે લાલ,
ભંગ કરીને મારા ભાવ રે. નગીના નેમ૦ ૨
દયા આણી તિર્યંચની રે લાલ,
તેવી જાણો મુજ નાથ રે. નગીના નેમ૦
આશાપૂરણ પાડો આ સમે હો લાલ,
હેતે ગ્રહોને મારો હાથ રે. નગીના નેમ૦ ૩
અપરાધ શો અબળાતણો રે લાલ,
નક્કી કહો તમે નાથ રે. નગીના નેમ૦
કહ્યું માન્યું નહિ કોઈનું રે લાલ,
જ્યારે તમે જાદવરાય રે. નગીના નેમ૦ ૪
ત્યારે પડયું છે માહરે આવવું રે લાલ,
એકલા ચાલીને પાય રે. નગીના નેમ૦

રાખોને રાજવી માહરો રે લાલ,
આવ્યા તણો ઈત બાર રે. નગીના નેમ૦
પરણીને પીયુ પાછા વળો રે લાલ,
અંદેશો તજી ઉર રે. નગીના નેમ૦
દીન હારા દુભવો નહિ રે લાલ,
એક જાવ દ્યો જરૂર રે. નગીના નેમ૦
ના કહેતાં નહિ થાય છુટકો રે લાલ,
કરજોડીને કહું કંથ રે. નગીના નેમ૦
ઝાઝું કરો તો જાદવપતિ રે લાલ.
આપુ નહિ જાવા પંથ રે. નગીના નેમ૦
આઠ ભવની પિયુ પ્રીતડી હો લાલ,
નવમે નવ તજીયે નાર રે. નગીના નેમ૦
ગીરિ ગિરનાર પર શિવ પામીયા રે લાલ.
ધર્મ પસાયે ભવપાર રે. નગીના નેમ૦

(૪૪)

સ્વામીનો મને વિરહો તે ઘણું દુઃખ દે છે.
હાં રે એમ રાજુલ સખીઓને કહે છે, સ્વામીનો... ૧
તોરણ આવી પ્રીત જગાવી,
હાં રે રથ ફેરવી નેમ કીહાં જાય છે. સ્વામી... ૨
ત્રણ ભુવનના નાથ કહાવો,
હાં રે કાંઇ નિર્બળ થઇ શું બીએ છે. સ્વામી... ૩
બળ અનંતુ સુરનર કહે છે,
હાં રે એક નારી દેખી શું બીએ છે.... ૪

બાળચેષ્ટા નવિ કરીએ પ્રિતમજી,
હાં રે સૌ જાદવકુળ લાજે છે. સ્વામી.... ૫
એવું કરવું તું તો આવ્યા શા માટે,
હાં રે મને દુઃખડું દેવું ના ઘટે છે. સ્વામી.... ૬
તમે મૂકો પણ હું નહિ મૂકું,
હાં રે એમ કહી જઈ સંયમ લીએ છે. સ્વામી.... ૭
અમૃત વિમળ કહે ધન્ય એ રાજુલ,
હાં રે મન વાંછિત સુખ દીયે છે. સ્વામી.... ૮

(૪૫)

સાહેલી નેમ લાવોને મનાવી,
પ્રાણ વલ્લભ સખી કોણે રીસાવ્યો;
હાં રે મારે રથડા તે ફેરી કીહાં જાય છે, સાહેલી.... ૧
પશુઓ તણો પોકાર સુણીને,
હાં રે મૂકી ચાલ્યા છે દુઃખ ભેરી... ૨
મુક્તિ ધુતારી ચિત્તમાંહે ધારી,
હાં રે તેથી મૂકો છો મુજને વિસારી... ૩
રિખભાદિક પરણી સુખવિલસી,
હાં રે પછી થયાં છે સંજમધારી... ૪
તમે તો નવાઈના થયા વૈરાગી,
હાં રે અણપરણી રાજુલને ત્યાગી... ૫
આઠ ભવ અલગી ખીણ નવિ મૂકી,
હાં રે એમ નવમે ભવે ચાલ્યા ઠેલી... ૬

રાજુલ કેઈ બોલંભા દેતી,
હાં રે નેમ પાસે સંજમ તવ લેતી... ૭
દંપતી કેવળ લઈ શીવ વરીયા,
હાં રે એમ અમૃત વિમળ સુખ ઠરિયા.. સા. ૮

(૪૬)

સમુદ્રવિજય શિવાદેવી, નંદન નેમિકુમાર,
શૌરીયપુર દશ ધનુષનું, લંછન શંખ સફાર.
એક દિન રમતો આવિયો,
અતુલબળી અરિહંત.
જિહાં હરી આયુધશાળા,
પૂરે શંખ મંહત... ૧
હરી ભય ભરી તિહાં આવે,
પેખે નેમિ જિણંદ.
સરીખે શ્રમ બળ પરખે,
તિહાં જીતે જિનચંદ.
આજ રાજ એ હરશ્યે,
કરશ્યે અપયશ ભૂરિ.
હરી મન જાણી વાણી,
તવ થઈ ગગને અદ્ભુરિ... ૨
અણ પરણશ્યે વ્રત લેશ્યે,
દેશ્યે જગ સુખ એહ.
હરી મન બીહે કહે, પ્રભુશ્યું ધર્મ- સનેહ.
હરી શણગારી નારી, તવ જળ મજ્જન જંતિ.

માન્યું માન્યું પરણવું,
ઇમ સવિ નારી કહંતી... ૩
ગુણમણિ પેટી બેટી, ઉગ્રસેન નૃપ પાસ.
તવ હરી જાચે માચે, માચે પ્રેમ વિલાસ.
તુર દિવાજે ગાજે, છાજે ચામર કંતિ.
હવે પ્રભુ આવ્યા પરણવા,
નવ નવા ઉત્સવ હંતિ... ૪

ગોખે ચઢી મુખ દેખે, રાજીમતી ભર પ્રેમ
રાગ અમીરસ વરસે, હરખે પેખી નેમ
મન જાણે એ ટાણે, જો મુજ પરણે એહ.
સંભારે તો રંભા, સબળ અચંભા તેહ... ૫

પશુઆ પુકાર સુણી કરી,
ઇણિ અવસરે જિનરાય.
તસ દુઃખટાળી વાળી, રથ વ્રત લેવા જાય.
તસ બાળા દુઃખ ઝાળા, પરવશિ કરે રે વિલાપ.
કહિયે જો હવે હું છંડી,
તો દેશ્યો વ્રત આપ... ૬

સહસ પુરૂષશું સંયમ, લિયે શામળ તનુ કંતિ.
જ્ઞાન લહી વ્રત આપે, રાજીમતી શુભ શાંતિ.
વરસ સહસ આઉખું, પાળી ગઢ ગિરનાર.
પરણ્યા પૂર્ણ મહોત્સવ, ભવ છાંડી શિવનાર... ૭

સહસ અઢાર મુનીસર, પ્રભુજીના ગુણવંત.
ચાલીશ સહસ સુસાહુણી, પામી ભવનો અંત.

ત્રિભુવન અંબા અંબા, દેવી વીર ગોમેધ.
પ્રભુ સેવામાં નિરતા, કરતા પાપ નિષેધ... ૮
અમલ કમળ દળ લોચન, શોચન રહિત નિરીહ.
સિંહ ગંજન–ગજ ભેદવા, એ જિન અકલ અબીહ
શૃંગારી ગુણધારી, બ્રહ્મચારી શિર લીહ
કવિ જશવિજય નિપુણ ગુણ,
ગાવે તુજ નિશદીહ... ૯

(૪૭)

શૌરીપુર સોહામણું રે લાલ,
સમુદ્રવિજય નૃપ નંદ રે સોભાગી;
શિવાદેવી માતા જનમીયો રે લાલ,
દરિસણ પરમાનંદ રે સોભાગી;
નેમિ જિનેસર વંદિયે રે લાલ...૧
જોબન વય જબ જિન હુઆ રે લાલ,
આયુધશાળા આય રે સોભાગી;
શંખ શબ્દ પૂર્યો જદા રે લાલ,
ભય ભ્રાંત સહુ તિહાં થાય રે સો. નેમિ...૨
હરિ હઇડે એમ ચિંતવે રે લાલ,
એ બલિયો નિરધાર રે સોભાગી;
દેવ વાણી તબ ઈમ હુએ રે લાલ,
બ્રહ્મચારી વ્રત ધાર રે સોભાગી નેમિ...૩
અંતે ઉરી સહુ ભેલી થઇ રે લાલ,
જલ અંગી કર લીધ રે સોભાગી;

મૌનપણે જપ જિન રહ્યા રે લાલ,
"માન્યું માન્યું" એમ કીધ રે સોભાગી નેમિ...૪

ઉગ્રસેન રાય તણી સુતા રે લાલ,
જેહનું રાજુલ નામ રે સોભાગી;
જાન લેઇ જિનવર ગયા રે લાલ,
ફલ્યો મનોરથ તામ રે સોભાગી નેમિ...૫

પશુઆ પોકાર સુણી કરે રે લાલ,
ચિત્ત ચિંતે જિનરાય રે સોભાગી;
ધિગૂ–વિષયા સુખ કારણે રે લાલ,
બહુ જીવનો વધ થાય રે સોભાગી નેમિ...૬

તોરણથી રથ ફેરીયો રે લાલ,
દેઇ વરસીદાન રે સોભાગી;
સંજમ મારગ આદર્યો રે લાલ;
પામ્યા કેવળજ્ઞાન રે સોભાગી નેમિ...૭

અવર ન ઇચ્છું ઇણુ ભવે રે લાલ,
રાજુલે અભિગ્રહ લીધ રે સોભાગી;
પ્રભુ પાસે વ્રત આદરી રે લાલ,
પામી અવિચળ રિધ્ધ રે સોભાગી નેમિ..૮

ગિરનાર ગિરિવર ઉપરે રે લાલ,
ત્રણ કલ્યાણક જોય રે સોભાગી;
શ્રી ખિમાવિજય તણો રે લાલ,
જશ જગ અધિકો હોય રે સોભાગી નેમિ...૯

(૪૮)

નેમજી ચાલો તો તમને આખડીજી,
રાજા શ્રી સમુદ્રવિજયની આણજો;
એમ કરંતા પિયુજી ચાલશોજી;
રાજુલને કાંઈ પાણીના પરચક્ખાણજો... ૧

પાલવ ઝાલુંને ઉભા રહોજી;
કયો છે સાહેબજી મારો દોષ જો; ?
આઠ ભવની પ્રીતિ કેમ તજોજી,
નવમે નવ કરીએ વાલમ રોષ જો... ૨

જાન લઈ જાદવરાય આવીયા જો,
સમજાવ્યા વિણ કેમ જાશો નેમ જો;
રાતે રાજીમતી પરણશે જો,
છેલ છબીલી નારી તજો કેમ જો... ૩

માતાશ્રી શીવાદેવીનો લાડલોજી,
નેમજી કાંઈ જાદવ કુલ શણગાર જો;
પશુડાં દેખીને પાછા વળ્યાંજી,
નેમજી કાંઈ દયાના ભંડાર જો... ૪

આડા અવળાને ઉભા ડુંગરાજી,
વચમાં કાંઈ નદીઓ કેરા પૂર જો;
કેમ કરી આવું પિયુજી તુમ કનેજી,
તુમ વિના મારો રૂંધે છે જીવ જો... ૫

ગાજે વીજેને ઝબકે વીજળી જો,
ઝીણા કાંઈ વરસે ઝરમર મેહજો;

આંસુડે ભીંજાય ચંજુઅનો કંચવોજી.
હૈયે ભીંજાયે નવસેરો હાર જો....૬
સરખી સાહેલી જાયે સાસરે જો,
સાસરે કાંઈ સુખની વાટ જો;
જઈ સાસુને પાય લાગશે જી;
સસરો કાંઈ પૂરે મનના કોડ જો....૭
એમ કરંતા પીયુજી ચાલીયાજી.
જઈ ચઢયા ગઢ ગિરનાર જો;
સહેસાવન જઈ સંયમ આદર્યોજી,
પાંચમી હુંકે નિર્વાણ જો....૮
રાજીમતીએ સંયમ આદર્યોજી,
દંપતી દોય શિવમંદિરમાં જાય જો,
હીરવિજય ગુરૂ હીરલોજી,
માનવિજય તસ ગુણ ગાય જો....૯

(૪૯)

શિવાનંદનકું ખેલાવે હરિ ગોરી,
હાં રે હરિ ગોરી ખેલાવે હોરી;
હાં રે સરોવરીયાને તીર,
નેમકુંવર કેડે પડી હરિગોરી. શિવા૦ ॥૧॥
કેશરીયા વાઘાં ધરી હરી પાસે,
હાં રે હરિ પાસે રે ફુલવાસે;
હાં રે ફુલવાસે રે જલ વાસે,
હાં રે રાધા સહુ સાથ,
નેમકુંવર ખેલાવતી તિહાં હોરી શિ૦ ॥૨॥

નેમજી નગીના નાથજી હોરી ખેલે,
હાં રે હોરી ખેલે રસીયા ખેલે;
હાં રે રંગ ભરી ભરી રે કચે લે,
હાં રે ઝકઝોલે નેમ,
કેશવ કેસૂડાં ભરી રસ ઘોળે. શિ૦ ॥૩॥

ફાગ રામ રસ રીતસેં ગીત ગાવે,
હાં રે ગીત ગાવે તાન બજાવે;
હાં રે હોરી ફગુઆં ખ્યાલ ખેલાવે,
હાં રે ઉડે લાલ ગુલાલ,
લાલ કન્હૈયા લાલસેં પ્રભુ ખેલે. શિ૦ ॥૪॥

ચંપક-કેતકી- માલતી વાસંતી
હાં રે વસંતે હારૂઅર ફુલિયાં;
હાં રે પ્રભુ દેખી વિનયસે ટલિયાં,
હાં રે વાજે વીણા રસાલ,
તાલ-કંસાલ-મૃદંગસે હોરી ખેલે શિ૦ ॥૫॥

ગોવિંદ ગોપી સાથમેં પ્રભુ રમતે,
હાં રે તીનસે વરસાં (૩૦૦) નિગમતે;
હાં રે રાજુલસેં મિલણાં કરતે,
હાં રે સહસાવન સાંઈ,
સંયમ સાધી કેવલી હુઆ જ્ઞાની...શિવ. ॥૬॥

રાજી હુઈ રાજીમતી વ્રત લીધું,
હાં રે પોતાનું બોલ્યું કીધું;
હાં રે નાણુ સરિખું નાણુ તે લીધું

હાં રે નેમ રાજુલ સાથ,
શિવમંદિરમેં મહાલતે ભઈ જોડી. શિવ. ॥૭॥
જિન ગુણ રાગ સુફાગમેં ભવિ ગાવો,
હાં રે દોય ધ્યાન મૃદંગ મહાવો;
હાં રે તિહું શુદ્ધિ વીણ બજાવો,
હાં રે કંસતાલ વિશાલ,
ચાર શતકની ભાવના ચઉ તાલા, શિવ. ॥૮॥
હાસ્ય-રતિ ને મોહ અબીર બિખરીયાં,
હાં રે અનુભવ રસ ઘોળ કેસરીયા;
હાં રે શુભવીર વચન રસ ભરીયાં,
હાં રે ભાવ હોરી ખેલાય,
સાકારે શિવસુંદરી ઘર લાવો,
શિવાનંદકું ખેલાવે હરિ ગોરી. ॥૯॥

(૫૦)

મત જાઓ મત જાઓ મત જાઓ રાજ,
નણદીરા વીરા પીયુજી મત૦
તનરા ખાવન મનરા મેલાવન, બિન મેલાવો નવિ તજે;
તજી કરી પ્રીત સતિ નારી, અવર મેલાવો કિમ
ભજે....મત૦ (૧)
ભજતાંને ભજીયે ભગવંત, અંત લગે તે નિરવહે;
મધ્યાહ્નોત્તર તરૂની છાંય, શીતલ રવિ સાથે રહે
મત જાઓ....(૨)
નિરગુણ નર નારીશું પ્રેમ, છાયા છીલ પરભાતની;

વેધક ચતુર સનેહી સાથ, પ્રીત ભલી એક રાતની
મત૦....(૩)

નારાયણ કરતાં સુખલીલા, બત્રીશ સહસ પ્રિયંવદા;
હું એકાકી સ્વામી સનેહ, ગેહ રહી રમશું સદા....મત૦(૪

દ્રવ્યથી દર્શન પૂર્ણ ન કરતા, ભાવ દશા વિરહે વહી;
કૂપની છાયા કૂપ સમાવે, કોંશ સવિ મનમાં રહી....મત૦(૫

ઈમ રાજીમતી સહિયર માંહિ, વાતે વૈરાગે ભલી;
પ્રીતમે પરીહરી કીધી દૂર, રાગ દશાયે સાંકળી....મત૦ (૬)

પણ બીજો વર વરવા નેમ, નેમ વિના નિશ્ચય થકે;
હાથ ઉપર નવિ દીધો હાથ, હાથ મેલાવીશ મસ્તકે
મત૦....(૭)

સતી સંવેગે રહી ઘરમાંહિ, પ્રભુ સહસાવન સંયમી;
કેવલ લહી જિન દીક્ષા દીધ, રાજુલને કરી નિજ સમી
મત૦....(૮)

પાલે પ્રીતિ હોય અખંડિત, સાસય સુખ શિવમંદિરે;
શ્રી શુભવીર જાસ સનેહ, તે સુખભર લીલા કરેહ
મત૦...(૯)

(૫૧)

નેમિ જિણંદ નિરંજણો, જઈ મોહ થળે જળ કેળ રે;
મોહના ઉદ્ભટ ગોપી, એકલમલ્લે નાખ્યા ઠેલ રે.
સ્વામી સલુણા સાહિબા, અતુલી બલ તું વડ વીર રે,
સ્વા... ૧

ક્રોધક તાણી મૂકતી અતિ તીખાં કટાક્ષના બાણુ રે;
વેધક વચણુ બંદુક ગોળી, જે લાગે જાયે પ્રાણુ રે.
સ્વા.... ૨

અંગુલી કટારી ઘોંચતી, ઉછાળતી વેણી કૃપાણુ રે.
સિંથો ભાલા ઉગામતી, સિંગ જળ ભરે કોક બાણુ રે.
સ્વા.... ૩

કુલ દડા ગોળી નાખે, જે સત્વ ગઢે કરે ચોટ રે,
કુચ યુગ કરિ કુંભસ્થળે, પ્રહરતી હૃદય કપાટ રે.
સ્વા.... ૪

શીલ સન્નાહ ઉન્નત સજે, અરિ શસ્ત્રને ગોળ ન લાગ્યો રે.
સોર કરી મિથ્યા સવે, મોહસુભટ દહો દિશિં ભાગ્યા રે.
સ્વા.... ૫

નવ નવ ભવ યોદ્ધો મંડયો, સજી વિવાહ મંડપ કોટ રે.
પ્રભુ પણુ તસ સન્મુખે ગયો, નીસાણે દેતો ચોટ રે.
સ્વા.... ૬

ચાકરી મોહની છોડવી, રાજુલને શિવપુર દીધ રે,
આપે રૈવતગિરી સજી, ભીંતર સંયમગઢ લીધ રે.
સ્વા.... ૭

શ્રમણુ ધરમ યોદ્ધા લડે, સંવેગ ખડગ છતિ ઢાલ રે,
ભાલા કેસ ઉપાડતો, શુભ ભાવના ગડગડે નાળ રે.
સ્વા.... ૮

ધ્યાનધાર શર વરસતો, હણી મોહ થયો જગનાથ રે,
માનવિજય વાચક વદે, મે ગ્રહ્યો તાહરો સાથ રે.
સ્વા.... ૯

(૫૨)

સહસાવન જઈ વસીએ,
ચાલોને સખી સહસાવન જઈ વસીએ,
ઘરનો ધંધો તો કદીએ ન પૂરો,
જો કરીએ અહો-નિશિયે;
પીયરમાં સુખ ઘડીયે ન દીઠું,
ભય કારણ ચઉ દિશિયે. ચાલોને. ૧

નાક વિહુણા સયલ કુટુંબી,
લજ્જા કિમપિ ન પચીએ,
લેલાં જમીએ ને નજર ન દીસે,
રહેવું ઘોર તમસી એ. ચાલોને. ૨

પીયર પાછલ છલ કરી મેલ્યું,
સાસરીએ સુખ વસીએ,
સાસુડી તે ઘર-ઘર ભટકે,
લોકને ચટકે ડસીએ. ચાલોને. ૩

કહેતાં સાસુ આવે હાંસુ,
ખુંશીએ મુખ લેઈ મસીએ,
કંત હમારો બાલો ભોલો,
જાણે ન અસિ-મસિ-કસીએ. ચાલોને. ૪

જુઠા બોલી કલહણ શીલા,
ઘર-ઘર શુની જયું ભસીએ,
એ દુઃખ દેખી હઈડું મૂઝે,
દુર્જનથી દૂર ખસીએ. ચાલો. ૫

રૈવતગિરિનું ધ્યાન ન ધરીયું,
કાલ ગયો હસ મસીએ,
શ્રી ગિરનારે ત્રણ્ય કલ્યાણક,
નેમિ નમન ઉલ્લસીએ. ચાલોને. ૬

શિવ વરશે ચોવિશ જિનેશ્વર,
અનાગત ચોવિશીએ.
કૈલાસ ઉજ્જયંત-રૈવત કહીએ,
શરણ ગિરિને ફરસીએ. ચાલોને. ૭

ગિરનાર નંદભદ્ર એ નામે,
આરે-આરે છઞ્ઞવિશિએ,
દેખી મહિતલ મહીમા મોટો,
પ્રભુ ગુણ જ્ઞાન વરસિયે. ચાલોને. ૮

અનુભવ રંગ વધે તેમ પૂજો,
કેશર ઘસી ઓરસીએ,
ભાવ સ્તવ સુત કેવલ પ્રગટે,
શ્રી શુભવીર વિલસીએ. ચાલોને. ૯

(૫૩)

રથન દીઠે દિલડાં ઠરીયાં, વાલ્હમ વલતાં વલિ ઉકલિયાં,
ધુમે આંસુ ભરિયાં નયણાં, શ્યાં કહું વયણાં રે,
વાલ્હો મારો મોજી મનડા કેરો, સુણજયો સયણાં રે;
નેમ વિણ ન ભજું નાથ અનેરો.... ૧

પિઉડે પ્રેમ નજર નવિ પ્રેરી,
સુખભર સુરત રતિ નવી ખેલી;

વાલ્હે મારે ભરજોવનમાં મેલી, પરણ્યા પહેલી રે.
વાલ્હો.... ૨

હાં રે વાલ્હે મુખ કંસાર નવિ ઘાલ્યો,
વાલ્હે મારો હાથેવાલો; નવિ ઝાલ્યો,
નિપુણ થઈને નેહ ન પાલ્યો,
શું રથ વાળ્યો રે વાલ્હો૦.... ૩

હાં રે વાલ્હા નાથ વિહુણા રહેતાં,
કુલવટ સતિયપણું શીર વહેતાં,
હાં રે વાલ્હા નિત ઓલંભા સહેતાં,
હવે નથી કહેતાં રે વાલ્હો૦.... ૪

વાલ્હો મારો શિવરમણીનો કામી,
અલવેસર આતમ વિશરામી,
ન કરૂં ખામી સેવા પામી, અંતરજામી રે.
વાલો મારો.... ૫

ઇમ ચિંતવતી રાજુલબાલા પ્રભુજી પામ્યા જ્ઞાનવિશાલા
સહેસાવન સંયમ પિયુ હાથે, વિચરી સાથે રે.
વાલો મારો.... ૬

પંચાવન દિન આપ કમાણી, પ્રભુ આપે જાણી પટરાણી;
દંપતી દોય મુક્તિપદ પાવે. ક્ષાયિક ભાવ રે.
વાલો મારો....

લોકોત્તર પ્રભુ પ્રેમ તે પાલે, દ્રુગ ઉપયોગ વસ્તુ નિહાલે,
જગત ઉપાધિ ભાવને ટાલે, સૌખ્ય વિશાલે રે.
વાલો મારો....

જસ સુખ અંશ જગત નવિ માવે,
યોગીશ્વર પણ જેહને ધ્યાવે,
શ્રી શુભવીર વચનરસ ગાવે, ઉલ્લસિત ભાવે રે.
વાલો મારો. ૯

(૫૪)

સહસાવનમાં એક દિન સ્વામી, નેમિ સમોસર્યા,
વાલાજી અમે આવ્યા છે આશા ભર્યા....(૨)
શ્રીપતિ સાથે રાજુલ વંદી, બોલો પિયુ પ્યારા....વાલાજી....૧
જાન સજી કરી જાદવ જુગતે, તોરણ રણ રઝળાવ્યા,
મંદિર દેખી મોહન ચાલ્યા, મેલી આશા ભર્યાં....વાલાજી....૨
આઠ ભવાંતર પ્રેમ પ્રકાશી, નવમે નિરાશ કર્યા.
સંયમ સાધન સાંઈ સલુણા, અમને નિરાશ કર્યા....વાલાજી....૩
પરહરી પ્રીતમ પ્રેમરસીલે, રાજુલ રોષ ભર્યાં,
નિધણીયાતી નારી સુણીને, અભુધ જનમ ઉધર્યાં....વાલાજી...૪
રોગ સરોગ વિજોગ ભવોભવ, દેખી દિલમાં ડર્યાં,
સાસય સુખ સગપણ મલ્યું, શિરપર હાથ ધર્યા....વાલાજી....૫
પ્રીતમ પાલવ પલક ન છોડું, પતિવ્રતાએ વર્યા,
સમતા સ્વામીની ભોગવે ભામીની, નરહે ખીણ વિસર્યા....
વાલાજી...૬
દિન પંચાવન પ્રેમ વિલુધા, વરસ વિજોગે વર્યા,
દીનદયાળું દર્શન કરીને, પૂરણ આજ ઠર્યાં...વાલાજી...૭
કેવળ લચ્છીમાં ભાગ અમારો, અંતે હળે હળ્યા,
એમ વદંતી પુન્ય પનોતી, સંયમ લેઈ વિચર્યા રે...વાલાજી...૮

કેવળ પામી રાજુલ નેમિ, સાદિ અનંત વર્યા,
શ્રી શુભવીર રસીલા સાહિબ સમરે કાજ સર્યાં રે...
વાલાજી.

(૫૫)

સૌરીપુર નયર સોહામણું રે જગજીવના રે નેમ,
સમુદ્રવિજય નરપાલ હો દીલરંજના રે નેમ.
ચવિયા અપરાજિત થકી જગ., કાર્તિક વદ બારસ હો.
દિલ...

શિવાદેવી કુખે અવતર્યા જગ.
માનસર જીમ મરાલ હો દિલ.
શ્રાવણ સુદ દિન પંચમી જગ.
પ્રસવ્યો પુત્ર રતન હો દીલ...

યૌવન વય પ્રભુ આવીયા જગ.
નીલકમળ દલ વાન હો દીલ
પરણો સુંદર સુંદરી જગ.
ઇમ કહે ગોપી કાન હો દીલ...

શ્રી ઉગ્રસેનની કુંવરી જગ.
વરવા કીધી જાન હો દીલ.
પશુ દેખી પાછા વળ્યા જગ.
હુવા યાદવકુલ હેરાન હો દીલ.

તોડે હારને તીહાં રડે જગ.
રાજુલ દુઃખ ન માય હો દીલ

કહે પીયુજી પાયે પડું જગ.
છોડી મુજ મત જાવ હો દીલ... ૫
કીડીશું કટક કાં કરો. જગ.
એ તુમ કુણ આચાર હો દીલ.
માણસના દીલ દુહવો જગ.
પશુઆશું કરી પ્યાર હો દીલ.... ૬
નવભવ નેહ નીવારીયો. જગ.
દેઈ સંવત્સરી દાન હો દીલ.
શ્રાવણ સુદ છઠ્ઠને દિન. જગ.
સંયમ લીયે વડવાન હો દીલ.... ૭
તારી રાજુલ સુંદરી જગ. દેઈને દિક્ષા દાન હો દીલ.
અમાવાસ્યા આસો તણી જગ.
પ્રભુ લહે કેવળજ્ઞાન હો દીલ.... ૮
સહસવર્ષ પ્રભુ આઉખું જગ.
પાળી શ્રી જીનરાજ હો દીલ.
અષાઢ સુદિ આઠમે જગ.
પ્રભુ લહે શીવપુર રાજ હો દીલ... ૯

(૫૬)

પ્યારી વિના દુઃખ પામશો રે, એકલડા અગાધ;
જંબુવતી કહે જાણશો રે,
આગળ નેમજી વાત હો દિયર.... ૧
રાંધી રસોઈ કુણ આપશે રે,
ટંકે તમો ને નીત હો દિયર.

પીરસે કોણ મૂકી પાટલો રે,
　　　　　પુરી ધરીને પ્રીત હો દિયર.... ૨
વહેલા મોડા કદી આવશો રે,
　　　　　જઈને તમે બહાર હો દિયર.
આવતાં વેંત કોણ આપશે રે,
　　　　　ઉનો કરીને આહાર હો દિયર.... ૩
વેળા કવેળા અન્ન પામશો રે;
　　　　　વાળું વહેલું ન થાય હો દિયર.
પારકા હાથે પ્રેમથી રે,
　　　　　ધાર્યું ધરાઇ ન ખવાય હો દિયર.... ૪
ખારું મોળું ને અતિ ખાટકું રે,
　　　　　તીખું કાચું કો દિશ હો દિયર.
કોને કહેશો વિના કામિની રે,
　　　　　ચિત્ત ચડાવીને રીસ હો દિયર.... ૫
ભોજન મળે ના ભાવતું રે,
　　　　　કો દિન અમરત પાક હો દિયર.
તેમાં તર્કે નહીં જોઈતું રે,
　　　　　સ્વાદે સુંદર શાક હો દિયર.... ૬
કો દિન ખાવા ખાખરા રે,
　　　　　કો દિન લાડો કુર હો દિયર.
નારી વિના નર નેમજી રે,
　　　　　તેવું જમશો જરૂર હો દિયર.... ૭
કાટી કાટીને વળી વાસણો રે,
　　　　　કોણ રાખશે રૂડો રંગ ? હો દિયર.

હોંશ કરીને ઘણા હેતથી રે,
પાથરસે કુણ પલંગ હો દિયર.... ૮
શરીર સુખને કારણે રે,
લાવો ભણેરી ભામ હો દિયર.
હવે કહે રાણી રૂક્મણી રે,
સુણો કેવળના શ્યામ હો દિયર.... ૯

(૫૭)

પીયુજી આવી પાછા વળ્યા રે,
ફરી તોરણુ તેજ પ્રકાશ રે;
પશુઆ ઉપર કરૂણા કરી રે,
મને મેલી ઊભી નિરાશ રે.... ૧
જાદવલોક ઝુરે ઘણું રે,
થઈ મોટા તજો મરજાદ રે;
બંધવ હરિ બળદેવના રે,
તમે મ કરો છોકરવાદ રે.... ૨
સુખભર પીયુ પાછા વળ્યા રે,
દચિતાનો દેખાવી દોષ;
ગુણવંત ગુણના રાગીયા રે,
મુજ દોષ વિનાશી શોષ રે.... ૩
જાણું પ્રીતમ વૈરાગીયા રે,
મુજ રાગ રસીલી કાય;
શંખ લંછન શ્રી નાથજી રે,
કેમ પ્રેમ મેળાવો થાય રે ?.... ૪

મેલા ખેલા સંસારના રે, મળવું હળવું એકાંત;
રાહુ ગ્રહે રવિ ચંદ્રમા રે,
　　　　તારા પર તેજ ગણુવંત રે.... ૫
વાલમ ચોરી ચતુરાઈ મળી રે,
　　　　મુજ કર પર ન દીયો હાથ;
સાથ અવિચલ તેને કરી રે,
　　　　દીક્ષા શિર હાથ સનાથ રે.... ૬
દાન દેઈ નેમ નાથજી રે,
　　　　સહસાવન સંજમ લીધ;
ધ્યાનાંતર ધ્યાને ચડયા રે,
　　　　પ્રભુ પામ્યા કેવળ રિધ રે.... ૭
નવ ભવ નેહ નિહાળતાં રે,
　　　　રાજીમતી દીક્ષા લીધ;
વરસાંતે થઈ કેવળી રે;
　　　　સતીએ બોલ્યું તે કીધ રે.... ૮
દંપતી દોય મુક્તે ગયા રે,
　　　　બની સાદિ પ્રીત અનંત;
સહજાનંદ વિલાસમાં રે,
　　　　શુભવીર ભજો ભગવંત રે.... ૯

(૫૮)

નીરૂપમ નેમજી રે, વાલમ મૂકી કયાં જાઓ;
તોરણ આવીને રે, એમ કાંઈ વિરહ જગાવો રે....૧
કરુણા પશુ તણી રે, કરતાં અબળા ઉવેખો;
દુરજન વયણુથી રે, એ નહિ સાજન લેખો....૨

શશી લંછન કીયો રે, સીતા રામ વિયોગ;
વિબુધ જને કિયો રે, ન્યાયે નામ કુરંગ....૩
ગુન્હો કયો કીધો રે, જો રડતી એકલડી છંડી;
ગણિકા સિદ્ધ વધુ રે, તેહ શું પ્રીતલડી મંડી....૪
અષ્ટ ભવ નેહલો રે, નવમે છેહ મ દાખો;
દાસી રાજુલા રે, સાહિબ ગોદમાં રાખો રે....૫
પૂન્યે પરગડા રે, ભુજથી યાચક લોકા;
દાન સંવત્સરી રે, પામે વાંછિત ભોગા....૬
લગ્ન અવસરે રે, જમણો હાથ ન પામી;
દીક્ષા અવસરે રે, દીજે અંતરજામી....૭
માતા શિવાતણો રે, નંદન ગુણમણી ખાણી;
સંયમ આપીને રે, તાર્યા રાજુલ નારી....૮
મુક્તિ મહેલે મળ્યા રે, દંપતિ અવિચલ ઠામે;
ક્ષમાવિજયતણો રે, સેવક જીનગુણ ગાવે....૯

(૫૯)

રાજુલ ઉભી માળીએ રે, જંપે જોડી હાથ
સાહેબ શામળીયા,
મુખ મટકાળુ તાહરૂં રે, અણિયાલા લોચન,
સાહેબ શામળીયા.... ૧
મોહનગારી સુરતે રે, મોહ્યું માહરૂં મન,
સાહેબ શામળીયા;
વ્હાલા કેમ રહ્યા વેગળા રે, તોરણ ઉભા આય,
સાહેબ શામળીયા.... ૨

પૂરવ પુણ્યે મેં લહ્યો રે, એવો આજ બનાવ,
સાહેબ શામળીયા;
એવે સહુ પશુ મળી રે, કીધો સબળો શોર,
સાહેબ શામળીયા.... ૩
છોડાવી પાછા વળ્યા રે, રાજુલ ચિતડું ચોર,
સાહેબ શામળીયા;
સહસાવન માંહે જઈ રે, સહસ પુરૂષ સંઘાત,
સાહેબ શામળીયા.... ૪
સર્વવિરતિ નારી વરી રે, આપણુ સરખી જાત,
સાહેબ શામળીયા;
પંચાવનમેં દહાડલે રે, પામ્યા કેવલ નાણુ,
સાહેબ શામળીયા.... ૫
લોકાલોક પ્રકાશતા રે, જાણી ઉગ્યો ભાણુ,
સાહેબ શામળીયા;
રાજુલ આવી રંગશું રે, લાગી પ્રભુને પાય,
સાહેબ શામળીયા.... ૬
મુજને મૂકીને એકલી રે, કેમ શિવમંદિર જાય,
સાહેબ શામળીયા;
વીતરાગ ભાવે વર્યા રે, સંજમ લે જિન હાથ,
સાહેબ શામળીયા.... ૭
શિવમંદિર ભેળા થયા રે, અવિચલ બેહુનો સાથ,
સાહેબ શામળીયા;
વાચક રામવિજય કહે રે, સુણી સ્વામી અરદાસ,
સાહેબ શામળીયા.... ૮

રાજુલ જેમ તારી તુમે રે, તેમ તારો હું દાસ,
સાહેબ શામળીયા;

(૬૦)

## શ્રી નેમનાથજીનો ચોક

આ જોને બેની જાદવપતિ આવે ઠાઠમાં,
હાંરે ઘણા વાજિંત્ર વાગે તાનમાં આ જોને૦ ૧
આજ મારે ઘેર આનંદનો દીન છે,
હાંરે મારે જડયું ચિંતામણી હાથમાં. આ જોને૦ ૨
છપ્પન કોડ જાનૈયા સરખા,
હાંરે મારે હરિ બળભદ્ર છે સાથમાં. આ જોને૦ ૩
મેના રથ માફા ને વળી પાલખી,
હાંરે મારે સર્વ ચાલે છે ઘણાં તાનમાં. આ જોને૦ ૪
ગજવર બહુ મલપંતા રે ચાલે,
હાંરે મારે શોભા શી કહું એની જાનમાં. આ જોને૦ ૫
વચમાં આવે છે મારો પ્રાણ જીવનજી,
હાંરે મારે શોભે તારામાં જેમ ચંદ્રમા. આ જોને૦ ૬
નેમકુંવર સમો નહિ જગરૂપ,
હાંરે મારે નહિ કોઈ સુરનર ઇંદ્રમાં. આ જોને૦ ૭
રાજેમતિ નિજ માળીએ નીરખે,
હાંરે મારે હરખ ન માયે મનમાં. આ જોને૦ ૮
અમૃતવિમળ પ્રભુ હૃદયમાં વસીયા,
હાંરે મારે રમે તે શીવવધૂ રંગમાં. આ જોને૦ ૯

(૬૧)

નેમિજિનેશ્વર નાયક માહરો રે, ક્ષાયિક સમકિત દેહ;
સાયક ન લાગે રે કામતણા જિહાં રે, લાયક ગુણનો ગેહ.
નેમિ૦ ૧

સુર-નર નાયક જેહને ઓલગે રે, પાયક પરે કરજોડ;
નાયકડાં રે જગે દીસે ઘણાં રે, નાયક ન એહની જોડ;
નેમિ૦ ૨

જે જગે યોગ ક્ષેમંકર જાણીએ રે, તેહિ જ નાયકભાવ;
નાયકડાં રે નામે છે ઘણાં રે, કાચ કથીર સમભાવ.
નેમિ૦ ૩

રાજુલ કહે એ મુજ ચિત્ત કારણે રે, માહરે નાયક નેમ;
પતિભાવે રે હું ચિત્ત મેળવા રે, અવર શું પ્રેમનો નેમ.
નેમ૦ ૪

વર ધણી પતિ કંથ નાથધર નામથી રે, નાયક પ્રીતમ કંથ;
એહ ઉપાધીક નામ અનેક છે રે, તેહની નહીં મુજ ખંત.
નેમ૦ ૫

દુષ્કૃત દૂર પાવન કરે તે પતિ રે, નેહથી રાખે તે નાથ;
જેહનો સંયોગ નિરૂપાધિક ગુણે રે, નાયક તે શિવ સાથ.
નેમ૦ ૬

પ્રીતમ તે પરમારથે દાખીયે રે, રોષ-તોષ ન જાસ,
કંત અમૂર્ત્તિઅચલ અવગાહનારે, એહવા વર તણી આશ.
નેમિ૦ ૭

છટકી-છટકી છેહ દીયે જીકે રે, નેહ ન રહે લગાર;
પરશુ પર પરભાવે જો મીલે રે, તો દિલ નહીં ભરથાર.
નેમિ૦૮

રાજુલ મંજુલ એમ મન ચિંતવી રે, લીધો સંયમભાર;
ઈણી પરે દિલ ધરી પ્રીતિ જે નિરવહે રે, તેહી જ સુગુણ શિર.
નેમિ૦ ૯
જ્ઞાનવિમલ પ્રભુતાએ હળીમળી રે, અંતર નહીં લગાર;
સમુદ્રવિજય નૃપનંદન કુલતિલો રે, ધન્ય શિવાદેવી મલ્હાર.
નેમિ૦ ૧૦

(૬૨)

નેમજી તોરણથી રથ વાળી કે, પ્રભુ પાછા વળ્યા રે લોલ;
ધનરા નેમજી રે લોલ.
નેમજી તતક્ષણ રાજુલ નાર કે, જળ નયણે ભર્યાં રે લોલધ...૧
નેમજી એમ કેમ તોડો પ્રેમ કે, કઠિણ હઈડું કરો રે લોલ;
નેમજી પૂરવભવની પ્રીતી કે, તે કેમ વિસરી રે લોલ ધ....૨
નેમજી ચોલે મજીઠો રંગ કે, સુગુણની પ્રિતડી રે લોલ;
નેમજીદિન દિન ચઢતે હેત કે, ઉત્તમની રીતડી રે લોલ ધ...૩
નેમજી વાદળીયાની છાંય કે, ઘડી થીર નવી રહે રે લોલ;
નેમજી નિર્ગુણ નિઃસ્નેહ કે, નેહ નહિ રહે રે લોલ ધ....૪
નેમજી હું તો તુમ શુણ લીન કે, વૈરાગી તૂં સહી રે લોલ;
નેમજી જલિ જલિ મરે પતંગ કે, દીવાને મન નહીં રે લોલ;ધ...૫
નેમજી નિરંજન ભગવાન કે, તૂં ને કાંઈ નવિ અડે રે લોલ;
નેમજી એહ એકાંગી પ્રીત કે, કેમ પૂરી પડે રે લોલ ધ...૬
નેમજી વિરહ અગ્નિની જવાળા કે હૈડા પરજલે રે લોલ;
નેમજી મનના દુઃખની વાત કે, કહીએ કોણ આગળ રે ?
લોલ ધ....૭

નેમજી સહજ સુરંગ સાજન કે, ક્ષણ ક્ષણ સાંભરે રે લોલ;
નેમજી જેહશું લાગ્યું ચિત્ત કે, તે કેમ વિસરે રે લોલ ધ...૮
નેમજી ગુણ અવગુણ વાત કે, જોતા કેમ વિસરે રે લોલ;
નેમજી બાંહ્ય ગ્રહ્યાની લાજ કે, સુમાણસ સાચવે રે લોલ;
ધ...૯
નેમજી રાજુલ દીક્ષા લેઇને કે,મુક્તિ મહેલે મળ્યા રે લોલ;
નેમજી હંસરતન પ્રભુ હેજ કે, સફળ વંછિત ફળ્યાં રે;
લોલ ધ...૧૦

(૬૩)

સમુદ્રવિજય કુલ ચંદલો રે, શિવાદેવીનો નંદ (૨);
દવકુલમાં ઉપન્યો રે, હાંરે માતપિતા મહંત (૨).
મોહનગારા નેમજી૦ ૧
બાંહે બાજુબંધ બેરખાં રે, વેઢ વીંટી જડાય (૨);
કેડે કંદોરો હેમનો, હાંરે સાવ રત્ને જડાય (૨).
મોહનગારા નેમજી૦ ૨
પાયે રાખોડી મોજડી રે, કાને કુંડલ સાર (૨);
ઉગ્રસેન રાજા ઘેર બેટડી રે, હાંરે નામે રાજુલનાર (૨).
મોહનગારા નેમજી૦ ૩
સર્વે સાહેલી ટોળે મળી રે, નાચે નેમ દરબાર (૨);
લળી લળી લે છે કુદડી રે, જગમાં વાંઢા કહેવાય (૨)
મોહનગારા નેમજી૦ ૪
નેમજીનો વિવાહ મનાવીઓ રે, કીધી કૃષ્ણને વાત (૨);
શ્રાવણ સુદી દિન પંચમી, હાં રે લગ્ન લીધો તેણીવાર (૨)
મોહનગારા નેમજી૦ ૫

હય ગય રથ શણુગારીયા રે, નેમ બેઠા તેણીમાંય (૨);
લૂણ ઉતારે તેની બેનડી રે, માતા ધવલમંગલ ગાય (૨)
મોહનગારા નેમજી૦ ૬
તોરણ પાસે આવીયા રે, કીધો પશુએ પોકાર (૨);
શાળાને બોલાવી પૂછીયું રે, માંડવે આવડો શો શોર (૨)
મોહનગારા નેમજી૦ ૭
રાતે રાજુલ બેની પરણશે રે, વિવાહ તમારે કાજ (૨);
પ્રભાતે પશુડાં હણાવીશું, હાં રે ગૌરવ દેશું તેણીવાર (૨)
મોહનગારા નેમજી૦ ૮
તોરણથી રથ ફેરવ્યો રે, ગયા ગઢ ગિરનાર (૨);
ભડે પડયું આ પરણવું રે, હાં રે શીલા ઢળી સંસાર (૨)
મોહનગારા નેમજી૦ ૯
નેમજી સહેસાવન જઈ કરી રે, લીધો સંયમભાર (૨);
હીરવિજયની વિનંતિ રે, હાં રે સ્તવન રચ્યું તેણીવાર.(૨)
મોહનગારા નેમજી૦ ૧૦

(૬૪)

નેમજી સહેસાવન અમને મહીને સીધાવો,
એકવાર આવીને રાજુલ મ ડાં મનાવો રે;
મારા વાલા નેમજી....૧
હું છું અબળા તોરા ચરણની દાસી,
દરિસણ દેખાડી તમે જાઓ છો શું નાસી;
મારા વાલા નેમજી....૨
આવ્યો શિયાળો દેહ થરથર ધ્રુજે,
નેમજી ચાલ્યા ને રાજુલ રહ્યા રહ્યા ઝૂરે. મારા....૩

આવ્યો ઉનાળો નેમ કેમ જાઓ બાળી,
નદીને કિનારે જઈને રથ પાછો વાળી;
મારા વાલા નેમજી....૪
આવ્યું ચોમાસું પંખીએ ઘાલ્યા છે માળા,
નેમજી ચાલ્યા ને રાજુલને કોણ રખવાળા; ?
મારા વાલા નેમજી....૫
શત્રુંજય ઉપર કેવડા કટારા,
મેં ન્હોતું જાણ્યું નેમ આવડા અટારા;
મારા વાલા નેમજી....૬
શત્રુંજય ઉપર દૂધના છે ખ્યાલા,
મેં ન્હોતા જાણ્યા નેમ દુઃખના જ દહાડા (૨)
મારા વાલા નેમજી....૭
શત્રુંજય ઉપર વેર્યાં છે મોતી,
નેમજી ચાલ્યાને રાજુલ મેલી છે રોતી (૨).
મારા વાલા નેમજી....૮
શાને કારણે આવડો મોહ લગાડયો,
દર્શન દેખાડી જુનો પ્રેમ જગાડયો;
મારા વાલા નેમજી....૯
ઉદયરત્ન કહે નેમ નિરાગી,
નેમજી ચાલ્યા ને રાજુલ મુક્તિના વાસી (૨).
મારા વાલા નેમજી....૧૦

(૬૫)

આયો વસંત હસંત સાહેલી, રાધ મધુ દોય માસ લલના;
વિરહી ડસંતો ને નામ વસંતો, સંતકું સદા સુખવાસ.
મન માન સરોવર હંસલા હો.

રાગ વસંત કરંતહ ગોપી, ખેલત હોરી મુકુંદ લલના;
કહે રાજુલ સુણ મિગાવઈ હો, વિરહીકું દુઃખદાઈ ચંદ.
મન. ૨

મુખ મંજરી વરી કોયલ ટહુકે, જબ ફલીયો માકંદ લ॰;
મધુકર માલતી પરિમલ લે હો, મરાલ યુગ અરવિંદ.
મન. ૩

તરૂકે પ્રવાલ પલાસ ભયે હી, કેતકી અબીર ગુલાલ લલના;
રંભા શ્રીખંડ સુચંપક વિકસે, દાડીમી ફલ સુવિશાલ.
મન. ૪

ખંડ સમસ્ત સુમનસ સુગંધે, કામી ચિત્ત હિતકાર લલના;
ઈણે અવસર ચલીઓ હમ છોડી, કંતજી ગઢ ગિરનાર.
મન. ૫

વાતાયુ શિરવંક ચઢાઈ, કયા હમ દોષ સુનાથ લલના;
ઇણી સમે કર પરિ પાણી ન પાએ, સંયમે શિરવર હાથ.
મન. ૬

સંયમ વરી કરી તપ જપ કિરીયા, પીયુ પહેલાં શિવ જાય લલના;
નિજ બેન્હી શિવવહુ દેખણકું, સ્વભાવી સુખશું મિલાય.
મન. ૭

કાલ અનાદિકી મોહ નોકરી, છોડવી રાજુલ નારી લલના;
તસ નૃપ મોહ તોડીયો, બાંધવ રહનેમ તારી.
મન. ૮

વરદત્ત વિપ્ર ઘરે ધૂર પારણું, એકાદશ ગણધાર લલના;
ગોમેધ અંબિકા સુર દેવી, નેમજી સેવ કરે સાર.
મન. ૯

છત્તિસહિય શતપંચ મુનિયુત્ત, એક માસી ઉપવાસ લલના;
બ્રહ્મ મહોદય પદ મહાનંદો, પામીયા કરમને નાશ.
મન. ૧

જગ જશવાદ લહે સો બેઠો, વલી શુભવિજય વિશાલ લલના;
વીર કહે જે દંપતી ધ્યાવે, મંગલ તણી લહે માલ.
મન. ૧

(૬૬)

નેમ પ્રભુજીએ રથ પાછો વાળી રે,
કલ્પાંત થયો છે તત્કાળી રે;
ત્રાય ત્રાય ને પડે વર તાળી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનારી રે. ૧

રોમ રોમ જાનૈયા થોકે રે,
સુણી વાત ભેળાં થઈ લોકે રે;
રાણી રાજુલ ધરતીમાંના શોકે રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૨

મને અન્ન ઉદક નવિ ભાવે રે,
રોતાં રોતાં દિવસ રાત જાવે રે;
મને ક્રોધ વિચાર ઘણો થાવે રે.
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૩

મને ભક્ષ્ય આભૂષણ કોણ દેવે રે,
વળી એકાંત વાત કોણ કેવે રે?
ઓશિયાળા અનેક લોક કેવે રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૪

અર્ધ નિદ્રામાં સપનું દેખાડી રે,
સુતી નિદ્રામાં સખીએ જગાડી રે;
સુખ લીધાં તે સર્વે ગાળી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૫
મને સ્વપ્નું દીઠેલ અપાર રે,
મને પ્રીત રાતદિન સતાવે રે;
બળી અગ્નિમાં રોમ રોમ વ્યાપે રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૬
વીણ વાંકે શું મેલો છો વહેતી રે,
રોતા રોતા રાજુલ એમ કહેતી રે;
રથ આડી રે ઉભી રહેતી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૭
કુળવંતી તુમને છે ઘણી નારી રે,
પ્રીતમ કેમ મેલો છો કુંવારી રે?
હવે અર્ધે શું થયા અકારી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૮
સંજમ લેવું હતો જો તુમારે રે,
ગીત ભાભી પાસે શીદ ગવરાવ્યા રે;
આવો શોર શીદને મચાવ્યો રે?
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે; ૯
સાચો સ્નેહ રાજુલ એમ જાણી રે,
લહી કેવલ તત્ક્ષણ નાણી રે;
સ્વામી પહેલાં તે શીવમાં સમાણી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે. ૧૦

ચાર સંઘ પ્રભુજીએ સ્થાપી રે,
શીવ પહોત્યાં તે કર્મને કાપી રે;
ગુરુ રૂપવિજય જયકારી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનાર રે.

(૬૭)

ચંપકવર્ણી ચુંદડી હો સાહિબા, જઈ રહ્યા ગઢ ગિર
કેશરીયા નેમજી આવજો, મંદિર માહરે હો નેમજી
કેણે લીધી કેણે મુલવી હો સાહિબા
કોણે ખરચ્યો દ્રવ્ય રે; કેશરીયા
કૃષ્ણે લીધી વાસુદેવે મુલવી હો સાહિબા
નેમજીએ ખરચ્યો દ્રવ્ય
કેશરીયા નેમજી.
નેમજી તોરણ આવીયા હો સાહિ
પશુડે કીધો પોકાર રે .. કેશરી
રાજુલની સહિયરો માંહિ હો સાહિ
અહો શ્રી રાજુલનો કાળો ભરતાર
કેશરીયા નેમજી
કાળા તે ભમર હાથિયા હો સાહિ
કાળા વરસે મેહરે કેશરી
કાળી કસ્તુરી મઘમઘે હો સાહિ
કાળી કાજળ રેખ રે, કેશરી
નેમજીએ શાલાને પૂછીયું હો સાહિ
માંડવે આવડો શોર શો રે ? કેશ

રાતે તે રાજુલબેની પરણુશે હો સાહિબા,
પ્રભાતે ગૌરવ દેશે રે કેશરીયા... ૪
ધિક્ પડ્યું આ પરણવું હો સાહિબા,
શલ્ય વડો સંસાર રે કેશરીયા;
નેમજીએ તાળાં તોડાવીયાં હો સાહિબા,
છોડાવ્યા પશુઓનાં બંધ રે કેશરીયા... ૫
ખડ ખાઓ પાણી પીઓ હો સાહિબા,
જંગલ કરો તુમે વાસ રે કેશરીયા;
નેમજીએ રથ તિહાંથી ફેરવ્યો હો સાહિબા,
જઈ રહ્યા ગઢ ગિરનાર રે કેશરીયા... ૬
તાપે તે વેલુ ધગ ધગે હો સાહિબા,
રાજુલ વિલાપ કરતી જાય રે કેશરીયા;
વળી વળી રાજુલ બીહતી હો સાહિબા,
કોપ્યો કાં હો નેમજી ભલો ભરતાર રે.
કેશરીયા નેમજી... ૭
આ ભવ પરભવ આખડી હો સાહિબા,
આ ભવ એ ભરતાર રે કેશરીયા;
રાંધ્યામાં શું રાંધવું હો સાહિબા,
તેહમાં શો છે સ્વાદ રે કેશરીયા... ૮
જમ્યાં પછી શું જમવું હો સાહિબા,
તેહમાં કીશ્યો સત્કાર રે કેશરીયા;
નેમજી અને રાજુલમાં હો સાહિબા,
શાબાશ ને શૂરવીર રે કેશરીયા... ૯

રાજુલ તમારા કાપડા હો સાહિબા,
સીવડાવ્યા આદિત મંગળવાર રે. કે;
નથી પહેર્યો નથી પહેરશું હો સાહિબા,
ટાંકા તો પારાવાર રે કેશરીયા... ૧૦
ડુંગર ઉપર ડુંગરીઓ હો સાહિબા,
સોની વસે લખચાર રે કેશરીયા;
ઘડયા નેમજીના બેરખા હો સાહિબા,
ઘડયા રાજુલના હાર રે કેશરીયા... ૧૧
ડુંગર ઉપર ડુંગરીઓ હો સાહિબા,
રંગરેજ વસે લખચાર રે કેશરીયા;
તે નેમજીનાં મૂલવ્યાં હો સાહિબા,
રંગ્યા રાજુલના ઘાટ હો કેશરીયા;
રાજુલ મુગતે પધારીયા હો સાહિબા,
જ્ઞાનવિમલ ગુણ ગાય રે કેશરીયા... ૧૨

(૬૮)

## શ્રી રાજુલજીનો વીંજણો

આવ્યા ઉનાળાના દાહાડા કે,
રાજુલ વીંજણીયો શું ન લાવી ?;
મ્હારા નેમને ઢાળવા વાય,
પ્રભુજીના ચરણે શીશ નમાવી કે. ૧
રાજુલ કહે સુણો સૈયર મોરી,
વીંજણીયો શા કારણ લાવું ?;
સ્વામી મૂકી ગયા ગિરનાર કે,
સંસાર છોડી મુનિવર થાવું કે. ૨

ચંદ્ર કહે સુણો રાજુલ બાળા,
સરળ સ્વાભાવિક ન હોય કાળા;
તે કારણ સ્વામીને તજીએ કે,
બીજો વર તુમે મનમાં ભજીએ કે. ३
રાજુલ કહે ન બોલ મ જુઠા,
શ્યામ વસ્તુમાં ગુણ છે મોટા;
એ તો ત્રણ ભુવનનો સ્વામી,
હું તો પૂરવ પુન્યે પામી કે. ४
જિનજી જીવદયા મન આણી,
કે રથડો ફેરી ચાલ્યા પાપ જાણી;
પશુડાં ઉગારી દાન તે દીધાં કે,
કુંવારે મનવંછિત ફળ લીધાં કે. ५
માત કહે સુણો પુત્ર સુજાણ,
તમે તો અનંત ગુણી ભગવાન;
અમારી આશા પુરો એકવાર,
કન્યા પરણી વાન વધારો કે. ६
પુત્ર કહે સુણો માતા અમારી,
પરણું નહિ હું મનુષ્યની નારી;
સંયમનારી મનમાં ધારી,
કે મુજને લાગે અતિ પ્યારી કે. ७
રાજુલ કહે સુણો સૈયર મોરી,
હું તો નવભવ કેરી નારી;
બીજો કોઈ મનમાં ધારી કે,
જાણે શિવવધૂ તારી કે રાજુલ. ८

જિનજી દાન સંવત્સરી દીધું,
ભવિ પ્રાણીનું કારજ સીધ્યું;
સંયમ યાદવ જાન લઈ વળીયા,
દુરતિ ધર્મ ધ્યાનમાં ભળીયા કે. ૯

આવી નવ લોકાંતિક મળીયા,
દેવતા અવસરે અટકીયા;
લઈ ભવજળ નિધિ તરીયાં,
કેવળ પામી શિવસુખ વરીયા કે. ૧૦

રાજુલ દાન પુન્ય નિત કરતી,
નેમનું ધ્યાન હૃદયમાં ધરતી;
સંયમ લઈ ગિરનારે ચડતી,
અષ્ટકર્મનાં દળીયાં તોડી કે. ૧૧

જગમાં ધન ધન એહ નરનારી,
હુવા બાળથી બ્રહ્મચારી;
થયા દંપતિ એ વ્રત ધારી,
પામ્યા શિવપદવી સુખકારી કે. ૧૨

એવો વીંજણીયો જે કોઈ ગાશે,
તસ ઘર મનવંછીત સુખ થાશે;
અમરવિજય એણીપરે બોલે,
નહિ મારા નેમરાજુલની તોલે કે.
રાજુલ વીંજણીયો શું ન લાવી ? ૧૩

(૬૯)

સરસ્વતી સ્વામિની વિનવું રે,
જિનપદ લાગું છું પાય હો નેમ;
ઘુઘરી તારી રણઝણ વાગે,
માતા શિવાદેવી નેમજી જાયા;
હરખ ધરી હુલરાયા હો નેમ...ઘુઘરી તારી૦ ૧
સાત પાંચ વર્ષના નેમજી થયા,
લઈ પાટીને ભણવા જ ગયા,
ભણી ગણીને ઘેર આવ્યા હો નેમ;
ઘુઘરી તારી૦ ૨
નિશાળે ભણુતા ને ઘેર જ ગણુતા,
ભણી ગણીને મોટા થાય;
ઉગ્રસેનના ઘેર જ વિવાહ માંડયા,
જાય છે નેમજીની જાન હો નેમ૦ ૩
અઢાર કોકાકોડી ઇંદ્રાણી સુધી,
જાય છે નેમજીની જાન હો નેમ;
છપ્પન કોડકોડી જાદવ મળીયા,
જાય છે નેમજીની જાન હો નેમ૦ ૪
મોળીયા મેળીને માફા જોતરીયા,
જાય છે નેમજીની જાન હો નેમ;
સૈયર તે રાજુલને ખીજવે રે,
નેમજી કાળો ભરથાર હો નેમ૦ ૫
કાળા તે ગયવર હાથીડાં રે,
કાળી અંધારી રાત હો નેમ૦

કાળી અંધારી કોટડી રે,
　　કાળો વરસે છે મેઘ હો નેમ० ६

કાળો કટાર ઝગમગે રે,
　　કાળી માથાની વેણુ હો નેમ;
કાળી આંખોની કીકીઓ રે,
　　કાળી છે કાજળ રેખ હો નેમ० ७

કાળી કસ્તુરી જો કહી રે,
　　કાળો છે માણુસ ખોડ હો નેમ;
નેમજી તે તોરણુ આવીયા રે,
　　પશુડે માંડયો પોકાર હો નેમ० ८

નેમજીએ સાળાને પૂછીયું રે,
　　તમ ઘર આ શો આચાર ? હો નેમ;
રાત્રે રાજુલ બેની પરણુશે રે,
　　પ્રભાતે દેશું ગૌરવ હો નેમ० ९

ધિક્ પડયું આ પરણુવું રે,
　　શલ્ય ખડો સંસાર હો નેમ;
નેમજી રથ વાળીયાં રે,
　　જઈ ચઢયા ગઢ ગિરનાર હો નેમ० १

નેમજીએ તાળાં તોડીયાં રે,
　　છોડાવ્યાં પશુઓના બંધ હો નેમ;
ચારો ચરો પશુ બાપડા રે,
　　પાણી પીવો તળાવ હો નેમ० १

રાજુલ રૂવે ધ્રુસકે રે, વાળે છે માયને બાપ હો નેમ;
કંકણ દોરો ન છોડીયાં રે,
નાંચ પેરી વરમાળા હો નેમ૦ ૧૨
ઝરમર વરસે મેહુલો રે,
વરસે ભીંજાય છે ચીર હો નેમ;
ગુફામાં જઈ નીચવે રે, દિયરજી દીઠા રૂપ હો નેમ૦ ૧૩
નેમજી નો વરતા તો અમને જ વરજો,
હું છું નેમનો ભાઈ હો નેમ;
રાંધ્યામાં શું રાંધવું રે,
તેમાં શો છે સ્વાદ હો નેમ૦ ૧૪
હીરવિજય ગુરૂ હીરલો રે,
લબ્ધિવિજય ગુણ ગાય હો નેમ;
ઘુઘરી તારી રણઝણ વાગે૦ ૧૫

(૭૦)

સખી તોરણ આવી કંત પાછા વળીયાં રે;
મુજ ફરકે દાહિણ અંગ, તિણે અટકલીયાં રે....સખી૦૧
કુણ જોશીએ જોયા જોષ, ચુગલ કુણ મીલીયા રે ?;
કુણ અવગુણ દીઠા આજ જિણથી ટળીઆ રે....સખી૦૨
જાઓ જાઓ રે સહીઓ દૂર, શ્યાને છેડો રે;
પાતળીઓ શ્યામલ વાન, વાલમ તેડો રે....સખી૦૩
જાદવકુળ તિલક સમાન, એમ ન કીજે રે;
એક હાસ્યને બીજી હાણ કેમ ખમીજે રે ?....સખી૦૪
ઈહાં વાયે ઝાંઝ સમીર, વીજળી ઝબકે રે;
બપૈયો પિયુ પોકાર, હઈડું ચમકે રે....સખી૦૫

ડર પાવે દાદુર સોર, નદીઓ માતી રે;
ઘન ગર્જારવ ઘોર, ફાટે છાતી રે....સખી૦૬
હરિતાંશુક પહેર્યા તાંહિ નવરસ રંગ રે;
બાવલીચો નવસરો હાર, પ્રીતમ સંગે રે....સખી૦૭
મેં પૂર્વ કીધાં પાપ, તાપે દાધી રે;
પડે આંસુધાર, વિષાદ વેલડી વાધી રે....સખી૦૮
મને ચડાવી મેરૂ શીષ, પાડી હેઠી રે;
કેમ સહેવાયે મહારાજ, વિરહ અંગીઠી રે....સખી૦૯
મને પરણી પ્રાણ આધાર, સંયમ લેજો રે;
હું પતિવ્રતા છું સ્વામી, સાથે વહેજો રે....સખી૦૧
એમ આઠ ભવોની પ્રીત, પીઉડા વળશે રે;
મુજ મનના મનોરથ નાથ, પૂરણ ફળશે રે....સખી૦૧
પછી ચાર મહાવ્રત સાર, ચુંદડી દીધી રે;
રંગીલી રાજુલ નાર, પ્રેમે લીધી રે....સખી૦૧
મૈત્ર્યાદિક ભાવના ચાર, ચોરી બાંધી રે;
દહી ધ્યાનાનલ સલગાય, કર્મ ઉપાધિ રે....સખી૦૧
થયો રત્નત્રયી કંસાર, એકઠી ભાવે રે;
આરોગે વર ને નાર, શુધ્ધ સ્વભાવે રે....સખી૦૧
તજી ચંચળતા ત્રિકયોગ, દંપતી દોય મળીયા રે;
શ્રી ક્ષમાવિજય જિનનેમ, અનુભવ કળીયાં રે....સખી૧

(૭૧)

નયનાનંદન નેમિજિનેશ્વરૂ, માતા શિવાદેવીનંદ સોભાગી;
બાવીશમો જિનવર જગે જયકરું, જન્મથકી વ્રતવંત સો.
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧

ધન્યકુમર નૃપ ધનવતીને ભવે, પ્રથમ લહ્યુ સમકિત સો૦;
પ્રાસુક જલ દેઈ તાપ શમાવીઓ, આતમ કીધ પવિત્ત સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૨

અનુક્રમે તિહાંથી નવમે ભવે લહ્યાં, તીર્થંકર પદઋદ્ધિ સો૦;
ચોવીશીમાં શીલશિરોમણી, કુમરપણે લહ્યા સિદ્ધિ સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૩

અંજનવાને ધનુષ જ દશતણું, શંખલંછન ગુણધામ સો૦;
સહસ વરસનું જેહનું આઉખું, નેમિનાથ જસ નામ સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૪

નવભવ લગે સંબંધ છે એહનો, રાજીમતી અને નેમિ સો૦;
ઈહાંપણ શીલશિરોમણી બિહુ થયા, પ્રગટયો પૂરણ પ્રેમ સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૫

સહસ અઢાર મુનીશ્વર સોહીયે, સાધ્વી સહસ ચાલીશ સો૦;
છદ્મસ્થાવસ્થા ચોપનદિને, ગણી અગ્યાર સુજગીશ સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૬

ચવિયા અપરાજીત વિમાનથી, શૌરીપુરે થયો જન્મ સો૦;
સમુદ્રવિજય કુલ કમલ દિવાકરુ, દ્વારિકાએ વ્રતધર્મ સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૭

કેવલજ્ઞાન લહે રૈવતગિરિએ, યાદવનો પરિવાર સો૦;
દીક્ષા દેઈને પ્રતિબુઝવ્યા, પાંડવ દશેય દશાર સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૮

અંધકવૃષ્ણી ભુજંગવૃષ્ણી તણાં, સહસ ગમે અણગાર સો૦;
રાજીમતી પણ સહસની સાથે, લેવે સંયમ ભાર સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૯
બંધવ નેમિતણાં દશ જાણીયે, શ્રી રહનેમિકુમાર સો૦;
રાજીમતી રહનેમિનું આઉખું, નવસય વરસ ઉદાર સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧
સહસ વરસનું આઉખું પાળી, સીધ્યાં નેમિકુમાર સો૦;
પંચ સયા છત્રીશ મુનિ સાથશું, કરીય સંલેખન સાર સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧
ત્રણ કલ્યાણક ગીરનારે થયાં, દોય શૌરીપુરે સાર સો૦;
શ્રી નેમીશ્વર રાજીમતી બેહું. યાદવવંશ શૃંગાર સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧
તિલકયશાદિ ષટ બાંધવ વળી, સાતમો ગજસુકુમાલ સો૦;
અંતગડ કેવલી થઈ શિવ પામ્યા, કેઈ શત્રુંજય ગિરનાર
સો૦ નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે...૧
પાંડવ પાંચ કુંતી ને દ્રૌપદી, માસખમણ દોય કીધ સો૦;
અણસણ ગ્રહી શત્રુંજય ઉપરે, દ્રૌપદી બંભ પ્રસિદ્ધ સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧
જાલી મયાલી પ્રમુખ બહુમુનિવરા, યાદવની કેઈ કોડી સો૦
કેઈ અનુત્તર કેઈ સુર શિવગતિ, પામ્યા ભવદુઃખ છોડી
સો૦ નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧
જ્ઞાનવિમલ સૂરીશ કહે ઈશ્યું, ધન ધન એહના અવતાર સો
સીધ્યાં શત્રુંજય ને રૈવતગિરે, લેઈ સંયમભાર સો૦
નેમિ નિરંજન નિરૂપમ નીરખીયે....૧

(૭૨)

નેમિ પ્રભુ આવ્યા રે-સહસાવનકે મેદાન, કરૂણા લાવ્યા રે, જિનપદ નામકે નિદાન; કૃષ્ણજી વંદન કેરે કામ, દેઇ વનપાળકે બહુદાન, સાથે સેના લઈ અભિરામ, પ્રભુજી પેખી રે પંચાભિગમ પ્રકાર-વંદના કીધી રે, માને સફલ અવતાર-દેશના કીધી રે; પ્રભુજીએ ભવિ ઉપકાર. નેમિ. ॥૧॥
કૃષ્ણજી પૂછે પ્રભુને એમ, રાજુલને તુમ ઉપર પ્રેમ, અરિહા નેમિજીન બોલ્યા એમ-નવ ભવ કેરી રે; વાત સુણોને કહાન,-ધુરે ભવે ધારો રે, ધન્ય ધનવતી અભિધાન સમકિત સારું રે, પામ્યા મોક્ષ નિદાન. નેમિ. ॥૨॥
ધનદત્તભાઈ બીજો ધનદેવ, સમ્યક્ કરતાં સંયમ સેવ, સહુ એ ઉપન્યા સોહમદેવ; નિજ નિજ પ્રીતે રે, સુખ ભોગવે સુરસાલ, યાત્રા કરતા રે, શાશ્વત ચૈત્ય વિશાલ; વિચરંતા વંદે રે, જીનવર પરમ દયાલ. નેમિ. ॥૩॥
વિદ્યાધર હવે ચિત્રગતિ રાય, તેહની રાણી રત્નવતી થાય, મનગતિ ચપળગતિ દોય ભાય; ત્રીજા ભવમાં રે, સુજશ કેવલીની પાસ, સમકિત પામ્યા રે, દીક્ષા દમધર સકાશ, ચારિત્ર પાળી રે ઉપન્યા માહેન્દ્ર સુરવાસ. નેમિ. ॥૪॥
હવે પંચમ ભવ ઉપન્યા જેહ, અપરાજીત કુમર ગુણ ગેહ; પ્રીતિમતી તસ રાણી જેહ, તેણે ભવે કીધો રે, બહુ જનને ઉપકાર, પૃથ્વી ભમતાં રે, મળીયા કેવલી અણગાર, મિત્રને સાથે રે, પ્રણમ્યા ભક્તિ ઉદાર. નેમિ૰ ॥૫॥
કેવલી કહે તું સમક્તિવંત, ભરતમાં બાવીશમો અરિહંત વિમલ બોધ ગણધર એ તંત, સુર સોમ નામે રે,

ભાઈ તે પણ ગણધાર રે, સાંભલી પામ્યા રે, હરખ અપાર, અનુક્રમે બુઝયા રે, લીધો સંયમ ભાર. નેમિ૦ ॥૬॥
ચારિત્ર પાળી નિરતિચાર, આરણ દેવલોકમાં અવતાર, પાંચે જણમાં, પ્રીતિ અપાર, લીધો તિહાંથી રે, શ્રીમતી કૂખે અવતાર, હસ્તિણાઉરે રે, નામે શંખકુમાર, તેજ બળ રૂપ રે, સૂરજ-શશી અનુકાર. નેમિ૦ ॥૭॥
સુર નર નારી જસ ગુણ ગાય, જસ કીર્તી કાંઈ કહી નવિ જાય, ધનવતી જીવ યશોમતી થાય, મતિપ્રભ મંત્રી રે, જીવ વિમલ બોધ નામ, તિણે ભવે વાંદ્યા રે, શાશ્વત ચૈત્ય ઉદ્દામ, બહુ વલી પરણ્યા રે, વિદ્યાધરી રૂપ નિધાન. નેમિ૦ ॥૮॥
જસધર ગણધર નામે ભાય, ઉપન્યા હવે શ્રીષેણ જે તાય, દીક્ષા લહીને કેવલી થાય, તાતની પાસે રે, થયા પાંચે મુનિરાય; ચારિત્ર પાળે રે, આઠે પ્રવચન માય, શંખમુનિ સિદ્ધે રે, વીશસ્થાનક સુખદાય. નેમિ. ॥૯॥
કરે નિકાચીત જીનપદ નામ, અણસણ આદરે સહુ તિણે ઠામ, પાદપોપગમ નામે ગુણકામ, અપરાજિતે રે, આયુ સાગર બત્રીશ, અનુત્તરે હુવા રે, દેવ સદા સુજગીશ, તિહાંથી ચવીયા રે, સુણ યાદવના અધીશ. નેમિ. ॥૧૦॥
ઈણ ભવ અભિધા નેમિકુમાર, રાજીમતી નામે એ નાર, ક્ષીણભોગ હુઆ એણે સંસાર, તિણે નવિ પરણ્યો રે, વળીયો તોરણથી એમ, રાજુલ વિનવે રે, નવભવનો ધરી પ્રેમ, સહુ પડિબોહ્યા રે, ગણધર પદ લહ્યા ક્ષેમ. નેમ. ॥૧૧॥
પ્રેમે દુઃખીયા હોવે સંસાર, પ્રેમે ઘેલાં હોવે નરનાર, પ્રેમે મૂકે સવિ આચાર, પ્રેમ વિલુદ્ધા રે, માનવી કરે

ઝંપાપાત, અગ્નિમાં પેસે રે, મૂર્છા ને જલપાત; ગલે દીયે ફાંસો રે, પ્રેમની કંઈ કરું વાત? નેમિ. ॥ ૧૨ ॥

સાંભળી બુઝયાં કેઈ નરનાર, રાજુલ લીધાં મહાવ્રત ચાર, પામી કેવલજ્ઞાન ઉદાર, પ્રભુજી પહેલાં રે પહોંચ્યાં મુક્તિ મઝાર, પ્રભુ વિચરંતા રે, અનુક્રમે આવ્યા ગિરનાર, મુનિવર વૃંદે રે, પરવર્યા જગત આધાર. નેમિ. ॥૧૩॥

પાંચસે છત્રીશ મુનિ પરિવાર, રૂંધી યોગ અનેક પ્રકાર, સમય એક ઉર્ધ્વ ગતિસાર, સિદ્ધિ વરીયા રે છોડી સકળ જંજાળ, સહજાનંદી રે, સાદિ અનંતો કાલ, નિજ ગુણ ભોગી રે, આત્મશક્તિ અજુઆલ. નેમિ૦ ॥૧૪॥

જિહાં નિજ એક અવગાહન હોય; તિહાં રહે સિદ્ધ અનંતા જોય, કોઈને બાધા ન કરે કોય, નિજ નિજ સત્તા રે, નિજ નિજ પાસે હવંત, કોઈની સત્તા રે, કોઈમાં ન ભળે એ તંત, નિશ્ચય નયથી રે, આત્મક્ષેમ રહંત. નેમિ. ॥૧૫॥

વ્યવહારે રહીયા લોયંત, દંપતી એમ થયા સુખવંત, પ્રેમે પ્રણમો ભવિ ભગવંત, પ્રભુજી ગાયા રે, સાગર અગ્નિ ગજ ચંદ, સંવત જાણો રે, કાર્તિક વદી સુખકંદ, પોષાળ પાડે રે, પાટણ રહી શીવાનંદ. નેમિ. ॥૧૬॥

સાતમ દિન સૂરજ સુતવાર, જિનજી ઉત્તમ ગુણ ગણધાર, બ્રહ્મચારી માંહે શિરદાર, તેહના પ્રણમું રે, ભાવે લળી લળી પાય, શિવ પદ માંગુ રે, ફરી ફરી ગોદ બિછાય, એણી પેરે ગાયા રે, પદ્મવિજય જિનરાય. નેમિ. ॥૧ ॥

(૭૩)

અષ્ટ ભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ મનરાવાલા;
મુગતિ સ્રીશું આપણે રે,
સગપણ કોઈ ન કામ.... ૧
ઘર આવો હો વાલમ ઘર આવો,
મ્હારી આશાના વિસરામ;
રથ ફેરો હો સાજન રથ ફેરો,
સાજન મારા મનરા મનોરથ સાથ....
નારી પખો શો નેહલો રે,
સાચ કહે જગનાથ મનરાવાલ;
ઈશ્વર અર્ધાંગે ધરી રે,
તું મુજ ઝાલે ન હાથ મનરાવાલા...
પશુજનની કરૂણા કરી રે,
આણી હૃદય વિચાર મનરાવાલા;
માણુસની કરૂણા નહિ રે,
એ કુણ ઘર આચાર મનરાવાલા...
પ્રેમ કલ્પતરૂ છેદીયો રે,
ધરિયો જોગ ધત્તૂર મનરાવાલા;
ચતુરાઈ રો કુણ કહો રે,
ગુરૂ મિલિયો જગસૂર મનરાવાલા....
મારૂં તો એમાં કાંઈ નહિ રે,
આપ વિચારો રાજ મનરાવાલા;
રાજસભામાં બેસતાં રે,
કિસડી બધસી લાજ મનરાવાલા....

પ્રેમ કરે જગજન સહુ રે,
નિરવાહે તે ઓર મનરાવાલા;
પ્રીત કરીને છોડી દીયે રે,
તેહ શું ન ચાલે જોર મનરાવાલા.... ૭
જો મનમાં એહવું હતું રે,
નિસપત કરત ન જાણુ મનરાવાલા;
નિસપત કરીને છાંડતાં રે,
માણુસ હુએ નુકશાન મનરાવાલા.... ૮
દેતાં દાન સંવત્સરી રે,
સહું લહે વાંછિત પોષ મનરાવાલા,
સેવક વાંછિત નવિ લહે રે,
એ સેવકનો દોષ મનરાવાલા.... ૯
સખી કહે એ શામલો રે,
હું કહું લક્ષણ સેત મનરાવાલા;
ઈણુ લક્ષણ સાચી સખી રે,
આપ વિચારો હેત. મનરાવાલા.... ૧૦
રાગી શું રાગી સહુ રે,
વૈરાગી શ્યો રાગ મનરાવાલા;
રાગ વિના કિમ દાખવો રે,
મુગતિ સુંદરી માગ મનરાવાલા.... ૧૧
એ ગુહ્ય ઘટતું નથી રે,
સઘળો એ જાણે લોક મનરાવાલા;
અનેકાંતિક સુખ ભોગવો રે,
બ્રહ્મચારી ગત શોક મનરાવાલા.... ૧૨

જિણ જોણે તુમને જોઉં રે,
તિણ જોણી જુઓ રાજ મનરાવાલા;
એકવાર મુજને જુઓ રે,
તો સીઝે મુજ કાજ મનરાવાલા.... ૧૩
મોહદશા ધરી ભાવના રે,
ચિત્ત લહે તત્ત્વ વિચાર મનરાવાલા;
વીતરાગતા આદરી રે,
પ્રાણનાથ નિરધાર મનરાવાલા.... ૧૪
સેવક પણ તે આદરે રે,
તો રહે સેવક મામ મનરાવાલા;
આશય સાથે ચાલીયે રે,
એહીજ રૂડું કામ મનરાવાલા.... ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે,
નેમનાથ ભરતાર મનરાવાલા;
ધારણ પોષણ તારણો રે,
નવરસ મુગતાહાર મનરાવાલા.... ૧૬
કારણરૂપી પ્રભુ ભજ્યો રે,
ગણ્યું ન કાજ અકાજ મનરાવાલા;
કૃપા કરી મુજ દીજીયે રે,
**આનંદઘન** પદ રાજ મનરાવાલા... ૧૭

(૭૪)

## નેમ–રાજુલ બારમાસા

સખી તોરણ આઈ કંથ ગયા નિજ મંદિરે, જે નજર મેળાવો કીધ તે મુજ સાંભરે; ઘર લાવત ઝાલી હાથ હું

હેઠ ઉતરી, પણ કરી વરઘોડો આત છબીલે છેતરી. મધુ બિંદુ સમો સંસાર મુંઝાણા મહાલતા, સંસારે સુખી અણગાર જિનેશ્વર બોલતા.. ૧

સખી શા રે કહું અવદાત વિયોગી દુઃખીતણાં, દુનિયામાં દુર્જન લોક હાંસી કરે ઘણાં; મીઠી લાગે પરની વાત- અગન પગ ના લહે, કેનાં મોભ ચૂવે, કેનાં નેવ-તે મુખ ના કહે...મધુ...૨

સખી શ્રાવણ છઠે મેલી-મહીયરીયા તળે, છટ્ઠી છટકી વારધી વેલ વાળી નહિ વળે; કામ વરતી ફરતી ધરતી- ઝરતી વાદળી, ગયો શ્રાવણ માસ-નિરાશ રાજુલ એકલી. મધુ . ૩

સખી ભાદરવે ભરથાર-વિના કેમ રીઝીયે, વિરહાનલ ઉઠી ઝાળ-ધુંવા વિણ દાઝીએ; ફળ પાકયાં વર્ષણ શાળ ન ખાઈએ ખેલીએ, હોત દુઃખના દહાડા બે ચાર આઘા ઠેલીએ...મધુ...૪

બેન આસો માસે સેવ સુંવાળી સુખડી, ગયા દસરે દશેરાના દિન્ન, દીવાળી ઢુંકડી; સખી લાંઘણ કરીએ લાખ,-સરસ નવિ ભોજના, રંગ તાન ને નાટકશાળ,-પિયુ વિના પેંખણાં... મધુ...૫

માસ કાર્તિકે કેલિ કરે, નરનારી બાગમાં, જેણે માસે ટણુકે ટાઢ, કુમારી રાગમાં; જેના વાલમ ગયા વિદેશ, સંદેશા મોકલે, મારે ગામધણી ઘરવટ, વસે પિયુ વેગળે. મધુ .. ૬

સખી માગશિરે માગણાના, મનોરથ પૂરતા, મને મેલી બાળે વેશ. ચતુર ગુણ ચૂરતા; સખી કોઈ રે સંદેશો લેઈ. આપી જાય મુજ કને, તેને દેઉં રે મોતનકો હાર.
અમુલખ ભૂષણે....મધુ....૭

પોષ માસે પોતાની છંડી, શીયાળે ચાલીયા, વાલેસર વિના વેરણ રાત, સૂના મહેલ માળીયાં; જાય જોબનીયું ભરપૂર, અરણ્ય જેમ માલતી, જેના પિયુ રે ગયા પરદેશ,
દુઃખે દિન કાઢતી...મધુ...૮

પિયુ મહા માસે મત જાઓ રે, હિમાળો હાલશે, રયણી એક વરસ સમાન, વિયોગી સાલશે; લંકાથી સીતા ષટ્ માસે, રામ ઘર લાવીયા, એવા વહી ગયા સાતે માસ,
પ્રીતમ ઘેર ન આવીયા...મધુ....૯

હલકારો હસંત વસંત, આકાશથી ઉતર્યો, માનુ ફાગણ સુરનર રાય, મળીને નોતર્યો; હોળી ખેલે ગોપી ગોવિંદ કેમું ઘર આવતી, અતિ કેસુઆં ઝંપાપાત, વિયોગે
માલતી...મધુ....૧૦

સખી ચૈતરે ચિત્ત થકી, વિછોહી વાલમે, આવા દુઃખના દહાડા કિમ જાય, ઉગે રવિ આથમે; આંખ મીંચાણે મળી જાય રે, ઉઘાડે વેગળો, શામળીયો સિદ્ધ સરૂપ,
સુપનામાં આગળો....મધુ....૧૧

રમે હંસયુગલ શુક મોર, ચકોર સરોવરે, નિજ નાથ સહીયરને સાથ, સુખે રમે વન ઘરે; મુખ મંજરી આંબા ડાળે, કોયલ ટહૂકતી, સખી વાતમાં વીત્યો વસંત,
રૂએ રાજીમતી....મધુ....૧૨

સખી વૈશાખે વનમાંહે, હીંચોળા હીંચતાં, કદલી ઘર ફુલ બિછાય ખુશીથી નાચતા; સરોવર જળકમળે કેલ, કરંતા રાજવી, મુજ સરખી છબીલી નાર, લગન લઈ લાજવી
મધુ....૧૩

જેઠ માસે જુલમના તાપ તપંતી ભૂતળા, આઠ માસનો મેઘ વિયોગ બળે તરૂ કુમળાં; પશુ પંખી વિસામા ખાય રે, શીતળ છાયા તરૂ, મારે પિયુ વિના નહિ વિસરામ નાતીને નોતરૂં...મધુ....૧૪

સખી આવીયો માસ આષાઢ ભરે જળ વાદળી, ગરજારવે ટહુકે મોર ઝબુકે વીજળી; વરસાદે વસુધા નવ-પલ્લવ હરીયાં ધરે, નદી નાળે ભરીઆં નીર, બપૈયો પિયુ પિયુ કરે...મધુ....૧૫

ચોમાસે કરી તરૂ માળા રમતાં પંખીયાં, એમ વીત્યા બારે માસ પ્રીતમ ઘેર ન આવીયા; શ્રાવણ સુદિ છટ્ઠે સ્વામી, ગયા સહસાવને, લઈ સંયમ કેવળી થાય, દિન પંચાવને...મધુ . ૧૬

નેમ મુખથી રાજુલ નવ ભવ નેહ નિહાળતી, વૈરાગ સુધારસ લીન સદા મન વાળતી; કાળાંતરે નેમ દયાળ તિહાં દેશના દીએ, પ્રભુ હાથ સાહેલી સાથ દીક્ષા લીયે.
મધુ...૧૭

લઈ કેવળ કરી પરિશાટન બેહુ મુગતિ ગયા, બની પ્રીત તે સાદિ અનંત ભાગે ભેળાં થયાં; શુભ વીરવિજય સુખ લીન, મગન વિશેષતા, લોકનાળની નાટકશાળ સમયમાં દેખતા...મધુબિંદુ સમો સંસાર...૧૮

(૭૫)

સરસ્વતી સ્વામીને વિનવું રે, સદ્ગુરૂ લાગુ છું પાય રે;
મારા વાળ્યા ન વળ્યા જીનવરજી, મારા વાર્યા ન વર્યા નેમજી.
બાંધવપુરનો માંડવો રે, સિદ્ધપુરના શીરદાર રે.
મારા વાર્યા.... ૧

કોને તે લખી કંકોતરી રે, કોને તે રાંધ્યા કંસાર રે;
ઉગ્રસેને લખી કંકોતરી રે, રૂક્ષ્મણીએ રાંધ્યે કંસાર રે.
મારા વાર્યા.... ૨

પશ્ચિમથી આવ્યા પાન બીડલાને,
ગીરનારથી આવ્યા નાળિયેર;
રાજુલ તે બેઠી મેડીયે રે, જુવે છે જાનોની વાટ રે.
મારા.... ૩

કઈ દિશાએ જાનુ આવશે રે, ઉડે છે અબીલ ગુલાલ રે,
રાજુલ તે સૈયરને વિનવે રે, વિવાહમાં હોશે વિઘ્ન રે.
મારા... ૪

છપ્પનકોડી જાદવ મલ્યા રે, સત્યભામાં ગાય છે ગીત રે;
નેમજી તે તોરણુ આવ્યા રે, પશુડે માંડયો પોકાર રે.
મારા .. ૫

નેમજીએ સાળાને તેડાવીયા રે માંડવે આવડો શો શોર રે; ?
રાતે રાજુલબેની પરણુશે રે, પ્રભાતે ગૌરવ દેવાય રે.
મારા .. ૬

જાઓ પંખી પીઓ પાણી; નગરીમાં કરો રે કલ્લોલ રે;
ધીક પડયું આ પરણુવું રે, સાલો વળગ્યો છે સંસાર રે.
મારા... ૭

નેમજીએ રથ પાછો વાળ્યો રે જઈ ચઢયા ગઢ ગિરનાર;
રોતાં રાજીમતી નીસર્યા રે, મનાવે માય ને બાપ રે;
મારા... ૮

પાછા વાળો રાજુલબેની પાતળા રે,
તેહથી લાવીશું ભલેરા ભરથાર;
સરખી સૈયરે મેણાં માર્યાં રે, રાજુલનો કાળો ભરથાર રે.
મારા... ૯

કાળો તે ભમ્મર હાથીયો રે, કાળો તે મેઘ મલ્હાર રે;
કાળી તે કસ્તુરી મઘમઘ રે, કાળી તે કાજળ મેશ રે.
મારા... ૧૦

ઘરેણાં ભરેલો મારો ડાબલો રે, મેલ્યો છે પટારાની માય;
જાણે તે જઇશું સાસરે રે, સજીશું સોળ શણગાર રે.
મારા.... ૧૧

કાજળ ભરેલી મારી ડાબલી રે, મેલી છે. ગોખલાની માંય;
જાણે તે જઈશું સાસરે રે, આંજી શું અણીયારી આંખ.
મારા... ૧૨

રાજુલ તમારૂં કાપડું રે, સીવડાવ્યું મંગળવાર રે;
ન પહેર્યું પિયર સાસરે રે, ન પહેરીયું માને મોસાળ રે.
મારા... ૧૩

ન તાણ્યા સસરાજીના ઘુંઘટા રે, ન પડયા સાસુજીના પાંય રે;
ન તાણ્યા જેઠજીના ઘુંઘટા રે, ન વઢ્યા જેઠાણીશું વાદ.
મારા... ૧૪

ન ખાધી દ્વિયરની સુખડી રે, ન ગુંથ્યાં નણુંદીના વાળ રે,
ન ચડયા ચોરીને ચોગઠે રે, ન પહેરી વરમાળ.
મારા .. ૧૫
હાથે તે હાથ ન મેલીયો રે, ન જમ્યા કંસાર રે,
પુરુષને વહાલી પાઘડી રે, રાજુલને વહાલો ભરથાર રે.
મારા .. ૧૬
નેમજીએ કાગળ લખી મોકલ્યો રે અમે છીએ ગઢ ગિરનાર રે;
સંયમ લેવો હોય તો આવજો રે, ઉપન્યું કેવળનાણુ રે.
મારા... ૧૭
હીરવિજય ગુરૂ હીરલે રે, લબ્ધિવિજય ગુણ ગાય રે;
મારા વાર્યા ન વર્યા જિનવરજી, મારા વાર્યા ન વરીયા નેમજી.
મારા... ૧૮

(૭૬)

સ્વસ્તિ શ્રી રૈવત ગીરિવરા, વ્હાલા નેમજી જીવનપ્રાણ;
લેખ લખું હોંશે કરી, રાણી રાજુલ ચતુર સુજાણ,
વ્હેલાં ઘર આવશો, મારા જીવન યાદવરાય વાર મ લાવજો. ૧
મેં તો લખ્યો હોંશે લેખ, મનમાં ભાવજો;
વળી જે હોય વેધક જાણ, તાસ સંભળાવજો...વ્હેલાં૦ ૨
ક્ષેમકુશળ વર્તે ઈહાં વ્હાલા, જપતાં પ્રભુજીનું નામ;
સાહિબ સુખશાતા તણો, મુજ લખજો લેખ નામ . વ્હેલાં૦ ૩
સાવરે સોવન કાગળ કરું વ્હાલા, અક્ષર રયણ રજત;
મણી માણેક મોતી લેખણ જડું,
હું તો પિયુ ગુણ પ્રેમે લખંત...વ્હેલાં૦ ૪

જે તોરણથી પાછા વળ્યાં, તેને કાગળ લખું કઈ રીત;
પણ ન રહે મન માહરૂં, મને સાલે પૂરવ પ્રીત...વ્હેલાં૦ ૫
દિવસ જિમ તિમ કરી નિર્ગમું, મને રયણી વરસ હજાર;
જો હોય મન મળવા તણું, તો વ્હેલાં કરજો સાર...વ્હેલાં૦ ૬
નવયૌવને પિયુ ઘર નહિ, વસવું તે દુર્જન વાસ;
બોલે બોલે દાખવે વ્હાલા, ઉંડા મર્મ વિમાસ...વ્હેલાં૦ ૭
સહુકો રમે નિજ માળીયે, વ્હાલા કામિની કંથ સેજ;
થરથર ધ્રુજે માહરી દેહડી, મારી સુની દેખીને સેજ...વ્હેલાં૦ ૮
વીતિ હશે તે જાણશે વ્હાલા, વિરહની વેદના પુર;
ચતુરા ચિત્તમાં સમજશે, શું લહેશે મૂરખ ભૂર...વ્હેલાં૦ ૯
પતંગ રંગ દીસે ભલો વ્હાલા, નખમેં તાવડ રીઠ;
ફાટે પણ ફીટે નહીં, હું તો વારી ચોળમજીઠ...વ્હેલાં૦ ૧૦
ઉત્તમ સજ્જન પ્રીતડી, જેમ જલમાં તેલ નિરધાર;
છાંયડી ત્રીજા પહોરની, તે તો વડ જેવી વિસ્તાર...વ્હેલાં૦ ૧૧
દૂર થકી ગુણ સાંભળ્યા, વ્હાલા મન મળવાને થાય;
વ્હાલેસર મુજ વિનતિ, તે તો જીહાં તીહાં કહી ન જાય.
...વ્હેલાં૦ ૧૨
એક મેલી બીજે મલે વ્હાલા, મનમાં નહિ તસ સનેહ;
લીધા મૂકી જે કરે તે તો, આખર આપે છેહ...વ્હેલાં૦ ૧૩
જે મન તે તેહ મલી રહ્યા, વ્હાલા ઉત્તમ ઉપમા તાસ;
જો જો તીલફુલની પ્રીતડી, તેની જગમાં રહી સુવાસ...વ્હેલાં૦ ૧૪
ખાવા-પીવા પહેરવા વ્હાલા, મનગમતા શણગાર;
ભરયૌવને પીયુ ઘર નહિ, તેનો એળે ગયો અવતાર...વ્હેલાં૦ ૧૫

બાળપણે વિદ્યા ભણે, ભરયૌવન ભાવે ભોગ;
વૃદ્ધપણે તપ આદરે, તે તો અવિચલ પાવે યોગ.. હેલાં૦
કાગળ જગભલે સરજીયો વ્હાલા, સાચો તે મિત્ર કહાય;
મનનું દુઃખ માંડી લખું, તે તો આંસુડે ગળી ગળી જાય.
....હેલાં૦
લેખ લાખેણો રાજુલે લખીયો, વ્હાલા નેમજી ગુણ અભીરામ;
અક્ષરે અક્ષર વાંચજો, મારા કોડાકોડી સલામ...હેલાં
નેમ રાજુલ શિવપુરી મળ્યાં, પૂગી તે મન કેરી આશ;
શ્રી વિનયવિજય ઉવજ્ઝાયનો, શિષ્ય રૂપ સદા સુખવાસ.
...હેલાં

(૭૫)

## શ્રી નેમનાથજીનું પંચ ઢાળીયું

### ઢાળ પહેલી

સરસતી સામિણી પાય નમુંજી, ગાયશું નેમી જિણંદ;
સમુદ્રવિજય કુલે ઉપનોજી, પ્રગટરો પુનમચંદ. સુણોનર
નેમ સમો નહી કોય, સૌરીપુરનો રાજીયોજી, શિવાદેવી-
સુત સોય, સુણો નર નેમ સમો નહી કોય....૧
ચૌદ સુપન સૂચિત ભલાજી, જનમ્યા નેમિકુમાર;
જોબન વય પ્રભુ આવીયાજી, સકલ લોક શણગાર... સુણો૦ ૨
એક દીન આવે મલપતાજી, આયુધશાળા જયાંય;
શંખ ચક્ર ને ગદા ભલીજી, સારંગ ધનુષ ત્યાંહ...સુણો૦ ૩
નેમિ ધનુષ ચઢાવીયોજી, ચક્ર ભમાડયું ત્યાંહ; ગદા ઉપાડી
ફેરવી, શંખ લીઓ કરમાંહ...સુણો૦ ૪

નેમિ બજાવે શંખનેજી, નાદે ડોલ્યા રે ઈંદ્ર;શેષનાગ પાતા-
લમાંજી, ગગને તારાચંદ્ર...સુણો૦ ૫

વનમાં બીન્યા મૃગપતીજી, હંસ સરોવર કંઠ; નારી બીની
કામિનીજી, આલંબી પીયુ કંઠ...સુણો૦ ૭

શબ્દ સુણ્યો જબ શંખનોજી, કરતો કૃષ્ણ વિચાર;
કહે કુણ વયરી ઉપનોજી, રાજ લીયે નિરધાર....સુણો૦ ૭

હરિ હેલામાંહે આવિયાજી, જ્યાં છે નેમિકુમાર; મુખથી
મીઠું બોલતાજી, હીયડે રોષ અપાર....સુણો૦ ૮

કૃષ્ણ કહે સુણો રાજીયાજી, નેમિ નીરૂપમ નામ; બલ
પરીક્ષા ઈહાં કીજીએજી, આછે અનોપમ ઠામ....સુણો૦ ૯
કૃષ્ણે કર લંબાવીયોજી, ઝાલી નેમકુમાર; કણયર કાંબ
જિમ વાલીયોજી, ક્ષણ નવ લાગી વાર....સુણો૦ ૧૦
કૃષ્ણે કર ધર્યો નેમનોજી, વાળ્યો કિમહી ન જાય;
નેમ કૃષ્ણ બંધોલીઓજી, હરી મન ઝાંખો થાય....સુણો૦ ૧૧
કૃષ્ણ વળ્યા ઘર આપણેજી, ચિંતે હૃદય મોઝાર; બત્રીશ-
સહસ અંતેઉરીજી, બોલાવી ઘરનાર....સુણો૦ ૧૨
નેમકુંવર છે લાડકાજી, બંધવ શ્યામ શરીર; વિવાહ તાસ-
મનાવવાજી, પહેરો કંચુક ચીર....સુણો૦ ૧૩

(૭૬)
ઢાળ-બીજી

ટોળે મળી સવિ હરિની નારી, પ્રમદા પહોતી ગઢ ગિરનારી;
ખંડોખલી માંહિ ભરીઉ નીર, ઝીલે પહેરી આછાં ચીર...૧

નેમતણો ઈમ ઝાલી હાથ, હાસ્ય વિનોદ કરતી નેમિ સાથ;
સોવન સિંગી નીરે ભરી, છાંટે નેમ કુમરને ફીરી...૨
એક મુખ નેમકુમારનું ધુએ, વદન એક ચીર જઈ લુહે;
દેવર મારા સુંદર સાર, પરણો નારી નેમકુમાર...૩
ભોળા દેવર કરો વિચાર, નારી વિના કુણ કરશે સાર;
ભોજણ સયણ ફોફલ પાન, નાર વિના કુણ દેશે માન..૪
નારી વિના નર હાલી હોય, બાર પરૂણો નાવે કોય;
સાધુ સાધ્વી શ્રાવક સોય, ભક્તિ કરે જો સ્ત્રી ઘર હોય.. ૫
નેમ કહે સુણો ભાભી વાત, એ પૂછું હું સવિ અવદાત;
નારી મોહે જે નર પડયા, સાતે નરકે તે રડવડયા...૬
એ નારી નવ કેહની હોય, તું પણ હ્રદય વિચારી જોય;
સુરનર કિન્નર દાનવ જેહ, નારી આખ્યા તેહને છેહ...૭
ભોજ મુંજ પરદેશી જેહ, શબ્દ વિડંબ્યા નારી તેહ;
દીક ધનને જિમ નારી નડયો, રાય ભર્તૃહરી ઈમ રડવડયો...૮
બ્રહ્મરાય ઘર ચુલણી જેહ, પોતે પુત્ર મરાવે તેહ;
ગૌતમ ઋષિની અહલ્યા નાર, ઈંદ્ર ભોગવે ભુવન મઝાર...૯
એ નારીનો જુઓ વિચાર, જોતાં કાંઈ નવ દીસે સાર;
સમજ્યા તે નર મૂકી ગયા, નવિ સમજ્યા તે ખુંચી રહ્યા . ૧૦
અક્કલ ગઈ નરની વલી જેમ, જિહાંથી પ્રગટયાં તિહાં બહુ પ્રેમ;
ઉત્પત્તિ જોઈ ન તું આપણી, સમજી ન મૂકે તે મતી પાપિણી...૧૧
માત પિતાને જોગે વળી, શોણીત શુક ગયા બહુ મિલી;
જગ સઘળો તિહાં જઈ ઉપનો, નાનો મોટો એમ નીપનો...૧૨
તો તે સાથે શો વળી રંગ, ન કરૂં નારી કેરો સંગ;
ભોગ કરતાં હિંસા બહુ, નરનારી તુમે સુણજો સહુ ..૧૩

બેઇંદ્રિ પંચેન્દ્રિ જેહ, નવ નવ લાખ કહીજે તેહ;
મનુષ્ય અસંખ્ય સંમૂર્છિમ જાણી, ભોગ કરતાં તેહની હાણ...૧૪
ઈસ્યાં વચન જબ નેમે કહ્યાં, અંતેઉર સવિ ઝાંખા થયાં;
કૃષ્ણ રાય પ્રત્યે જઈ કહે, નેમનાથ ગૃહવાસે નવિ રહે...૧૫
ગૌરી ગંધારી લક્ષ્મણા, રૂક્મિણી બોલ કહે તિહાં ઘણાં;
જંબુવતીને સુસીમા સતી, સત્યભામા ને પદ્માવતી...૧૬
પટરાણી એ હરિની હસે, દેવર મતી કાં'તાહરી ખસે ?;
ઋષભદેવ સામું નવિ જોય, જન્મ કુંવારો ન રહ્યો કોય...૧૭
ભરતરાય તો પરણ્યો ખરી, ચઉસઠ્ઠી સહસ જો અંતેઉરી;
હવડાં તારો બંધવ ભલો, બત્રીસ સહસ નિરવહે એકલો...૧૮
એક થકી થાયે આકલો, પરણવાને પાછા વળો;
નાના કહેતાં નાવે લાજ, કિમ રહેશે ક્ષત્રીકુલ રાજ...૧૯
ઈસ્યાં વચન કહે હરીની નારી, પાસે ઉભા દેવમુરારી;
નેમ ન બોલ્યાં મુખથી ફરી, માન્યું માન્યું કહે સુંદરી...૨૦

(૭૭)

ઢાળ-ત્રીજી

ઉગ્રસેન ઘર બેટી મન ભમરા રે,
નામે રાજુલ નાર લાલ મન ભમરા રે;
કૃષ્ણદેવ તિહાં આવીયા મન૦,
રાય તણે દરબાર લાલ મન૦ ૧
ઉગ્રસેન ઘણું હરખીયા મન૦,
ધન્ય ધન્ય દિન મુજ આજ લાલ મન;
હરિ આવ્યા મુજ આંગણે મન,
તો સરીયાં સવિ મુજ કાજ લાલ૦ ૨

કૃષ્ણ કહે સુણો રાજીયા મન,
　　મુજ બંધવ તુજ ધુઅ લાલ મન૦;
પ્રેમ ધરી પરણાવીયે મન,
　　જિમ વાધે બહુ નેહ લાલ મન૦ ૩
હરિ વિવાહ મેલીઓ મન,
　　નેમ તણો નિરધાર લાલ મન;
મંડપ ઘાલ્યા બારણે મન,
　　તોરણ બાંધ્યા સાર લાલ મન૦ ૪
ખાજા લાડુ લાપશી મન,
　　અતિ પ્રૌઢાં પકવાન લાલ મન;
જમો જલેબી પાતળી મન,
　　જીમ વાધે નિજ વાન લાલ મન૦ ૫
પેંડા બરફી મને ગમે મન,
　　તનમની કોળાપાક લાલ મન;
ઉપર ભોજન અતિભલાં મન,
　　સુંદર શોભિત શાક લાલ મન૦ ૬
સજ્જન કુટુંબ સંતોષીયા મન,
　　નેમ વધારયો વાન લાલ મન;
ખુંપ ભર્યો શિર શોભતો મન,
　　મુખ ચાવે બહુ પાન લાલ મન૦ ૭
કાને કુંડલ રયણમય મન,
　　કમર બાંધી રે કબાન લાલ મન;
ચામર વિંજે ચિંહુ દિસે મન,
　　ગજ ચઢીયા નેમરાય લાલ મન૦ ૮

ચીર પીતાંબર પામરી મન,
કંઠે કુસુમનો હાર લાલ મન;
ગજરથ ઘોડા પાલખી મન,
આગલ બહુ અસવાર લાલ મન૦ ૯

છપ્પન કોડિ યાદવ મલ્યા મન,
ચાલી જિનવર જાન લાલ મન;
કોકિલ કંઠ કામિની મન,
ગોપી કરે તિહાં ગાન લાલ મન૦ ૧૦

ઢોલ દદામા ગડગડે મન,
પંચ શબ્દ તિહાં સાર લાલ મન;
તોરણ આવ્યા નેમજી મન,
સુણીઓ પશુનો પોકાર લાલ મન૦ ૧૧

૭૮

## ઢાળ-ચોથી

હરિણી કહે સુણો કંથ હમારા,
હમણાં પ્રાણ હણશે તુમારા;
એ આવે જિન નેમકુમારા,
કર કાંઈ તુ આતમ સારા... ૧

હરણો કહે સહુકો એમ,
અતિ અપરાધે મ હણે નેમ;
વિણ અવગુણ પ્રભુ કિમે ન મારે,
હરણો વચન વદે તિણવારે.... ૨

હું ન કરું પરકેરી આશ,

જઈ જંગલમાં પુરૂં વાસ;
પર્વત પાણી ચરી ઘાસ,
નવી ઠાકુર નહી કહી દાસ.... ૩
વિણુ અપરાધ મૃગને મારે,
તે નર ભમશે ગતિ જો ચ્યારે;
વાત કરે નર પશુઆ પોકારે,
શબ્દ સુણીને આપ વિચારે.... ૪
જો પરણું તો પશુ હણાય,
મુજ અનુકંપા નાઠી જાય;
ભોગ ભોગવી કુણ દુઃખીયો થાય,
નેમનાથ રથ ફેરી જાય.... ૫
વરસ દિવસ જે દીધું દાન,
સહસ પુરૂષશું સંયમ ધ્યાન;
ચોપન દિન છદ્મસ્થા માન,
નેમે પામ્યું કેવલજ્ઞાન.... ૬

(૭૯)

## ઢાળ-પાંચમી

રાજીમતી તો પુંઠે જાય, નેમ વિના દુઃખ સબળો થાય;
કહે કંથ મુજ અવગુણી, નીર વિના કિમ રહે પોયણી....૧
અષ્ટ ભવાંતર આગે નેહ, તો કિમ આપે હમણાં છેહ ?;
સ્વામી કઠિન હૃદય મમ કરો, પરણવાને પાછા વળો....૨
ઈસ્યાં વચન ભાખે મુખ તિહાં, વાઘ સિંહ બોલે વનમાંહિ;
હીયડે ચિંતે રાજુલ નારી, કીશાં કરમ કીધાં કીરતાર....૩

કે મેં જલમાં નાંખ્યા જાલ, કે મેં માય વિછોહ્યાં બાલ;
કે મેં સતીને ચઢાવ્યાં આલ, કે મેં ભાખી વિરૂઈ ગાલ....૪
કે મેં વન દાવાનલ દીયા, કે મેં પરધન વંચી લીયા;
કે મેં શીલ ખંડના કરી, તો મુજને નેમે પરિહરિ....૫
ઈસ્યાં વચન ભાંખે સુંદરી, નેમ તણે પાસે સંચરિ;
સ્વામી વચન સુણ્યાં જબ સાર, મનથી ચિંતે અથીર સંસાર...૬
રાજીમતી વૈરાગીણી થઈ, હારદોર તિહાં છોડે સહી;
કંકણ ચુડી અલગી ઠવી, લઈ સંયમને હૂઈ સાધવી....૭
સુણી વ્યાખ્યાન વળી એક મને, ત્રુટયો મેઘ ચમકી દામિની;
વસ્ત્રે લાગ્યું કાચું નીર, ભીનું રાજુલ તણું શરીર....૮
રહનેમી ઉભા છે જિહાં, રાજુલ વસ્ત્ર સુકવતી તિહાં;
રહનેમી દીઠા સુંદરી, પરવશ પુતાં તવ ઈંદ્રી....૯
પ્રગટ થઈ નર બોલ્યો યતિ, ભાભી દુઃખ મ ધરસ્યો રતિ;
નેમ ગયો તો મુજને વરો, કામ ભોગ મુજ સાથે કરો....૧૦
અંગ વિભુષણ સવિ આદરો, નગર અમારે પાછા ફરો;
તુજ કારણ હું મુંકું જોગ, જો તું મુજશ્યું વિલસે ભોગ....૧૧
એક વચન માનો સુંદરી, આગળ સંજમ લેજો ફરી;
કૂપ છાયડી કરપિ જેમ ધન્ન; વિસમે ઠામે ઉગ્યું છે વન....૧૨
તેનાં ફળ જેમ તિહાં વિસમે, તિમ તું યૌવન કાં એળે ગમે;
રાજુલ કહે સુણ મૂઢ ગત આણ, પશ્ચિમ દીશ ઉગે જો ભાણ....૧૩
ચંદ્રથકી વરસે અંગાર, તોહે ન વાંછું તુજ ભરથાર;
પર્વત પાણી પાછાં ચઢે, કાયર સુરા જયમ જો વઢે....૧૪
પાપ કરીને પામે લીલ, તોએ ન ખંડુ મારૂં શીલ;
વમી વસ્તુને [illegible] આદરે, વિષય કાજે કાં દુર્ગતિ ફરે....૧૫

રહનેમિ મન ઝાંખો થયો, હેં હેં વચન કિશ્યો મેં કહ્યો;
ઉત્તમકુલની ન રહી લાજ, ધિગ્ ધિગ્ તું રે વિરૂઆ કાજ...૧
આતમ નિંદા કરતો આપ, મુજ ભાઈ પોઠાં લાગ્યાં ધાપ;
નેમતણાં જે વંદે પાય, લેઈ સંયમને મુક્તિ જાય....૧
રાજીમતી તિહાં બહુ તપ તપે, અરિહંત નામ હૃદયમાં જપે;
નેમે તારી ઘરની નાર, રાજુલ મૂકી મુગતિ મોઝાર....૧

નેમનાથ નિત્ય વંદો બાવીસમારે,
વંદો રે નેમનાથ રાજેમતિ રે;
સંવત સોલસતસાઠે સંઘ સાંભળો રે,
પોસ માસ સુદ બીજ ગુરુ રે.
સ્થંભનયર માંહે જિન થુણ્યો રે.

કળશ

ઇયનેમિ જિનવર, પુણ્ય દિનકર, સકલ ગુણ મણિ સાગરો
જસ નામ જપતાં કર્મ ખપીએ, છુટીએ ભવ આગરો
તપગચ્છ મુનિવર સકલ સુખકર, શ્રી વિજયસેન સૂરીસરો
તસ તણો શ્રાવક રૂપભ બોલે, થુણ્યો નેમિ જિણેસરો

(૮૦)

## શ્રી નેમનાથજીનું ઢાળીયું

ઢાળ-પહેલી

સરસતી ચરણ નમી કરી રે,
શ્રી શંખેસર રાયરે વ્હાલો મારો.
નેમિ જિણંદને ગાઇશું રે,
એતો બાવીશમો જિનરાયરે વ્હાલો મારો;

અરિહંત ગુણ સંભારતા રે,
ભવોભવ પાતિક જાયરે વ્હાલો મારો...૧
મિત્ર વચને પ્રભુ આવીયા રે,
આયુધશાલા માંહ રે વ્હાલો મારો;
લીલાએ શંખ વગાડીયો રે.
નેમીસર ઉચ્છાહ રે વ્હાલો મારો...૨
શંખ શબ્દને સાંભલી રે,
ચિંતે દામોદર વીર રે વ્હાલો મારો;
કુણ મુજ વયરી ઉપન્યો રે,
થાવે હરિ દીલગીર રે વ્હાલો મારો...૩
આયુધશાલાએ આવીયા રે,
દીઠા નેમિકુમાર રે વ્હાલો મારો;
બળની પરીક્ષા તેણે કરી રે,
હરિ દુઃખ ભરી અપાર રે વ્હાલો મારો...૪
અંબરે સુર બોલ્યા હરિ રે,
ન કરો ફીકર લગાર રે વ્હાલો મારો;
અણ પરણ્યા નેમિ થશે રે,
શિવસુંદરી ભરતાર રે વ્હાલો મારો...૫
એમ સુર વાણી સાંભળી રે,
હરખે મોરારી ત્યાંહ રે વ્હાલો મારો;
તો પણ સંશય ટાળવા રે,
આવે અંતેઉરમાંહ રે વ્હાલો મારો...૬

વિવાહ મનાવો નેમને રે,
ગોપીને શ્યામરે વ્હાલો મારો;
રૂષભવિજય કહે આગલે રે,
રચના રસ અભિરામરે વ્હાલો મારો...૭

(૮૧)

ઢાળ-બીજી

સોલે શણુગાર સજીરે સાહેલી, ગોપી બત્રીશહજાર વાલા;
નેમિ જિનેસર સાથે લેઇ, આવે સરોવર તીર વાલા.
સોલે૦....૧

પ્રભુને સોનાને સિંહાસન થાપી, ગોપી ચિંતે મનમાંહી વાલા;
જળથી પ્રભુ અકળાશે જયારે, માનશે ત્યારે વિવાહ વાલા.
સોલે૦....૨

તતક્ષણુ આકાશે થઈ વાણી, સાંભળજો હરિનાર વાલા;
એક હજારને આઠે કલશે, નવરાવ્યા એક ધાર વાલા.
સોલે૦....૩

હરખ ધરી જળ કેલિ કરે રે, પ્રભુને છાંટે નીર વાલા;
કુલ દડા કેઈ હૃદયે મારે, માનિની મદ રસપૂર વાલા.
સોલે૦....૪

કામ કટાક્ષ કેઇક ધરે રે, લાલ શિવાનો નંદ વાલા;
કેશર સોવન ભરી પીચકારી, મારતી નયનાનંદ વાલા.
સોલે૦....૫

જલ ક્રીડા કરીને નીસરીયા, ટોળે મિલી સહુનાર વાલા;
રૂષભ કહે પહેલી પટરાણી, બોલે વયણુ રસાલ વાલા.
સોલે૦....૬

(૮૨)

ઢાળ-ત્રીજી

કહે રૂખમણી હરિ ઠકુરાણી જો કે, નેમની દીલની જાણી જો;
કાયર છે નેમ નગીના જો કે, નારી ખરચે બીહના જો;
પ્રભુ જાદવકુળના રાયા જો કે, લાલ શિવાના જાયા જો...૧
નેઉરને કાંબી વ્હાલી જો કે, ચુંદડી માગે વાલી જો;
વલી માંગે વસ્તુ પ્યારી જો કે, ખરચની ચિંતા ભારી જો...૨
તુજ બાંધવ જે ગીરધારી જો કે, તેને છન્નુ હજારી જો;
રૂપે શું રંભા હારી જો કે, કામતણી અવતારી જો...૩
હું હરીની જાઉં બલિહારી જો કે, સરખી પાલે નારી જો;
તે સહુના ખરચ ચલાવે જો કે, એકથકી શું થાવે જો...૪
પણ પરણો નારી હરખે જો કે, બાંધવ પુરૂં કરશે જો;
બહુ બળીયા નામ ધરાવો જો કે, બલને આપ લજાવો જો....૫
તું કાંઈ ફિકરીયા જાણે જો કે, સાંભળે નારી ટાણે જો;
એમ સખીઓ મલી સમજાવે જો કે, રૂષભ કવીશ્વર ગાવે જો...૬

(૮૩)

ઢાળ-ચોથી

સત્યભામા ભાખે રે કે માનીયે વાતલડી;
દીયર એક પરણો રે કે માનિની પાતલડી.... ૧
કુષ્ણ નારીના વચણા રે કે સાંભળે શામળીયા;
સઘળા અબળાને રે કે સબલા વશ પડિયા.... ૨
જેણે સૃષ્ટિ સુધારી રે કે આદીશ્વર રાયા;
તે પણ પરણ્યા છે કે લાલ શિવાના જાયા.... ૩

પછી સંજમ લીનો રે કે જઈ સિદ્ધિમાં વસીયો;
તુ કોણ નવો જાગ્યો રે કે,સિદ્ધ તણો રસીયો.... ૪
કુણ કણ દળવાને રે કે, જળ ભરવા જાશે;
દીયર મત રહેજો રે કે, ભોજાઈના વિશ્વાસે.... ૫
પરણ્યા વિણ કહો કુણ રે, પોતાની થાવે;
નિજ નારી વિના કુણ રે, કે સર્વાંગે નવરાવે.... ૬
અલબેલા સાહેબ રે, કે શું રહ્યા હઠ તાણી;
એક પદમણી પરણો રે કે, ઋષભ તણી વાણી... ૭

(૮૪)

ઢાળ–પાંચમી

કહે જંબુવતી અલબેલી જો કે, સાચું કહીએ શામળીયા;
તુમ વંશે થયા છે પહેલાં જો કે, સાચું૦
મુનિસુવ્રત જિન મહાભાગી જો કે, સાચું૦
રંગીલા રમણી રાગી જો કે, સાચું૦ ૧
પ્રભુ સોળમો સંસારી જો કે, સાચું૦
એક લાખને બાણું હજારી જો કે, સાચું૦
તે પણ પરણ્યા છે નારી જો કે, સાચું૦
પછી વિષયદશાને વારી જો કે, સાચું૦ ૨
તે જિનજી સંજમ રસિયા જો કે, સાચું૦
જઈ શિવમંદિરમાં વસિયા જો કે, સાચું૦
તું મત કર છોકરીવાદી જો કે, સાચું૦
નહીં શોભે જાદવ ગાદી જો કે, સાચું૦ ૩
તને વાંઢો કહીને ગાશે જો કે, સાચું૦
પરઘર પિરસણ કોણ દેશે જો કે, સાચું૦

પરનાર હસી બોલાવશો જો કે, સાચું૦
તબ તેના મેણાં ખાશો જો કે, સાચું૦ ૪
વલી વંશ વધારણ નારી જો કે, સાચું૦
જીહા તુમ સરિખા અવતારી જો કે, સાચું૦
એમ હરિની ગોપી બોલે જો કે, સાચું૦
વચણા રસ અમૃત તોલે જો કે સાચું કહીએ શામળીયા....૫

(૮૫)

ઢાળ–છઠ્ઠી

જીમ જીમ કહીએ એહને રે, તિમ તિમ મૂંગો થાય સાહેલી;
જાદવને કહેવાપણું રે, આપણનું શું જાય સાહેલી
માને તો ઘણું ઈમ ભલું રે, નહીં તો કહીએ ન કાંઈ
સાહેલી....૧

જો નહિ પરણે નેમજી રે, લટકાળી એક નાર સાહેલી;
વનના ફુલતણી પરે રે, જાશે તેનો અવતાર
સાહેલી....૨

શોભા જો કરશો દેહની રે, નારી વિના તે ફોક સાહેલી;
છેલાઇ વેશે ચાલતા રે, મહેણાં દેશે લોક
સાહેલી....૩

મુખ મટકે લટકે કરી રે, દેખાડશે કુણ હેજ સાહેલી;
અલબેલી વીણ એહની રે, પાથરશે કુણ સેજ
સાહેલી....૪

આપણે તો કહીયે ઘણું રે, તે તો એહને કાજ સાહેલી;
પદ્માવતી જાણે માનશે રે, બાવીસમો જિનરાજ
સાહેલી....૫

(૮૬)

ઢાળ–સાતમી

ગંધારી કહે નારી વિના કુણ, લાડ લડાવશે રે લોલ,
પરણ્યા વિના કુણ બીજી, વહુવર નામ ધરાવશે રે લોલ,
ભોજાઇએ ફરી ફરી ભાંખે છે, કે ઝાઝું ન તાણીયે રે લોલ,
છેલ છબીલા મહારાજ કે, અમ કહ્યું માનીયે રે લોલ.... ૧

સગો પરૂણો નારી વીના, કોઈ, નાવે બારણે રે લોલ,
સંઘ લઈ સિદ્ધાચલ જાશો, જાત્રા કારણે રે લોલ;
સંઘવણ કહીને કોને ગાશે, ગીત તે બાલિકારે લોલ,
માલ પહેર્યાને અવસર જોઇએ જાયા લાડકી રે લોલ.... ૨

કન્યા વીણ નેમ દીયરીયા, ગહુંલી કુણ કરે રે લોલ,
કન્યા રત્નની ખાણ વખાણી, શાસ્ત્રે સાંભળી રે લોલ;
ગુરૂ મુખ વાણી સાંભળવા જાય કે, હૈડે ઉલટ ધરી રે લોલ,
ઘર વિવાહને વલી ઉજાણી, તિહાં પણ આગલી રે લોલ... ૩

એક દિન શરદ પૂનમની રાત, જોવા હું નીસરી રે લોલ,
દેખીને મને અંગ વિનાની, પીડા આકરી રે લોલ;
અણ પરણ્યા શામલીયા, વાત તુમારી રે લોલ;
જાયા વિણ જન્મારો જાશે, નેમનો કેમ કરી રે ? લોલ.... ૪

હું ભાખું છું તુમ દુઃખ ભારી, માનો માહરા રે લોલ,
પણ જાણું વૈરાગી થવાનું છે, મન તાહરૂં રે લોલ;
હરિની ગોપી કોપી કહે છે, કેમ બોલે નહીં રે લોલ,
નેમ નગીનો ઉત્તર નાલે, રૂષભ કહે ગહગહી રે લોલ... ૫

(૮૭)

ઢાળ આઠમી

હરિ નારી બોલે કર જોડી, એતો ધીંગાણા મલી ટોળી રે,
મોહન દીયરીયા.
પણ કહું છું હું અંતરખોલી, હું બાળપણાની ભોલી
રે....મોહન દીયરીયા....૧

કાંઈ અંતર કપટ નહિ રાખું. જેવું હોય તેવું ભાખું રે
મોહન દીયરીયા
જ્ઞાની સરવેને નિહાળે, અજ્ઞાનીની પ્રીત ન પાળે રે....
મોહન દીયરીયા....

આકાશે ફરતા સુડારે, તુમથી તો પંખી રૂડા રે
મોહન દીયરીયા,
ક્ષણ એક નારી ન રહે દૂરે, તસ વિરહે ફરી ઝુરે રે....
મોહન દીયરીયા....૩

દિવસે ચણ કરવા જાવે, સાંજે નિજ માલે આવો રે
મોહન દીયરીયા૦
સુખ માને રમણી મહાલે રે, પશુ જાત થકી શું હારે રે?
મોહન દીયરીયા૦ ૪

હો જાદવકુળના રાયા, માનો માનો શિવાના જાયા રે
મોહન દીયરીયા;
ઈમ ગોરી કહે કર ઝાલી રે, કવિ ઋષભની વાણી રસાલી
મોહન દીયરીયા૦ ૫

(૮૮)

ઢાળ-નવમી

લક્ષ્મણા કહે નેમજી, મન મોહનગારા;
શું હઠ લઈ બેઠા રે, તુમ જાઓ ઠગારા....૧
હું મનમાંહે જાણતી, પ્રભુજી મહાજ્ઞાની;
પણ સંસારતણી ગતિ, કાંઈ ન જાણી....૨
ચંદ્રવદની મૃગલોચની, ગતિ બાલ મરાલી;
મોતી જડી સોનાતણી, નાક મેં છે વાલી....૩
હાર હૈયે સોહામણો, દાંત રેખા સોનાની;
કંચન વાનને કામની, દેખત મનહારી....૪
અતિશે રૂપ દેખીને, રઢ લાગશે તમને;
અંગ વિનાનો પીડશે, શું કહાવો અમને?....૫
એહવા વચને થીર રહ્યા, ધન નેમકુમાર;
રૂષભ કહે તે વાંદીયે, નવિ પરણ્યા નાર....૬

(૮૯)

ઢાળ-દસમી

સુસીમાની વાણી ભલી રે, જાણે અમીય સમાન વહાલા;
મુનિવર આવશે આંગણે રે, તેને કુણ દેશે દાન વહાલા....૧
આવ્યા ગયાને સાહેબા રે, સરવ વચ્ચે હોય ⋅ ાર વહાલા;
ઘરમંડણ રમણી કહો રે, સાજનમાં જયકાર વહાલા....૨
યૌવનમાં લટકો પ્રભુ રે, તે તો દહાડા ચાર વહાલા;
અવસર ફરી આવે નહી રે, હૈયડે કરો વિચાર વહાલા....૩
એવા વચન સુણી ગોપીના રે, અહો જગ મોહવિકાર વહાલા;
મોહ દશા દેખી કરી રે, નેમ હસ્યા તેણીવાર વહાલા....૪

સહુ ગોપી મળી તાળી દીધી રે, માન્યા માન્યા વિવાહ વહાલા;
કૃષ્ણ નરેશ્વર સાંભળી રે, હરખ થયો મનમાંહી વહાલા....૫
ઉગ્રસેન તણે ઘેર જઈને, માંગી સુતા ગુણવંત વહાલા;
રાજુલ સાથે જોડી સગાઈ, જોષીડાને પૂછંત વહાલા....૬
જોષી શ્રાવણ સુદ દિન છઠ્ઠનું રે, લગન દીધું નિરધાર વહાલા;
માતા શિવાને સમુદ્રવિજયને, યાદવ હર્ષ અપાર વહાલા....૭
ધવલ મંગલ ગાવે ગીત રસીઆ, સહુ મલી સધવા નાર વહાલા;
રૂપભ કહે પ્રભુ પરણવા જાશે. કહું તેહનો અધિકાર વહાલા...૮

(૯૦)

ઢાળ–અગીયારમી

જીરે સ્નાન કરે હરખે ધરી, મલી સધવા કરે ગીતગાન,
સુંદર વર શામળીયા.
જીરે સોલ સજી શણગાર, લીધા હાથમેં પાન સુંદર વર...૧
જીરે મંગલ મુખે ગાવતી, રથે બેઠા નેમકુમાર;
જીરે સમુદ્રવિજય ને શ્રીપતિ, વલી સાથે દશારણ સાથ.
સુંદર....૨
જોવા મલ્યાં સુરનર તિહાં, કાંઈ યાદવ લોક અપાર;
જાનઈયાં સાથે ઘણાં રે, જાણે તેજે કરી દિનકાર.
સુંદર.... ૩
જીરે છન્નુ હજાર રાણી ભલી, મલી શાહુકારની નાર;
જિમ રૂપે રંભા હારી, વસુદેવની બોંતેર હજાર.
સુંદર.... ૪

જીરે યાદવની બીજી ઘણી, તેહની નારીઓનો કુણ ગણે પાર;
મંગલ ધવલ ગાવે પૂંઠે, રામણ દીવો કરે માતા સાર.
સુંદર....૫

જીરે એણી પરે બહુ આડંબરે, પ્રભુ નેમજી પરણવા જાય;
ધોળીતરા ઘર દેખી કરી, પૂછે સારથિને જિનરાય.
સુંદર....૬

જીરે સારથિ કહે કરજોડીને, પ્રભુ સસરાના ઘર એહ;
તોરણ આવ્યા નેમજી, કવિ રૂષભ કહે ગુણગેહ.
સુંદર વર...૭

(૯૧)

ઢાળ બારમી

સખી કંત આવે કેણ શેરીએ, હું તો જોઉં મારા કંતની વાટ,
કંત આવે કેણ શેરીએ ?

સખી રાજીમતી કેતી તિણે હર્ષમાં રે, આવી બેઠી ગોખ મઝાર;
મૃગલોચના ને ચંદ્રાનના રે, સખી સાથે જોવે વર સાર કંત૦ ૧
સખી મૃગલોચના કે રાજીમતી રે, વડ ભાગીણ સહુ સીરદાર;
ત્રિભુવન નાથ ધ્યાની નીલો રે, જેહને નેમીશ્વર નાથ. કંત૦ ૨
સખી એહવું સુણીને ચંદ્રાનના રે, કાંઈ બોલી મુખ મચકોડ;
એ વર રૂડો વરણાગીયો રે, પણ એહમાં છે એક ખોડ. કંત૦ ૩
સખી જોઈને અતિ સામલો રે, તવ બોલી રાજુલ નાર;
કાળી કસ્તુરીને કસી વલી રે, કાળો મેઘ કરે જલધાર. કંત૦ ૪
સખી કાળી કીકી નેત્ર શોભતાં રે, ચિત્રામણે કાળી રેખ;
ચિત્રાવેલ ને ભૂમિકા રે, કાળો સોહે માથાનો કેશ. કંત૦ ૫

સખી હિમ કહે ખારૂં લૂણ છે રે, ગોરામાં ગુણ નહીં બેન;
તે સમે રાજીમતી તણી રે, કાંઈ દાહીણું ફરકે નેણ. કંત૦ ૬
સખી જમણી ફરકે કીમ મુજ આંખડી રે, તવ પશુડે કીધો પોકાર;
સારથીને પૂછે નેમજી રે, કવિ રૂષભ કહે નિરધાર. કંત૦ ૭

(૯૨)
ઢાળ–તેરમી

નિજ સારથી કહે કરજોડ, બોલે તે વારે રે;
લાવ્યા ગૌરવના એ જીવ, કરે રે પોકાર રે.... ૧
ઈમ સાંભળીને ભગવંત, હૃદય વિચારે રે;
ધિગ ધિગ વિવાહનાં કામ, અમે નિરધારી રે.... ૨
જીહાં હરણ કહે મહારાજ, વિવાહ તુમારો રે;
હું કાયર હરણ વિજોગ, મને મત મારો રે.... ૩
જીવ વગડાના રહેનાર, તરણાં આહારી રે;
નીર ઝરણાંના પીનાર, અમે નીરધારી રે.... ૪
પ્રભુ કરૂણા સાયર નીર, અમને ઉગારો રે;
આ બંધીખાનું છોડાવ, દુઃખથી ઉતારો રે.... ૫
હવે નહિ પરણું એહ, અશુચિ નારી રે;
કહે સારથીને પ્રભુ નેમ, તું રથ વાળી રે.... ૬
ઉપમા દીધી તત્કાલ, કવિએ ભારી રે;
પશુ છોડાવી ઘર સનમુખ, વાટને ઝાલી રે.... ૭
તવ માય કહે તિહાં આય, ફરીને આડો રે;
પરણીને વહુયર પુત્ર, મુખ દેખાડો રે... ૮
પ્રભુ કહે નહિં પરણું માય, અશુચિ નારી રે;
મારે મોક્ષ વધુ ગુણવંત, રૂપે અતિ સારી રે.... ૯

ઇમ કહી નેમિસર રાય, ઘર વલીયા રે;
કવિ રૂપચંદ કહે શીલવંત જે જગ બલીયા રે.... ૧૦

(૯૩)

ઢાળ-ચૌદમી

હો પીયુજી રે ! પ્રીતમજી પ્યારો રે, હજુ એ ન આવીયો.
હો પીયુજી રે ! ખબર થઈ રાજુલને નેમ ગયા વલી,
હો પીયુજી રે ! સુણતાં ને કાને રે, ધરણીએ ઢલી;
હો પીયુજી રે ! જાદવકુલ ઠાકુરીયા, પાછા કેમ વલ્યા,
હો પીયુજી રે ! શિવવધુ તારી નારી થાસું મોહી રહ્યા.... ૧

હો પીયુજી રે ! હરણોને કહે શું લગા તુમે નાથજી,
હો પીયુજી રે ! અવગુણ વિણ નારીને કિમ જાવો તજી ?;
હો પીયુજી રે ! ચંદ્ર કલંકી કીધો એણે એકલે,
હો પીયુજી રે ! રામ સીતાને વિરહ પમાડયો એણે હરણલે.... ૨

હો પીયુજી રે ! નામ ગવાણું કુરંગ જગમાં તેહનું,
હો પીયુજી રે ! સાચું કિમ કરી, માનું દાખીણ તેહનું;
હો પીયુજી રે ! રાજુલની આંખે આંસુડાની ધારા પડે,
હો પીયુજી રે ! જાણું રે અષાડી વાદલીયો ઝરે.... ૩

હો પીયુજી રે ! આ મંદીરીયાં સુના રે ખાવા ધાય છે,
હો પીયુજી રે ! એકલી વિરહણીના દિન કેમ જાય છે ?;
હો પીયુજી રે ! કોઈ છે જુગમાં વાળે કંતને ?,
હો પીયુજી રે ! આપુ એકાવલીહાર હું તેહને.... ૪

હો પીયુજી રે ! કર ઝાલંતા તાહરૂં કાંઈ ન જાય છે,
હો પીયુજી રે ! પરણ્યા વિના બિષકન્યા કહેવાય છે;

હો પીયુજી રે ! કવિસર મુખથી એ વાતલડી ગાય છે,
હો પીયુજી રે ! રૂપભ કહે રાજુલ બોલે નેહશું.... ૫

(૯૪)

ઢાળ-પંદરમી

પાછા વળજો રે રસીયા, તુમે મારા હૃદય કમલમાં વસીયા;
રાજુલ બોલે રે રોતી, ખીણુ ખીણુ પ્રભુ સનમુખ જોતી.
પાછા૦૧

આઠ ભવાંતરની હું નારી, નવમે ભવે તુમે કેમ વિસારી; ?
જાદવ મળીયા રે રાસી, તેહમાં કંથજી થાયે હાંસી.
પાછા૦૨

શિવ શોકલડી ધૂતારી, વેશ્યા પણુ સિદ્ધની ભુક્તારી;
તેહનું કીમ કહ્યું કરીયે, નિજ નારોને નવી પરિહરીયે.
પાછા૦૩

સખીઓ ભાખે રે બેનલડી, નેહ ન કરીયે જે નિસ્નેહી;
તુજ વર કરસ્યું રે બીજો, રાજુલ કહે એ વાત મ કીજો.
પાછા૦૪

કર નથી ઝાલ્યો રે નાથે, જમણો હાથ મેલાવ્યો માથે;
સંજમ લેસ્યું રે ઉલ્લાસે, રૂપભની વાણી રે ઉલ્લસ્યે.
પાછા૦૫

(૯૫)

ઢાળ-સોળમી

નેમ પ્રભુજી હો કે, નિજ ઘર આવ્યા મારા લાલા,
વરસીદાને હો કે, દે જિનરાયા મારા લાલ;

ત્રણસેં વરસે હો કે ઘર સુખ ભાસેં મારા લાલ,
સાતસેં વરસે હો કે પાલી દીક્ષા　મારા લાલ... ૧

પાલી થયા છો હો કે પ્રભુજી નાણી મારા લાલ,
કેવળ પામ્યા હો કે રાજુલ જાણી મારા લાલ;
વાંદવા આવી હો કે ઊલટ આણી મારા લાલ,
નિસુણી વાણી હો કે હરખ ભરાણી મારા લાલ... ૨

રાજુલ નારી હો કે મોહનગારી મારા લાલ,
ચારસેં વરસે હો કે રહી સંસારી મારા લાલ;
રહનેમીને હો કે દીધી દિક્ષા મારા લાલ;
તે પણ સાથે હો કે લીધી દીક્ષા　મારા લાલ.... ૩

સહસાવનમાં હો કે સંજમ લીધો મારા લાલ,
આતમ કેરાં હો કે કારજ સિદ્ધાં મારા લાલ;
પાંચસેં વરસે હો કે દીક્ષા લીધી મારા લાલ,
આઠે અંતર હો કે રહી અણુ ગોરી મારા લાલ.... ૪

પીયુથી પહેલાં હો કે મોક્ષે પધાર્યા મારા લાલ,
મળીયા જઇને હો કે જયોતમાં જયોતે મારા લાલ;
દુધને સાકર હો કે શીખ સમાણી મારા લાલ,
ઋષભની વાણી હો કે મીઠી જાણી મારા લાલ.... ૫

(૯૬)

ઢાળ—સત્તમી

એક હજાર વરસ તણું એ, પાળી પૂર્ણ આય,
એહવા જિન વંદીયે... ૧

માસખમણુ અણુસણુ કરીએ, ધન ધન કર્મ ખપાય એહવા;
નેમિ જિણુંદ શિવપદ વર્યાએ, નમો નમો તેહના પાય,
એહવા... ૨

દીપતી અવિચલ પ્રીતડીએ, રાખે જગ અખીયાત એહવા;
સંવત અઢાર છાસીએ એ, માસ અષાડ મહંત
એહવા... ૩

પૂનમ દીન ગુણ ગાઈઆએ, રહી બારેજા ચોમાસ એહવા;
શ્રી આનંદસૂરિ ગચ્છપતિએ, દિનકર તપે પ્રકાશ.
એહવા... ૪

તેને પાટ બિરાજતા એ, રિદ્ધિવિજય ઉવજઝાય એહવા;
કુંવરવિજય જગ બોધીયા એ, કુમતિ માતંગ હરાય.
એહવા... ૫

રવિવિજય તસ પાટવીએ, આનંદવિજય પન્યાસ એહવા;
પ્રેમવિજય સુત સાગરૂએ, ખેમાવંત ગુણુરાય.
એહવા... ૬

રામવિજય સીસ તેહનાએ, ઋષભવિજય મનોહાર એહવા;
જે ધરસે કંઠે હેજશુંએ, તે લહેશે જયજયકાર.
એહવા.... ૭

# પૂ....ર....વ....ણી

(૯૭)

યૌવન પાહુના, જાત ન લાગત વાર....યૌવન
ચંચલ યૌવન થિર નહીરે, જાન્યો નેમિ જિન... ૧
નીંદ ન કીજે જાગીયે રે, અંતસહી મરના....યૌવન
બાલ સંઘાતી આપણા દેખો રે, કિહાં ગયો બાલપના.. ૨
નવલ વેષ નવ યૌવનપણો રે, નવલ નવલ રચના
અલપ ભરમ કે કારણે, લેખો કીજત ફેલંછના
યૌવન.... ૩
દુનિયા રંગ પતંગ સીરે, બાદલસે સજના
આ સંસાર અસાર હૈ રે, જાગતકો સુપના.
યૌવન... ૪
તોરન હિતે ફિરીચલે રે, સમુદ્રવિજય નંદના
આણંદ કે પ્રહે નેમજી, મેરી ઘરી ઘરી વંદના.
યૌવન... ૫

(૯૮)

( પ્રથમ જીનેશ્વર પૂજવા સૈયર મોરી )

સુખકર સાહિબ શામળો, જિનજી મારો !
નાહો સુરંગો નેમ હો.

કામિત કલ્પતરૂ સમો જિનજી
રાજીમતિ કહે એમ હો કામણગારા કંતજી
મનમોહન ગુણવંતજી જિનજીમારા, એક રસો
રથવાળ હો... ૧

ત્રેવડ મુજ તજવાતણી જિ, હુંતી જો શિવ વધુ હુંશ હો;
અબલા બાલ ઉવેખવા જિન, શીકરી એવડી ધૂંસ હો
કામણ... ૨

ઊંડુ કાંન આલોચીયું ? જિ, સગપણ કરતા સ્વામી હો;
પાણી પી ઘર પુછવું જિ, કાંઇન આવે તે કામ હો
કામણ.... ૩

ઓલંભે આવે નહી જિ, રાજુલ ઘર ભરતાર હો;
વાલિમ વંદન મન કરી જિ, જઇ ચઢી ગઢ ગિરનાર
હો કામણ.... ૪

શિવપુર ગઈ સંજમ ધરી હો જિન, અનુપમ સુખરસ પીધ હો
જીવણ જિન સ્તવના થકી જિન, સમકીત ઉજ્જવલ કીધ હો
કામણ..., ૫

(૯૯)

(મારી સઈ રે સમાણી રે એ દેશી)

નેમિ નવલદલ અંતરજામી, શામલીયો સિરદાર રે
મનમોહન મેરે
બાલ બ્રહ્મચારી નિરંજનની કો, યાદવ શણગાર રે
મન. ૧

અપરાજિત વિમાનમાં હરખે, મુનિ શંખ નામે સુખ
ભાયો રે, મન.
તે સુખ છંડી શૌરીપુરી આવી, ચિત્રા નક્ષત્ર સોહાયો રે
મન. ૨
સુંદર વ્યાઘ્ર યોનિ જિન જનમ્યા, કન્યા શશિ
સુખદાય રે. મન,
રાક્ષસગણ પરમાતમ કેરા, કર્મ દુરંત ભેદાય રે
મન. ૩
મહાવ્રત આદરી આદર્યું મૌન, ચોપન વરસ ખાસ રે,
વેતસ તરુ હેઠલ વરનાણ, પામ્યા પરમ ઉલ્લાસ
મન. ૪
પાંચશે છત્રીશ મુનિગણ સંગે, સિદ્ધમાં જ્યોત જગાવી;
રૂપાતીત અનંત ગુણ દીપે, એ અચરિજ કહાવી.
મન. ૫

(૧૦૦)

( થારા મોહલા ઉપર મેહ ઝબકે વીજલી સાહેબજી )

શ્રી નેમિજિનવર કારણ વારણ ભવભય વાસના સાહેબજી
પ્રભુ મહોદય અભયંકર પદ સેવના સા૦;
જિનવર સેવન તેહી જ નિજસેવન જાણીયે સા૦,
પ્રભુ શશી અવલોકન નયન કાંતિ જિમ માનીયે સા૦ ૧
પ્રભુ પરકૃત સેવન દુવાંછા ગંછા તુજ નહી સા૦,
છે દોષવિલાસી વાંછા અભ્યાસી ભવમહિ સા૦;
પ્રભુપૂજય સ્વભાવ વિભવા અભાવે નિપનો સા૦,
તેહ પૂર્ણાનંદમય પૂરણ નયસુખ દીપનો સા૦ ૨

પ્રભુવંદન ચંદન સુમનાદિકે દ્રવ્ય પૂજના સા૦,
તુજ ગુણ એકતાને ભાવે બહુમાને સુજન સા૦;
સ્વરૂપથી દીસે સાવદ્ય નિરવદ્ય અનુબંધિરે સા૦,
વિધિયોગે હિંસા ખિંસા વિણું શિવ સંધિરે સા૦ ૩

પ્રભુ સમયમાં પૂજન દ્રવ્ય ભાવ ભેદે લહો સા૦,
જિન આણા ભોગે આગાર અણગારે તે નિરહ્યો સા૦;
સુખ દ્રવ્યથી સ્વર્ગ લહે અપવર્ગ તે ભાવથી સા૦,
ઈમ ફલ દો દાખ્યાં ભાખ્યાં સમયાનુ ભાવથી સા૦ ૪

અંગાદિક ત્રિવિધ અડવિધ અક્ષતાદિક ભેદ રે સા૦,
ઈમ સગ દસ ઈગવિશ કીજે પૂજા અખેદ રે સા૦;
જિનવર અનુરાગ રંગી સંગી કરી ચેતના સા૦,
શુભકરણી કીજે લીજે અનુભવ નિકેતના સા૦ ૫

ઈમ પૂજ્ય પૂજન પૂજક ત્રિકયોગ સંયોગ રે સા૦,
મિટે સેવકભાવ અતાદિનો પ્રગટે સંભોગ રે સા૦;
ઈમ વિનતિ પ્રકાશે અભ્યાસે સૌભાગ્યસૂરિ શિષ રે સા૦,
પ્રભુ સવિ દુખ ચૂરો પૂરો સયલ જગીશ રે સા૦ ૬

(૧૦૧)

ધણુરા ઢોલા (એ દેશી)

નેમિ નિરંજન સાહિબા રે,
નિરૂપાધિક ગુણખાણી...મનના માન્યા.
જન્મ થકી જેણે તજ્યા રે,
રાજ રાજીમતિરાણી...મનના માન્યા.

આવો આવો હો પ્રીતમ! વાતા કીજે
    પ્રિતમ લ્હાવો લીજે હો પ્રીતમ,
રસ પીજે હો પ્રીતમ,
    કીજે જનમ પ્રમાણ....૧
વિણ પરણ્યે પણ તાહરી રે,
    નારી કહે સહુ લોક....મનના માન્યા૦
સાચી હું છું પતિવ્રતા રે,
    ગાયે થોકે થોક....મનના માન્યા....૨
સમુદ્રવિજય શિવાદેવીનો રે,
    નંદન યદુકુળચંદ....મનના માન્યા....
શંખલંછન અંજનવાને રે,
    બાવીશમો જિનચંદ....મનના માન્યા....૩
સંબંધને સંકેતવા રે,
    આવી તોરણ બાર....મનના માન્યા....
ફિરી પાછા વ્રત આદર્યું રે,
    ચઢિયા ગઢ ગિરનાર...મનના માન્યા...૪
રાજુલ પણ પતિ અનુલહે રે,
    સંયમ કેવળ સાર....મનના માન્યા....
દંપતિ દોઉ એકણ મિલે રે,
    અખય પણે એકતાર....મનના માન્યા...૫
અષ્ટ ભવાંતર પ્રીતડી રે,
    પાળી પૂરણ પ્રેમ....મનના માન્યા....
ન્યાયસાગર સુખ સંપદા રે,
    પ્રગટે સકલ સુખખેમ..મનના માન્યા...૬

(૧૦૨)

( પદ્મપ્રભ જિન જઈ અવગા રહ્યા–એદેશી )

નેમિ જિણેસર નિજ કારજ કર્યો, છાંડયો સર્વ વિભાવોજી !
આતમ-શક્તિ સકળ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી.
નેમિ૦ ॥૧॥

રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી !
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સાધે આનંદ અનંતોજી–
નેમિ૦ ॥૨॥

ધર્મ-અધર્મ-આકાશ-અચેતના, તે વિજાતી અગ્રાહ્યોજી !
પુદ્‌ગળ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક વાહ્યોજી-
નેમિ૦ ॥૩॥

રાગી સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી !
નિરાગીથી રે રાગને જોડવો, લહીયે ભવનો પારોજી–
નેમિ૦ ॥૪॥

અપ્રશસ્તતારે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી,
સંવર વાધે રે સાથે નિર્જરા, આતમ-ભાવ પ્રકાશેજી.
નેમિ૦ ॥૫॥

નેમિ પ્રભુ ધ્યાને એકત્વતા, નિજ તત્ત્વે એકતાનોજી,
શુક્લધ્યાને સાધી સુ સિદ્ધતા, લહિયે મુક્તિ-નિદાનોજી.
નેમિ૦ ॥૬॥

અગમ અરૂપીરે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશોજી, !
દેવચંદ્ર જીનવરની સેવના, કરતાં વાધે જગીશોજી.
નેમિ૦ ॥૭॥

(૧૦૩)

( ઉંચી મેડી દીવા બળે રે—એ દેશી )

શિવાદેવી સુત સુંદરૂ વાહલો, નેમિજિંદણુ રાજ; રાજુલ
નારીનો સાહિબો૦
યદુવંશી શિર સેહરો, સમુદ્રવિજય કુલચંદ રાજ. રાજુલ
નારીનો સાહિબો ॥૧॥
મ્હોટે ઉત્સવે શ્રી કૃષ્ણજી, તેહનો વિવાહ કરવા રાજ રાજુલ૦
તેડી જોરાવરી આણીયા, ઉગ્રસેન પુત્રી વરવાય રાજ રાજુલ
નારીનો સાહિબો ॥૨॥
વિણુ પરણ્યે જે પાછા વળ્યા, તોરણથી રથ ફેરી રાજ રાજુલ૦
તે શું કારણ જાણીએ, પશુની વાત ઉદેરી રાજ રાજુલ
નારીનો સાહિબો ॥૩॥
હળધર કાન્હા આડા ફરી, બંધવ ઈમ નવિ કીજે રાજ રાજુલ૦
છોકરવાદ શાણા થઈ, કરતાં લજ્જા છીજે રાજ રાજુલ
નારીનો સાહિબો ॥૪॥
ઉભો ઉગ્રસેન વિનવે, વહેલા મહેલ પધારો રાજ રાજુલ૦
માન વધારો મ્હોટો કરો, અવગુણ કો ન વિચારો રાજ રાજુલ
નારીનો સાહિબો ॥૫॥
કોઇનું વચન ન માન્યું, દુલ્હન રોતી મૂકી રાજ રાજુલ૦
રૈવત ચઢી શિવને વર્યા, રાજુલ પણ નવિ ચૂકી રાજ રાજુલ
નારીનો સાહિબો ॥૬॥
હકડેહક હાણ ઇણે કરી, જે બીજે નવિ થાયે રાજ રાજુલ૦
શ્રી અખયચંદસૂરીશનો, ખુશાલ મુનિ ગુણ ગાયે રાજ રાજુલ
નારીનો સાહિબો ॥૭॥

(૧૦૪)

( દેશી-ભટીયાણીની )

વિનતડી અવધારો હોજી પધારો વહાલા નેમજી,
અરજ સુણો મુજ દેવ !
તુમે છો જગના તારૂં હો, ભવવારૂં મોહન માહરૂં,
અહનિશ કરસ્યાં સેવ. વિ૦ ॥૧॥
જાદવકુળના ધારી હો અધિકારી સુરત તાહરી,
સુરત મોહનવેલ !
દેખત દિલડું હરખે હો અતિ નિરખે વરસે મેહુલો,
અષાડો ગજગેલ- વિ૦ ॥૨॥
દીસો છો જગન્યારા હો દિલપ્યારા, વાચો નવિ રહો,
કિમ કરી દાખવું પ્રીત ?
જિમ જુઓ કેતકીવનમાં હો વળી દિલમેં મન તે,
ભમરજયું ઈમ અમ કુલવટ રીત. વિ૦ ૩
સમુદ્રવિજય સુત દાઢી શિવાનંદા હંદા સાહેબા-
નયણ સુધાં લોભાય.
તુમે મુજ અંતરજામી હો શિવગામી સ્વામી માહરા,
સુગુણ નિધિ કહેવાય વિ૦ ૪
પશુની કરૂણા પંખી હો ઉવેખી દેખી નવિ રહ્યા,
આણી હૃદય વિચાર-
મન માંચ્યા તિહાં રાચ્યા હો સવિ આશા મુજ;
મનમાં રહી, કુણ ઘર એહ આચાર-વિ૦ ૫
મેં જાણ્યુ તુમેં રાગી હો સોભાગી ત્યાગી પ્રેમના,
પુણ્ય તણા અંકુર.

મુજ મંદિરીયે આવો હો દિલ લાવો, નાવો કિમ નહિ,
જિનવરહિયે હજુર. વિ૦ ૬
દીજે સાહેબ, સેવા હો સુખમેવા દેવા હેજથી,
અષ્ટ કરમ મદ મોડ.
ચતુર વિજય ચિત્ત ધરવા હો, સુખ કરવા વરવા નેમને.
સુંદર બે કરજોડ ૭

(૧૦૫)

( રાગ : મુજ મંદિર આવો રે કહું એક વાતલડી )

નેમિનાથ જિન સેવો રે, સહુ એક ચિત્ત ધરી;
રાજીમતી રાણી રે, તોરણથી ત્યાગ કરી;
સંક્ષેપે સુણજો રે, પ્રમાદને દૂર કરી. નેમનાથજિન સેવો. ૧
અપરાજિત સેવી રે, શૌરીપુર વાસ કરે,
સમુદ્રવિજય ગેહ રે, શિવાદેવી કૂક્ષૌ ધરે,
નવ માસાંતરે જન્મ્યા રે, ઇંદ્રાદિ ઓચ્છવ કરે,
પર્વત મેરૂ ઉપર રે, અભિષેક ભાવે કરે. નેમ૦ ૨
અનુક્રમે જિનજી રે, તરુણવય પામ્યા વલી,
બોલાવવા ભામિની રે, સત્યભામા આદે મલી,
દેવરજી પરણો રે, કન્યા કોઈ પ્રેમ કરી,
આગ્રહથી પ્રભુજી રે, રહ્યા વ્રત મૌન ધરી. નેમ૦ ૩
માન્યું માન્યું સહુ કહે રે, નિશ્ચે નેમ પરણશે,
ઉગ્રસેન રાજા ઘેરે, કૃષ્ણ ગયા ધસનમસી,
રાજીમતી નેમનો રે, વિવાહ ઉત્સવ કરે,
શ્રાવણ સુદ છઠે રે, તોરણ પગલાં ધરે. નેમ૦ ૪

શબ્દ સુણી પશુનો રે, તોરણથી પાછા વળ્યા,
ઘેર આવીને આપ્યા રે, વરસીદાન ઉજ્જવલા,
લોકાંતીક દેવતા રે, આવી ત્યાં અરજ કરે,
રૈવતગિરિ ઉપર રે, સહસાવન દીક્ષા વરે. નેમ૦ ૫

પંચાવન દિવસે રે, ઘાતિ કર્મ દૂર કરી,
રૈવતગિરિ સાખે રે, કેવલ શ્રી ભાવે વરી,
રાજીમતી રાણી પણ રે, સુણી વાત જ્ઞાનતણી,
સંયમ રસ ભીની રે, દીક્ષા લેવા હોંશ ઘણી. નેમ૦ ૬

નૃપતિ કૃષ્ણ આવે રે, આડંબર વડે કરી,
સંજમપદ વરિયા રે, રાજીમતી ભાવે કરી,
અવિચળ પદ પામ્યા રે, ભઈ અવિચળ જોડી,
મુક્તિવિજય પસાયે રે, કમળ કહે કરજોડી. નેમ૦ ૭

(૧૦૬)

( સાહિબા રે માહરા રાજિંદ કબ ઘરિ આવે રે )
કાળીને પીળી વાદળી રાજિંદ ! વરસે મહેલા શર લાગ;
રાજુલ ભીંજે નેહલે રાજિંદ ! પીઉ ભીંજે વૈરાગ,
મારો પ્રિતમ ચિત્ત ચઢી આવે રે, મોઢે શું બોલિ.
સાહિબા.... ૧

જલધર પીઉને સંગમે રાજિંદ, વીજ ઝકોલા ખાય;
ઈણ રીત મારો સાહિબો રાજિંદ મુજને છોડી જાય,
સાહિબા.... ૨

મોહલ ચુવે નદિયાં વહે રાજિંદ, મોર કરે કલલાટ;
ભર પાઉસમા પદમિની રાજિંદ, જોવે જોવે પિઉની વાટ.
સાહિબા.... ૩

અવગુણ વિણુ નાહે કર્યો રા૦ અબલા માથે રોષ;
તોરણથી પાછા વળ્યા રા૦ પશુઆ ચઢાવી દોષ
સાહિબા.... ૪

મૂળ થકી જો જાણતી રા૦ પિઉ લૂખો મન માંહિ;
લાજ તજીને રાખતી રા૦ પ્રીતમનો કર સાંહી
સાહિબા.... ૫

નાહ સલુણો ભોળવ્યો રા૦ મુક્તિ ધૂતારી નાર;
ફીરી પાછો જોવે નહી રા૦ મૂકી મુજને વિસાર.
સાહિબા રે.... ૬

રાજુલ રાતી પ્રેમશું રા૦ પોહતી ગઢ ગિરનાર;
સંયમ લેઈ મુગતે ગઈ રા૦ કાંતિ નમે વારંવાર
સાહિબા.... ૭

(૧૦૭)

( રાગ : આસો માસે તે ઓળી આદરી રે લોલ )

સખી શ્રાવણની છઠ્ઠ ઉજલી રે લોલ,
ભલી વીજળીનો ઝબકાર રે;
એણી વેલા પીયુજી રહ્યા રે લોલ,
રાણી રાજુલને દરબાર રે.
પિયુજી વસે કૈલાસમાં રે લોલ. ૧

પાછા તોરણથી આવી વલ્યા રે લોલ,
કરી અમને તે કંત વિયોગી રે;
કંસાર મુજ ચાખ્યા વિના રે લોલ,
વાલ્હો હુઓ છે ભિક્ષા ભોગી રે. પિયુજી૦ ૨

રૂડી શ્યામ ધરા ગગને રહી રે લોલ,
વ્હાલો શામલ સુંદર વાને રે;
સહસાવને સમતા ધરી રે લોલ,
રહ્યા મૌન તે ઉજ્વલ ધ્યાને રે. પિયુજી૦ ૩

કોઈ દોષ વિના દયિતા તજી રે લોલ,
મને મેલી છે બાળે વેશ રે;
યૌવન વયમાં એકલી રે લોલ,
તજી પિયુજી ચાલ્યા પરદેશ રે. પિયુજી૦ ૪

સહુ યાદવ સાખે નવિ દીઓ રે લોલ,
જો હાથની ઉપર હાથ રે;
હાથ મેલવીશ મસ્તકે રે લોલ,
દેવદેવી સાખે જગનાથ રે. પિયુજી૦ ૫

ઈમ રાજુલ રાગ વિરાગસે રે લોલ,
નેમ નામનો મંત્ર જપાય રે;
કાલાંતરે પ્રભુ કેવલી રે લોલ,
સુણી રાજુલ વંદન જાય રે. પિયુજી૦ ૬

ચરણ ધરે નવ ભવ સુણી રે લોલ,
શિવ પહોંતા સલુણી નાહ રે;

ગોત્ર વિનાશે ઉપન્યો રે લોલ,
ગુણ અગુરૂલઘુ અવગાહ રે. પિયુજી૦ ૭
સિદ્ધ સાહિ અનંત ભંગશું રે લોલ,
રંગ રીઝે બની ખરી પ્રીત રે;
શ્રી શુભવીર વિનોદશ્યું રે લોલ,
નિત્ય આવે છે ક્ષણ ક્ષણ ચિત્ત રે. પિયુજી૦ ૮

(૧૦૮)

નેમિ જિણંદ જુહારીએ, ઉજ્જવલ ગઢ ગિરનારોજી;
બળવંત જિન બાવીશમો, ભલે ભેટયા ભગવંતોજી.
નેમિ જિણંદ જુહારીએ ૧

શામલ વરણ સોહામણો, મુખ સોહે પુનમચંદોજી;
યાદવવંશી જગ જયો, જેહને સેવે સુરનર ઈંદોજી.
નેમિ જિણંદ જુહારીએ ૨

પશુઆ દેખી પાછા વળ્યા, દિલદયા બહુ આણીજી;
કાલ વિષય કંપી કરી, તજી રાજીમતી રાણીજી.
નેમિ જિણંદ જુહારીએ ૩

સમુદ્ર વિજય સુત સુખકરૂ, માતા શિવાદેવી મલ્હારોજી;
દાન સંવત્સરી દેઈ કરી, પહોંચ્યા ગઢ ગિરનારોજી.
નેમિ જિણંદ જુહારીએ ૪

ચોપન દિન ચિત્ત ચિંતેરે, પ્રભુ મૌનપણે તપ કીધોજી;
કર્મ ખપાવી કેવલ લહી, જગમાં બહુ જસ લીધોજી.
નેમિ જિણંદ જુહારીએ ૫

સમોવસરણ સુરપતિ રચ્યો, આણી મન આણંદોજી;
ત્રિગડે તેજે ઝગમગે રે, તિહાં, નાટક નવ નવ છંદોજી.
નેમિ જિણંદ જુહારીએ ૬
જોજન ભુમિ જગગુરૂ રે, ઉચરે અમૃત વાણીજી;
ભવોદધિ શોષણ ભયહરૂ રે, જેહના ગુણ ગાવે ઈંદ્રાણીજી.
નેમિ જિણંદ જુહારીએ ૭
એમ મહી મંડલ વિચરતા, અનેક જીવ ઉધર્યાંજી;
પહોચ્યાં બહુ પરિવારશું રે, મુક્તિ મહેલ પધાર્યાજી.
નેમિ જિણંદ જુહારીએ ૮
વિઘ્ન હરણ નિત્ય વંદીએ, રાણી રાજીમતી ભરતારોજી;
દુઃખ દારિદ્ર દુરે હરે, ઉતારે ભવ પારોજી.
નેમિ જિણંદ જુહારીએ ૯
સંવત અગિયારોત્તરે રે, આસો બીજ અજુવાલીજી;
કહે જિનદાસ યાત્રા કરી, નેમ હસી દિયો તાલીજી.
નેમિ જિણંદ જુહારીએ ૧૦

## શ્રી નેમિનાથજીની લાવણી ચોક પહેલો

શ્રી નેમિ નિરંજન બાલપણે બ્રહ્મચારી ।।
પ્રભુ મુખ પુનમકો ચંદ અતુલ બલધારી ।।એ આંકણી
લિયે બરાબરી કે મિત્ર અતિ સુરસાલા, રસ રંગે આવે જદુપતિ આયુધ શાલા; કહે મિત્ર સુણો પ્રભુ એ હૈ શંખ ઉદારા, નહિ ગિરધર પાખે ઓર બજાવનહારા, કરકમલે લેકર શંખ બજાઓ ભારી પ્રભુ૦ (૧)
સુણી શંખ શબ્દકી ધુનિ અતિ વિકરાલ, ખલભલિયા શેષને ફણી સપ્ત પાતાલ. ચિત ચમકા મનમેં ભવનપતિકા

ઈશ, થરહર થરકયા ત્યાં વ્યંતર પતિ બત્રીશ, મૂકી નિજઠામ ને નાસંતી સુરનારી પ્રભુ૦ (૨)

સાગર ગડગડયાં ગિરિવર ને ડુંગર ડોલ્યા મોટા ત્રોડી બંધનને નાઠા ગજરથ ઘોડા; ઉછલિયા સાયર નીર ચડયા કલ્લોલે, ભાંગી તરૂવરની ડાલ થયા ડમ ડોલે. ત્રુટયાં વર મોતિહાર ઝબુકી નારી ।। પ્રભુ૦ (૩)

શશી સુરજ તારા વૈમાનિકના સ્વામી, સહુ કરે પ્રશંસા અહો પ્રભુ અંતર જામી; પ્રભુ ચક્ર ફેરવી કિયો ધનુષ ટંકારે, ગિરધરની ગદા લેઈ કરમાં નેમ ફેરે ભંકારે ।। કહે માણેક મુનિવર ચિંતા ભઈ મૂરારી પ્રભુ૦ (૪)

## ચોક બીજો

ગુણવંતા શ્રી જિનરાય સભાયેં આવે, પ્રણામ કરી હરિ હેત ધરી બોલાવે; મન મોહન પ્રાણુ આધાર દરસન મુજ દીજે, હો બંધવ આપણુ બલની પરીક્ષા કીજેં, તુમેં વાળો અમચો હાથ, વદે ગોપાલા, પ્રભુ હરિનો વાળે હાથ કમળ જયું નાળા, શ્રી નેમતણું બલ દેખી અચરિજ પાવે પ્રણામ૦ ૧

પ્રભુ લંબાવે નિજ હાથ સકલ ગુણ ખાણી; તિહાં કરે ખરાખર જોર તે સારંગપાણી; ન નમે તલમાત્ર લગાર ટિકાયો ભારી, જાણે હિંડોળે હિંચતો હોય ગિરધારી, દેખી બલ અદભુત તેજ ચમકયો આવે પ્રણામ૦ ૨

હરિ બોલે મધુરી વાણી, ભય મન આણી, ભાંખે હલધરને એમ નેમ બલ જાણી; હો બાંધવ મહારા નેમ શક્તિ અતિ

મોટી, મેં દીઠી નજર હજૂર વાત નહિ ખોટી, એ રાજતણાં તે કાજમેં બલ કહાવે પ્રણામ૦ ૩
એ મહાબલિયો બલવંત છે બાલે વેશે મુજ રાજ ઊલાળી એક પલકમેં લેશે, ઈમ કરતો મન આલોચ મહીનો હાણી, ઇણે અવસર બોલે દેવ ગગનમેં વાણી, કહે માણેક પ્રભુ સંયમ લેશે ભાવે પ્રણામ૦ ૪

## ચોક ત્રીજો

હરખ્યો હરિ નિજ ચિત્ત સભામાં આવે, કહે રૂકમણીને નેમ વિવાહ મનાવે એ આંકણી. અતિ સુંદર બાળા ભરજોબન મદમાતી, દીપે શશીવયણી સહસ બત્રીસ સોહાતી, જીનજીનો ઝાલી હાથ હરિજી લાવે, નિજમંદિર સુંદર અંતેઉરમેં આવે; બોલે પટરાણી આઠ દેવરને ભાવે કહે૦ (૧)
કોઈ છાંટે અબિર ગુલાલ કેસરનાં પાણી, કોઈ ઘાલે ગલામાં હાર પુષ્પના આણી, રાધાને રૂકમણી બોલે મધુરી વાણી, ઓ દેવર! મહારા પરણીજે એક નારી, જીમ જાદવકુલ શણગાર સમાન સોહાવે. કહે૦ (૨)
મુખ મચકોડીને પ્રભુનો પાલવ ઝાલે, શામળિયા સુંદરી એક વિના કિમ ચાલે, બહુ મલી કૃષ્ણની નાર વરણુવી કેતી. ન કરોજી બાલક બુદ્ધ ઓલંભા દેતી; વનિતાનાં સુણી વચન મુખ મલકાવે. કહે૦ (૩)
બાળા સહુ બોલી મુખમલપંતુ જાણી, માન્યોજી માન્યો નેમ પરણશે રાણી, શ્રી સમુદ્રવિજયને કૃષ્ણજી એમ

કહેતાં, સહુ કરે વિવાહની વાત આપણુ નથી લેતા, કહે માણેક પ્રભુને પદમણી પરણાવે કહે૦ (૪)

## ચોક ચોથો

મલ્યો જાદવ કેરો વૃંદ છપન કુલ કોડે, પ્રભુ કરી શણુગાર ને નેમ ચડયા વરઘોડે; એ આંકણી તિહાં ભેરી ન ફેરીપંચ શબ્દવજડાવે, મિલી બાલા કોકિલ કંઠ મંગલ ગાવે; કોઇ હાથી ઘોડે બેઠા રથ સુખ પાલે, પાયક અડતાલીશ કરોડ તે આગલ ચાલે; મલ્યા દશે દસાર હલધર હરિજી જોડે, પ્રભુ હરિ શણુગારને નેમ ચડયા વરઘોડે પ્રભુ૦ (૧)

વાજે તંબાલુ જરી ફરકે નીશાન, બહુ સાજન મહાજન જોર ચલાવે જાન, એમ કરતાં પ્રભુજી ઉગ્રસેન ઘેર આવે, દેખી મુખ નાથનું રાજુલ મન સુખ પાયે, તબ કરતે પશુઆ પોકાર લાખો કરોડે પ્રભુ૦ (૨)

છોડીને પશુનો વૃંદ રથડો વાલે ઘર આવી પ્રભુજી દાન સંવત્સરી આલે; સુણી વાતને રાજુલ મૂર્છા ધરણી ઢળતી, હે નાથ! શું કીધું કોડી વિલાપો કરતી; લઈ સંયમ દંપતી કરમ કઠિનને તોડે પ્રભુ૦ (૩)

અબ ઉપજી કેવળજ્ઞાન મૃગગતિમાં જાવે, પ્રભુ સિદ્ધ બુદ્ધ અજરામર પદવી પાવે; ગુરૂ રૂપ કીરતિ ગુણ ગાતે રંગ સવાયા, મેસાણે રહી ચૌમાસ શ્રી જિન ગુણ ગાયા મુનિ માણુક લાવણી ગાવે જાનને કોડે પ્રભુ૦ (૪)

